# માણ્ડૂક્ય ઉપનિષદ

## ધ્યાન પ્રક્રિયા અને પ્રણવ

ૐ


રજુઆતઃ

*મહેન્દ્ર નાયક*



અક્ષરનાદ

AksharNaad.com

# અનુક્રમણિકા

પ્રસ્તાવના ....................................................................................................2

શાંતિપાઠ અને ઉપનિષદ ની ઋચાઓ ....................................................................................................4

ઋચાઓ ૧ - ૩ ....................................................................................................4

ઋચાઓ ૪ - ૬ ....................................................................................................5

ઋચાઓ ૭ - ૯ ....................................................................................................6

ઋચાઓ ૧૦ - ૧૨ ....................................................................................................6

૧. પ્રણવ અથવા ૐકાર ....................................................................................................8

૨. આત્મા અને પરમાત્મા....................................................................................................17

૩. વૈશ્વાનર....................................................................................................28

૪. સ્વપ્ન અને સુષુપ્તિનું રહસ્ય ....................................................................................................38

૫. ચેતના અને સુષુપ્તિ ....................................................................................................48

૬. ઈશ્વર....................................................................................................52

૭. અસ્તિત્વને પેલે પાર (અતિક્રમી ગએલું અસ્તિત્વ)....................................................................................................56

૮. પ્રણવ સ્વરૂપે આત્મા....................................................................................................64

# પ્રસ્તાવના

માણ્ડૂક્ય ઉપનિષદ નો સૂર મુખ્યત્વે ગૂઢ અને પવિત્ર એવા ૐકાર અંગેની પૂર્ણ જાણકારી આપવાનો જ રહ્યો છે, જેથી એ જાણકારી મેળવીને સાધક પોતાના મનને યોગ્ય રીતે કેળવે અને તદ્‌ઉપરાંત ધ્યાન ધરી ને, પોતાના આત્મા ને પરમ વાસ્તવિક્તા સાથે એકરૂપ કરી શકે.

ધ્યાન અંગેની આવી વિદ્યાનું વિસ્તૃત વર્ણન અહીં વૈશ્વાનર વિદ્યા તરીકે ઓળખાતી પ્રક્રિયા દ્વારા દર્શાવાયું છે. એ 'વિશ્વાત્મા કે પરમાત્મા' વિશે ના જ્ઞાન નું જ રહસ્ય છે, જેને વૈશ્વાનર તરીકે ઓળખાવાયો છે.

આ એક એવી સરળ અને સહજ ક્રિયા છે જે દ્વારા સાધકના અંગો તેમ જ દિવ્ય અસ્તિત્વ ના ગુણો તથા અંગોને એકબીજા જોડે સરખાવવામાં આવ્યા છે. આવા ધ્યાન દરમ્યાન સાધક સંપૂર્ણ બ્રહ્માંડને પોતાના જ શરીર સાથે સરખાવે છે અને એવી જ ધારણા પણ કરે છે. જેમ કે કોઈ જ્યારે પોતાના શરીરના અંગો વિશે ધારણા કરે છે ત્યારે એ પોતાની જમણી આંખ, ડાબી આંખ, જમણો હાથ, ડાબો હાથ, જમણો પગ, ડાબો પગ, શિષ, હૃદય, પેટ ઈ. શરીરના બધા જ અંગો વિશે એક સાથે સભાન બને છે, પરંતુ એ તેમને સ્વયંથી જરાએ અલગ હોય એવું નથી ગણતો. તેને માટે એ બધા નામો જુદા જરૂર છે પરંતુ તે બધા જ એના પોતાના વ્યક્તિગત અભિન્ન અંગો છે. એ જ રીતે આવા ધ્યાનમાં ચેતનાને સાધકે પરમાત્મામાં એના આનુસાંગીક અંગો વડે આરોપવાની છે.

સાધકે પોતાના વ્યક્તિગત અંગો પર ધ્યાને ધરવાને બદલે, એણે હવે વૈશ્વાનરના અંગોનું ધ્યાન ધરવાનું છે. જમણી આંખને બદલે સૂર્ય, ડાબી આંખને બદલે ચંદ્ર, પગને બદલે પૃથ્વી, શિષને બદલે સ્વર્ગ ઈ. વૈશ્વાનરના અંગોની ઓળખ વિવિધ બ્રહ્મના તત્ત્વો તેમજ આનુસાંગીક માનવ અંગો સાથે કરવાની છે, જેથી બ્રહ્માંડનું એવું કોઈ પણ તત્ત્વ બાકી ન રહે જે વૈશ્વાનર કે વિરાટનું  અંગ ન હોય. સાધક આ રીતે જ્યારે આ બધા અંગોનું ધ્યાન ધરે છે, ત્યારે તેમની સાથે જ પોતાના બધા અંગોને પણ જે તે સ્થાને ગોઠવતો જાય છે. જ્યારે સૂર્યની ધારણા કરે ત્યારે પોતાની જમણી આંખને ત્યાં મૂકે, જ્યારે આકાશની ધારણા કરે ત્યારે ત્યાં પોતાના શિષને મૂકે, જ્યારે એ વિવિધ જીવોને ફરતા દેખે છે ત્યાં એને પોતાના જ વિવિધ કોષો દેખાવા લાગે છે. ચારે તરફ ફૂંકાતો પવન એનો પોતાનો શ્વાસ બની જાય છે. તેની બધી જ ક્રિયાઓ બ્રહ્મની ક્રિયાઓ બની જાય છે. આસપાસ થતી બધી ગતિવિધિ પોતાને કારણે જ થઈ રહી છે એવું એને લાગે છે. એનો શ્વાસ એ બ્રહ્મની શક્તિ જ બની જાય છે, એની બુદ્ધિ એ બ્રહ્મ બુદ્ધિ  બને છે, એનું અસ્તિત્વ એ બ્રહ્મનું અસ્તિત્વ બને છે અને એનું સુખ એ બ્રહ્મનો આનંદ બની જાય છે.

આમ તો માણ્ડૂક્ય ઉપનિષદમાં વૈશ્વાનરના અંગોની માટે કેટલાક ચિહ્ન સૂચવવામાં આવ્યા છે, પરંતુ વાસ્તવમાં સાધક વૈશ્વાનરની એવી ઓળખ માટે પોતાના કોઈ પણ ચિહ્ન અપનાવી શકે છે. આ સૃષ્ટિ કાંઈ કેવળ ઉપનિષદે સૂચવેલ ચિહ્ન પર આધારિત કે મર્યાદિત નથી. સાધક જ્યારે ધ્યાન ધરે ત્યારે અન્ય ઘણાં સૃષ્ટિ તત્ત્વો એની ધારણામાં આવે એવી શક્યતા છે જ. માટે સાધક જ્યારે પણ ધ્યાન ધરવા લાગે ત્યારે એને જે પણ અંગો સૂઝતા હોય તેમને એ અવશ્ય વાપરી શકે છે. એ સ્વાભાવિક જ છે કે સાધક જ્યારે ધ્યાન માટે બેઠો હોય ત્યારે એનું લક્ષ્ય સૌ પ્રથમ એની આસપાસની વસ્તુઓ પર જ જાય અને તે તેમને પોતાના અંગો સાથે જોડવા લાગે. ધીરેધીરે એ આગળ વધીને દૂરના પદાર્થને પણ સાંકળવા લાગે. અને એ રીતે સાધક પોતાની ચેતનાને વિસ્તૃત કરતાં કરતાં અને એથી પણ આગળ વધી સમગ્ર પૃથ્વી પરના, પૃથ્વી બહારના, સૂર્ય મંડળ સુધીના અને તેથી પણ દૂરદૂર સુધીનાપદાર્થ– જ્યાં પણ એનું મન એને દોરી જાય તે પ્રદેશના પદાર્થને પોતાના ધ્યાનમાં  આવરી લે છે. તે અંગો સાધકના શરીરના અંગો તેમજ સમષ્ટિના તત્ત્વોને પણ દર્શાવનારા બને છે. જે ક્ષણ થીસાધકનું મન એ પદાર્થને સમષ્ટિના તત્ત્વો સાથે ઓળખવા લાગે ત્યારથી તે સાધકને વિચલિત કરવાનું છોડી દે છે, કારણ એ પદાર્થ હવે એને માટે પરાયો રહ્યો જ નથી, એ પોતાના જ શરીરનું અંગ બની ગયો છે, અને એને એ ફરી કદી કનડતો નથી. એ હવે કોઈ વિષય-વસ્તુ ન

રહેતાં સ્વયં જ વિષય બની જાય છે. આ રીતે વૈશ્વાનર ધ્યાન ક્રિયામાં કોઈ પણ પદાર્થ (વિષય-વસ્તુ) બ્રહ્મ ચેતનામાં જ રૂપાંતરિત થઈ જાય છે.

આ વિદ્યાનું મૂળ તો ઋગવેદની એક ખૂબ જ જાણીતી એવી સૂક્તિ માં રહેલું છે જે 'પુરુષ સૂક્ત' ને નામે ઓળખાય છે. ઋગવેદના આ 'પુરુષ સૂક્ત' ની શરૂઆતમાં જ કહેવામાં આવે છે કે, આ જગતના બધા જ શિષ, બધી જ આંખો, બધા જ પગ, જેમને આપણે જોઈએ છીએ તે સઘળાં વિરાટ પુરુષ કે બ્રહ્મ-જીવાત્મા ના જ શિષ, આંખો અને પગ છે, એ વિરાટ પોતાનું એક શિષ મૌન રહીને હલાવે છે; તો એનું અન્ય શિષ હસતું હોય છે; ત્રીજા વડે એ ક્રોધ દર્શાવે છે; એક રૂપમાં એ બેઠેલો હોય છે; તો અન્ય રૂપમાં એ ગતિ કરે છે; એક રૂપમાં એ નજીક હોય છે; તો અન્ય રૂપમાં એ દૂર હોય છે. આ રીતે બધા જ રૂપ, જેવા હોય તેવા, બધી જ ગતિ અને કાર્ય, પ્રક્રિયા ઓ અને સંબંધો, એ બ્રહ્મ-શરીરના જ અંશ હોય છે, જેના વડે ચેતનાની સમગ્ર રીતે ઓળખ કરવી જોઈએ. તમે જ્યારે પણ વિચારો તો બધા જ પદાર્થને સમગ્ર પણે જ વિચારો, બધી જ દિશા ઓ અને બધી જ રીતીઓએના વડે જ વિચારો.

આ વિદ્યાનું સમાપન કરતાં છાંદોગ્ય ઉપનિષદમાં જણાવાયું છે કે જે કોઈ સાધક જ્યારે આ રીતે સ્વયં ને વૈશ્વાનર રૂપે વિશ્વ વ્યક્તિત્વ ધરાવનાર તરીકે ધ્યાન ધરે છે ત્યારે તે પોતે જ બધા જીવોના આધાર નો સ્રોત બને છે. જે રીતે બાળકો ભૂખા થાય ત્યારે પોતાની માં ને વીંટળાઇ વળે છે અને અન્ન ની માંગણી કરે છે, તેવી જ રીતે સૃષ્ટિના બધા જીવ આ વ્યક્તિને ઘેરી વળશે અને તેના આશીષની યાચના કરશે; જે રીતે આરોગેલું અન્ન શરીરના બધા જ અંગોનું તત્કાલ પોષણ કરે છે, તે રીતે જ આ સાધક જે અન્ન આરોગે તેને એ તત્કાલ પોતાની શુભ કામના ઓસ્વરૂપે સમગ્ર સમષ્ટિના પદાર્થને આશિષ રૂપે પહોંચાડે છે, કારણ એનો આત્મા સમગ્ર પણે બધાનો જ આત્મા બની ચૂક્યો હોય છે.

અહીં ચાલો આપણે પેલી જાણીતી કથાને યાદ કરીએ, જેમાં પાંડવો જ્યારે કામાખ્યા વનમાં હતા ત્યારે દુર્વાસાને કારણે મુસીબત માં પડેલી દ્રૌપદી ની પ્રાર્થના સાંભળીને શ્રી કૃષ્ણ ત્યાં દોડી આવ્યા અને દ્રૌપદી નીહાંડી માં રહી ગએલો અન્ન નો એક દાણો આરોગ્યો અને આખા વિશ્વએ તૃપ્તિ અનુભવી, કારણ ત્યારે કૃષ્ણ ત્યાં વિરાટ સ્વરૂપે પ્રગટ્યા હતા. આવું જ પેલા સાધક સાથે થવાનું જ્યારે એ સ્વયં ને વિરાટ સ્વરૂપે ધારે છે અને વિરાટનું રૂપ અખત્યાર કરી લે છે, ત્યારે સમગ્ર સમષ્ટિ એની સાથે મિત્ર ભાવ કેળવે છે; સમગ્ર અસ્તિત્વ એના જ આશીર્વાદ અને આધાર ની અપેક્ષા રાખે છે. આવો સાધક સામાન્ય માનવી રહેતો નથી, એ સ્વયં અચૂક ઈશ્વર જ બની જાય છે. આ રીતે વૈશ્વાનર નું ધ્યાન ધરનાર સ્વયં પરમ વિરાટ, વૈશ્વાનર જ બની જાય છે.

## અથ ૐ

# શાંતિપાઠ અને ઉપનિષદ ની ઋચાઓ

**शांतीपाठ**

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवाः भद्रंपश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः।
स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्तिनस्ताक्ष्र्योऽरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ।

ॐ शांतिः । शांतिः ।शांतिः ॥

**શાંતિપાઠ**

અમે કાનથી મંગલ સુણિયે, આંખે જોઈએ મંગલ,
પૂજન કરતાં પરમેશ્વર નું અમે કામ કરિયે મંગલ;
સુદૃઢ કાયા થકીઆયુ ને ભોગવિયે પ્રભુને માટે,
સુદૃઢ અંગ હરેક કરીને વાપરિયે પ્રભુનેકાજે.
જેનો યશ સઘળે છે વ્યાપ્યો એવા ઈન્દ્ર વળી પૂષા,
અનિષ્ટ હર્તાગરૂડસર્વે પ્રભુ નાંદૈવી રૂપ સમા,
તે કલ્યાણ અમારું કરજો, એજ એક ઈચ્છા અમને,
કૃપાતેમની પામી મન આ પરમેશ્વરને માર્ગે વળે.
ૐ શાંતિઃ । શાંતિઃ । શાંતિઃ

**ઋચાઓ ૧ - ૩**

**ૐકાર વિશે**

ॐ इत्येतदक्षरमिदँ सर्वंतस्योपव्याख्यानं
भूतं भवद् भविष्यदिति सर्वमोङ्कार एव
यच्चान्यत्त्रिकालातीतं तदप्योङ्कार एव ॥१॥

ૐ અવિનાશી પરમાત્માછે, જગ તેનો મહિમા ગાયે,
જગત થયું જે થઈ રહ્યું ને થશે સર્વ પરમાત્મા તે;
વળીભૂત ને વર્તમાન ને ભવિષ્યથી જે બ્હાર રહે,
તત્ત્વ તેય પરમાત્મા પોતે, તે સર્વેૐકાર ખરે. ॥૧॥

*

सर्वं ह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात्॥२॥

જગત સર્વ છે બ્રહ્મ, અને આ આત્મા યે પરમાત્મા છે;
પરમાત્માના ચારચરણની કલ્પના કરી વિદ્વાને. ॥૨॥

*

**પ્રથમ ચરણ (પાદ)**

जागरितस्थानो बहिष्प्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः
स्थूल भुग्वैश्वानरःप्रथमः पादः ॥३॥

દૃશ્ય જગત આ શરીર જેનું, જેનું જ્ઞાન બધે વ્યાપ્યું,
સાત લોક છેજેનાં અંગો, જગનો ભોક્તા જે જાણું,
ઓગણીસ જેનાં છે મુખ, ને જેણે જગ ધાર્યુંસારૂં,
તે પરમાત્મા પ્રથમ પાદ છે, વિદ્વાને એવું જાણ્યું. ॥૩॥
(જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય દસ ને પ્રાણ પાંચ છે દેહ મહીં,અંતઃકરણ ચાર છે, એસૌ ઓગણીસ મુખ સર્વ મળી.)

**ઋચાઓ ૪ - ૬**

**બીજો પ્રકાર**

स्वप्नस्थानोऽन्तः प्रज्ञाः सप्ताङ्गएकोनविंशतिमुखः
प्रविविक्तभुक्तैजसो द्वितीयः पादः ॥४॥

સૂક્ષ્મ જગે જે રહે, જ્ઞાન છે જેનું સૂક્ષ્મ જગે વ્યાપ્યું,
સાત લોકછે જેનાં અંગો, ઓગણીસ મુખને જાણું,
સૂક્ષ્મ જગતનો તે ભોક્તા ને પ્રકાશનો સ્વામીએવો,
પરમાત્મા છે, તેને બીજા પ્રકારનો ઈશ્વર કે'વો. ॥૪॥

*

**ત્રીજોપ્રકાર**

यत्र सुप्तो न कञ्चन कामं कामयतेन कञ्चन स्वप्नंपश्यति तत् सुषुप्तम् ।
सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघनएवानन्दमयोह्यानन्दभुक् चेतो मुखः प्राज्ञस्तृतीयः पादः ॥५॥

જેમાં સુતેલ જન ના કોઈ કામના કરે, સ્વપ્ન જુએ,
તેને કહી સુષુપ્તિ અવસ્થા અથવા પ્રલય દશા તે છે;
તે છે જેનુંશરીર, જે છે એકરૂપ વિજ્ઞાન વળી,
પ્રકાશ જેનું મુખ છે, તે પ્રભુ માને લો છેપ્રાજ્ઞ કહી. ॥૫॥

*

एष सर्वेश्वरः एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः
सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् ॥६॥

આત્રણ રૂપો ઈશ્વરનાં છે, સર્વતણો તે ઈશ્વર છે,
સર્વજ્ઞ વળી અંતર્યામી, જગનું કારણઈશ્વર છે;
સર્વ જીવ જન્મે ને જીવે લય પાછા તેમાં પામે,
ભિન્ન ભિન્ન છે નામો, તે તો એક જ ઈશ્વર છે સાચે. ॥૬॥

## ઋચાઓ ૭ - ૯

## ચોથો પ્રકાર

नान्तःप्रज्ञं न बहिष्प्रज्ञंनोभयतःप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञम् ।
अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणं अचिन्त्यमव्यपदेश्यमेकात्म
प्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तंशिवमद्वैतं
चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ॥७॥

જેને જ્ઞાન બહારનું ન કેઅંદરનું પણ જ્ઞાન નહીં,
જે ના જ્ઞાનસ્વરૂપ, નહીં જે જ્ઞાતા અ-જ્ઞાતા યનહીં;
જે દેખાય નહીં, ન જણાયે, ગ્રહણ થાય ના સમજાયે,
જેમાં કૈંય પ્રપંચ છેનહીં, મંગલ શાંત હમેશાં જે;
નિરાકાર તે રૂપ ગણાયે પરમાત્માનું ચોથું રૂપ,
તેછે પરમાત્મા વાસ્તવમાં, જાણી લેવું તે જ સ્વરૂપ. ॥૭॥

*

## ૐકાર અનેપરમાત્માની એકતા

सोऽयमात्माध्यक्षरमोङ्करोऽधिमात्रं पादा मात्रा
मात्राश्च पादा अकार उकारो मकार इति ॥८॥

પ્રભુનાં આ ત્રણ રૂપ કહ્યાં તે સમાયલાં ૐકાર મહીં,
ત્રણ માત્રા ૐકારતણી તે વાચક છે આ રૂપતણી. ॥૮॥

*

जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमामात्राऽऽप्तेरादिमत्त्वाद्
वाऽऽप्नोति ह वै सर्वान् कामानादिश्च भवति य एवं वेद॥९॥

પહેલી માત્રા અ કાર છે તે વ્યાપ્ત બધા શબ્દોમાં છે,
આદિ છે વળી, તેથીતે છે પ્રથમ રૂપ પ્રભુનું સાચે.
આવી રીતે જાણી લે તે ભોગ બધાયે પ્રાપ્તકરે,
થઈ જાય છે શ્રેષ્ઠ જગતમાં ઉપાસના જે આમ કરે. ॥૯॥

## ઋચાઓ ૧૦ - ૧૨

स्वप्नस्थानस्तैजस उकारो द्वितीया मात्रोत्कर्षात्
उभयत्वाद्वोत्कर्षति ह वैज्ञानसन्ततिं समानश्च भवति
नास्याब्रह्मवित्कुले भवति य एवं वेद॥१०॥

બીજી માત્રા ઉકાર છે તે અકારથી છે શ્રેષ્ઠખરે,
'અ અને મ'ની વચ્ચે તેથી બંને વચ્ચે મેળ કરે;
તેને તૈજસ નામે પ્રભુનુંસ્વરૂપ બીજું જે જાણે,
તે જ્ઞાનીના કુલમાં પ્રભુને જાણનાર પુત્રો પાકે.॥૧૦॥

*

सुषुप्तस्थानः प्राज्ञो मकारस्तृतीया मात्रा मितेरपीतेर्वा
मिनोतिह वा इदं सर्वमपीतिश्च भवति य एवं वेद ॥११॥

મકાર પૂરો કરે પહેલા બે અક્ષરનો ભાવખરે,
તેમાં બને અક્ષર મળતાં, સુષુપ્તિ જેમ વિલીન બને;
તેથી તો છે પરમાત્માનુંત્રીજું રૂપ કહ્યું તેને,
તેને જે જાણી લે સઘળે પરમાત્માને તે દેખે.॥૧૧॥

**ચતુર્થ**

अमात्रश्चतुर्थोऽव्यवहार्यःप्रपञ्चोपशमः शिवोऽद्वैत
एवमोङ्कार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद॥१२॥

માત્રા જે ૐકાર મહીં ના, જે અતીત પર પંચ થકી,
અનન્ય છે ને શિવ રૂપીતે, મન વાણીનો વિષય નહીં;
તે ચતુર્થ પદ પરમાત્માનું એવી રીતે જે જાણે,
તેઆત્માને પરમાત્મામાં એક કરીને સુખ પામે. ॥૧૨॥

*

**॥ इतिमाण्डुक्योपनिषत् ॥**

॥ iti mandukyopanishat samapta ॥

# *અથર્વવેદીય માણ્ડૂક્યોપનિષદ સમાપ્ત*

**નોંધ:** ઋચાઓનો ગુજરાતી કાવ્યાનુવાદ શ્રી યોગેશ્વરજી ના પુસ્તકમાંથી સ્વર્ગારોહણ સંસ્થા, અંબાજી ની અનુમતિથી લેવામાં આવ્યો છે જે બદ્દલ હું એમનો આભારી છું.

# ૧. પ્રણવ અથવા ૐકાર

વેદના એક અંગ સમી સંહિતા માં ઉપનિષદ અર્થાત્ વેદાંતના વિષય ની ઓળખ કરાવવા માં આવી હોય છે. ઉપનિષદ એટલે એવું ગૂઢ જ્ઞાન જે વિશ્વ બહારનું છે, જેમાં પ્રકૃતિની વાસ્તવિક્તા અંગેના રહસ્યનું ઉદઘાટન કરતો, આપણા પૌરાણિક મહાન ઋષિ-મુનિ નાકાર્યનો નિચોડ આપવામાં આવ્યો છે. આવી સઘળી ઉપનિષદ માંથી સૌથી અગત્યની કોઈ ઉપનિષદ હોય તો તે માણ્ડૂક્ય ઉપનિષદ છે અને એને વિષે યોગ્ય જ કહેવાયું છે કે:

माण्डूक्यम् एकम् एव अलम् मुमुक्षुणाम् विमुक्तये

અર્થાત્ સાધક કે મુમુક્ષુ ની મુક્તિ માટે કેવળ માણ્ડૂક્ય ઉપનિષદ જ પર્યાપ્ત છે; અને જો તમે એને સાચા અર્થમાં સમજવામાં સફળ થાવ તો તમારે અન્ય કોઈ ઉપનિષદની, ભલેને પછી તે છાંદોગ્ય હોય કે બૃહદારણ્યક હોય, આવશ્યકતા રહેતી નથી, કારણ કે માણ્ડૂક્ય ઉપનિષદ સીધી તમને માનવ પ્રકૃતિના ઊંડાણ સુધી દોરી જાય છે. એમાં નથી કોઈ કથા, કે નથી કોઈ સરખામણી અથવા દાખલા દલીલો. એમાં સામાન્ય રીતે માનવી તેમજ વાસ્તવિક્તા અંગેના આવશ્યક એવા બધા જ ગુણોની તલસ્પર્શી હકીકતો વર્ણવાય છે. આ એક ખૂબ જ સટીક એવું અને સૌથી ટૂંકુ ઉપનિષદ છે જેમાં કેવળ ૧૨ મંત્રો આપવામાં છેઆવ્યા છે અને તેમાં સંપૂર્ણ જ્ઞાન ને–ગાગર માં સાગરની જેમ – સમાવી દેવાયું છે. અન્ય સઘળાંઉપનિષદ ની જેમ જ આ ઉપનિષદ પણ દિક્પાલોની પ્રાર્થનાથી જ પ્રારંભ થાય છે, જેઓ દેવોના પ્રતિનિધિ છે અને જેઓ આ સમગ્ર સૃષ્ટિ પર રાજ કરે છે. એમને વિનંતી કરવામાં આવી છે કે આપણને સમજ અનેતંદુરસ્તી માટે આશીર્વાદ આપે જેથી આપણે ઉપનિષદ નું ગૂઢ જ્ઞાન મેળવી શકીએ અને તેનું ધ્યાન ધરી ને એમાં જણાવાએલા સત્ય નો સાક્ષાત્કાર કરી શકીએ.

આ માણ્ડૂક્ય ઉપનિષદ મહાન ઋષિ મણ્ડૂક નું સર્જન છે. મણ્ડૂક સંબંધિત હોવાથી એ માણ્ડૂક્ય તરીકે ઓળખાયું. ઋષિ મણ્ડૂક ને લાધેલું ગૂઢ રહસ્ય એટલે માણ્ડૂક્ય ઉપનિષદ. એનો પ્રારંભ એક ગંભીર નિવેદન સાથે થાય છે:

**ॐ इत्येतदक्षरमिदँ सर्वंतस्योपव्याख्यानं**
**भूतं भवद् भविष्यदिति सर्वमोङ्कार एव**
**यच्चान्यत्त्रिकालातीतं तदप्योङ्कार एव ॥१॥**

ૐ અવિનાશી છે, અને આ સમગ્ર (સૃષ્ટિ) પણ એ (ૐ) જ છે. અન્ય સઘળું જે ભૂતકાળ માં હતું, વર્તમાન માં છે અને ભવિષ્ય માં હશે એ બધું જ આ અવિનાશી ૐ નું જ પ્રદર્શન, વર્ણન કે વિવરણ છે. ખરે ખર બધું ૐ જ છે. આ બધું જે કાંઈ પણ દેખાય છે, જે કાંઈ પણ પ્રત્યક્ષ છે, જે કાંઈ પણ ઈન્દ્રિયગત અનુભવના દાયરા માં આવનારૂં છે, જેનું અનુમાન કરી શકાય છે અથવા જેને શબ્દો થી પ્રમાણિત કરી શકાય છે, જેને સમજી શકાય છે – અને જે એકમેવ સૃષ્ટિ શબ્દથી ઓળખાય છે – એ બધું આ ૐ જ છે.

*ઉપનિષદ નો પ્રારંભ આ રીતે થાય છે:*

ॐ इतिएतद् अक्षरम् इदम्सर्वम्

આ બધું જ, જે કાંઈ પણ દેખાય છે, જે કાંઈ પણ પ્રત્યક્ષ છે, જે કાંઈ પણ ઈન્દ્રિયગત અનુભવના દાયરા માં આવનારૂં છે, જે નું અનુમાન કરી શકાય છે અથવા જે ને શબ્દો વળે પ્રમાણિત કરી શકાય છે, જે ને સમજી શકાય છે – અને જે એકમેવ સૃષ્ટિ શબ્દ થી ઓળખાય છે – એ બધું જ આ ૐ છે.

આપણે અસંખ્ય વાર ૐ નો જાપ કરતા આવ્યા છીએ. એક બીજાને મળીએ ત્યારે ૐ ના ઉચ્ચારણ થી અભિવાદન કરવાનો અને કોઈ પણ ગાયન કે મંત્ર જાપ ની શરુઆત ૐ ના ઉચ્ચારણ થી કરવાનો એક સામાન્ય નિયમ બની ગયો છે. પરિણામે બધી જ બાબતોમાં ૐ નો સમાવેશ કરવામાં આવે છે જે થી બધા જ કાર્ય ની શરુઆત શુભ અને શુકનવંતિ થાય. ૐ ને અથ એ એવા બે શબ્દો છે જે શુભ ને સૂચવનારા છે.

આપણે હર દમ 'ૐ અથ, ૐ અથ, ૐ અથ,' નો જાપ કરતા રહી એ છીએ.

આ સૃષ્ટિ ની ઉત્પત્તિ ક્ષણે થએલો સર્વ પ્રથમ વિસ્ફોટ, અવાજ, કંપ કે સ્પંદ આ ૐ જ હતો. એને સૃષ્ટિ નું બીજ પણ કહી શકાય. ૐ એજ પ્રણવ છે. ૐ એ બધા જ વૈદિક કે તાંત્રિક મંત્રો નો બીજ-મંત્ર છે. આપણે ૐ નું ઉચ્ચારણ કરીએ ત્યારે માત્ર એના અર્થ ને જ નહીં પરંતુ આ સૃષ્ટિ ની તમામ ભાષા ઓ ને પણ એમાં આવરી લઇએ છીએ. બધા જ પદાર્થો અને શાબ્દિક ઉચ્ચારણ માં આ જ ૐ સમાએલો છે. ૐ એ નામ અને રૂપ બન્ને છે, અર્થાત્ એ નામ અને આકાર બન્ને ને દર્શાવે છે. એ એક અવાજ હોવા છતાં પણ કેવળ અવાજ માત્ર નથી. એનું એક ખુબજ અગત્યનું પાસું જે આપણે ધ્યાનમાં રાખવા નું છે તે એ છે કે ૐ એ કેવળ જાપ, ઉચ્ચારણ, શબ્દ કે માનવીય ભાષાનો અંશ માત્ર નથી પરંતુ એ બધા થી પણ કાંઈક વિશેષ છે, એ કાંઈક એવું છે જે અન્ય કોઈ પણ આધાર વિના, પોતાની જ સત્તા થી અસ્તિત્વમાં છે, આ કાંઈક એવું છે જે સામાન્ય રીતે વાસ્તુ તંત્ર ને નામે ઓળખાય છે અને જે પુરુષ તંત્ર થી સાવ અલગ છે. એ કાંઈક એવું છે જે અન્ય કોઈ આધાર વિના અસ્તિત્વમાં છે, એનો આધાર એ સ્વયં જ છે. ૐ નું ઉચ્ચારણ કરવાથી આપણે એને સર્જતા નથી પરંતુ આપણે કેવળ એવા સ્પંદનો સર્જીએ છીએ જે સ્વયંભૂ એવા આદિ કાળ થી ચાલી આવેલ ૐ ના સ્પંદનો સાથે સહાનુભૂતિ માં જ હોય છે. ૐ એ બ્રહ્મ સ્પંદનો છે, એ કોઈ માનવ એ શરુ કરેલ કંપન નથી. આપણે ૐનું ઉચ્ચારણ શા માટે કરીએ છીએ? જેથી આપણે આદિ કાળ થી ચાલી આવેલ બ્રહ્મ સ્પંદનો સાથે આપણો સંબંધ જોડી શકીએ.

ૐ નું નામ અને રૂપ એ જ સંપૂર્ણ પરમ તત્ત્વ છે. જે રીતે આ જગતમાં દરેક વસ્તુનું એક નામ હોય છે, તેવી જ રીતે આપણે ઈશ્વર – પરમાત્મા ને પણ એક નામ આપી એ છીએ. આપણે જે રીતે કોઈ પણ વસ્તુના નામને યાદ કરતા ની સાથે તેના રૂપ કે આકાર ને આપણી ચેતનામાં ઘડી કાઢી એ છીએ, તેવી જ રીતે જ્યારે ઈશ્વરને યાદ કરીએ ત્યારે આપણી ચેતનામાં એને ચિત્રિત કરવાનો પ્રયત્ન પણ કરીએ છીએ. જેવી રીતે કોઈ પણ વસ્તુ, વ્યક્તિકે પદાર્થ નું નામ તેના રૂપ, આકાર કે ગુણ સાથે જોડાએલું હોય છે, તેવી જ રીતે ૐ એ ઈશ્વરનું નામ છે અને તે એને વર્ણવે પણ છે, એને તેના આવા અજોડ વર્ણન ને કારણે તે આપણને ઈશ્વરનું ધ્યાન ધરવામાં સહાયક બને છે. પર્વત એક નામ છે, નદી એક નામ છે, અગ્નિ એક નામ છે, પુરુષ નામ છે, સ્ત્રી નામ છે, રામ એ નામ છે, કૃષ્ણ એ નામ છે અને એવી રીતે આપણે અસંખ્ય નામો જાણીએ છીએ. આ દરેક નામ કોઈ એક ચોક્કસ આકૃતિ સૂચવે છે, દર્શાવે છે. તમે જ્યારે આ નામ ઉચ્ચારો છો, ત્યારે તે નામને દર્શાવતી આકૃતિ તત્કાળ, એની મેળે જ તમારા મનમાં ઊપસી આવે છે, કારણ કે એ નામ અને આકૃતિ (રૂપ)નો એક બીજા જોડે શાશ્વત સંબંધ બંધાએલો હોય છે.

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે આપણા પર એક નામની કેટલી બધી અસર થતી હોય છે. તમને કોઈ એક ચોક્કસ નામ થી બોલાવે ત્યારે ક્યાં તો તમે રાજી થાવ છો અથવા નારાજ થાવ છો. એવા પણ નામ હશે જે વડે તમને કોઈ બોલાવે તો તમે જરૂર ગુસ્સે થવાના, વ્યથિત થવાના, કારણ કે તમે તમારા મનમાં કોઈ એક ચોક્કસ નામ જોડે એક ચોક્કસ રૂપ કે આકૃતિ નો સંબંધ બાંધી રાખ્યો છે. દા. ત. તમને કોઈ જો 'મહારાજ' કહે તો તમને આનંદ થાય છે; પરંતુ જો તમને કોઈ 'ગધેડો' એવા નામ થી બોલાવે તો તમને જરૂર ગુસ્સો આવવા નો. કારણ સાવ સાદું છે,

તમે તમારા મનમાં ‘મહારાજ’ અને ‘ગધેડો’  જેવા નામ સાથે ના જે સંબંધ બાંધ્યો છે અને તેમને તે મુજબનું મહત્વ આપ્યું છે તે સાવ ભિન્ન પ્રકારના છે.

‘નામ’ આપણી અંદર સ્પંદનો પેદા કરે છે. દા. ત. તમારા માંથી કોઈ અચાનક ‘સાપ!’ એવી ચીસ પાડે તો તમે બધા જ ઊભા થઈ જશો, અને હું જે કાંઈ પણ કહું છું તે બિલકુલ નહીં સાંભળો. આ ‘સાપ’ શબ્દ એ તમારામાં કેવા સ્પંદનો ઊભાં કર્યાં! તમે તમારા મનમાં આ ‘સાપ’ અને તેને સંબંધિત એનો અર્થ તથા તેના મહત્વ અંગે એક ચોક્કસ ભાવ કે લાગણી સ્થાપી રાખ્યા છે. તમે આ વાતનો અર્થ સારી રીતે સમજી ગયા છો. આ જગતના બધા જ નામો સાથે એક ચોક્કસ રૂપ અને અર્થ બંધાએલા હોય છે. દરેક રૂપ નો કેવળ એક નામ સાથે જ ચોક્કસ સંબંધ નથી હો તો, પરંતુ જગત ના અન્ય રૂપો સાથે પણ સંબંધ હોય છે.

હવે આપણે જેને ઈશ્વર-સૃષ્ટિ કહીએ છીએ તેનાથી અલગ થઈને જીવ-સૃષ્ટિ તરફ જઈ રહ્યા છીએ. ઈશ્વર-સૃષ્ટિ એ છે જેમાં જે તે નામ સાથેનું સંબંધિત રૂપ એ નામ સાથે એક ‘ચોક્કસ અધિકાર’ થી બંધાએલું છે અને જીવ-સૃષ્ટિ એ છે જેમાં કોઈ એક ચોક્કસ નામ સાથેનો રૂપ નો સંબંધ તમે તમારા મન ના પ્રભાવ માં આવીને બાંધ્યો છે. તમારા પર જે કાંઈ પણ અસર થાય છે તે આ જીવ-સૃષ્ટિ ને કારણે જ થાય છે, અને તમારી નામ-રૂપ સંબંધ અંગે ની સમજ આ જીવ-સૃષ્ટિ ના સંદર્ભમાં જ હોય છે. હવે બધી બાબતોમાં આપણે કેવળ ઈશ્વર-સૃષ્ટિ થી નથી દોરવાતા પરંતુ એ માં જીવ-સૃષ્ટિ પણ પોતાનો અહમ્ ભાગ ભજવે છે; અથવા તો એવું કહેવું યોગ્ય રહેશે કે તેમાં મુખ્યત્વે જવ-સૃષ્ટિ જ ઈશ્વર-સૃષ્ટિ કરતાં વિશેષ અસર કરે છે, કારણ આપણને જે કાંઈ બંધનમાં મુકનાર છે તે જીવ-સૃષ્ટિ ની પ્રકૃતિ જ છે અને નહીં કે ઈશ્વર-સૃષ્ટિની પ્રકૃતિ.

વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ કેવળ તેમના સ્વરૂપથી જ આપણને એટલા કનડતા નથી. પરંતુ તેમને આપણે કેવા અર્થમાં લઇએ છીએ, તે જ આપણે માટે મહત્વનું છે, અને આ અર્થ જ છેજે આપણને આ સંસાર સાથે બાંધે છે – આપણે માટે એ જ  બંધન કર્તા બની જાય છે. દરેક નામ સાથે તેને અનુરૂપ એક આકૃતિ બંધાએલી છે અને આ આકૃતિ જ ઈશ્વર-સૃષ્ટિનો અંશ છે; જે ઈશ્વર કે પરમાત્માનું જ સર્જન છે; હવે એક જીવ તરીકે આમ તો તમે ઈશ્વર-સૃષ્ટિનો જ અંશ છો, પરંતુ તમે તમારી ફરતે આ વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ વિશે તમારા મનની ધારણા વડે એક જાળ રચો છો, અને પછી તમે જ એ કલ્પિત જાળમાં ફસાઈ જાવ છો. તમારી આવી ધારણા કે ભાવના તમને આ જગતના અન્ય જીવો પદાર્થો તેમ જ સૃષ્ટિ ના અન્ય અંશો સાથે જોડે છે, એ જ તમારા સામાજિક સંબંધો તરીકે ઓળખાય છે. હવે તમે કેવળ આ સૃષ્ટિના અંશ તરીકે અસ્તિત્વમાં નથી રહેતા; પરંતુ આ સૃષ્ટિના અન્ય અંશો સાથે જુદી જુદી ઘણી રીતે  સંબંધ ધરાવનાર સામાજિક પ્રાણી બની જાઓ છો.

આજ ફરક છે ઈશ્વર-સૃષ્ટિ ના અંશ તરીકે ના તમારા અસ્તિત્વ અને જીવ-સૃષ્ટિ ના કેન્દ્રમાં ગોઠવાએલા તમારા અસ્તિત્વ વચ્ચેનો. તમારા માં ઈશ્વર-તત્ત્વ તો છે જ પરંતુ તેની સાથે જીવ-તત્ત્વ પણ છે. ઈશ્વર-તત્ત્વ જ્યાં તમારું ઉજળું પાસું છે, જે તમને આત્મ ઉન્નતિ તરફદોર નાર છે ત્યાં જીવ-તત્ત્વ તમને આ સંસાર સાથે બાંધનાર છે. આ રીતે તમે બેવડી પ્રકૃતિ ધરા વો છો, એક બેવડું  વ્યક્તિત્વ, એવો ગુણ જે તમારા ઈશ્વર સાથે ના સંબંધ અને આ સંસાર સાથે ના સંબંધમાં ભેદ દર્શાવનારા છે.

આપણે ઈશ્વર-સૃષ્ટિ ના જ અંશ હોવા છતાં, આપણા નામ અને રૂપ ની આગવી ઓળખ ઊભી કરવાના ચક્કર માં એક વિચિત્ર પરિસ્થિતિ માં મુકાય ગયા છીએ. હવે આ વિવિધ સંબંધો ને સાચવવાએ જ આપણા સુખ ને દુઃખ નું કારણ બની ગયું છે.

રોજ સવારે ઊઠી ને આપણે આપણી ચેતનામાં આપણા માનસિક સંબંધો ને જાગૃતકરીએ છીએ, તેમની સાથે જોડાઈ એ છીએ. અને આ જોડવું તે જ તો સંસાર છે. બધા બાહ્ય સંબંધો એ આપણો સંસાર બન્યો. જીવન ભર આવા જ દિવસ અને રાત પસાર કરતાં કરતાં આપણે આ જ સંસાર થી મુક્ત થવા ની અપેક્ષા રાખીએ છીએ. આપણને આ સંસાર થી મોક્ષ જોઈએ છે. મોક્ષએ એવી પરિસ્થિતિ છે જેમાં આપણે સ્વયં ને, જીવ-તત્ત્વ થી મુક્ત કરી ઈશ્વર-તત્ત્વ તરફ લઈ જવા માગીએ છીએ – એટલે કે એવું અસ્તિત્વ ધરાવવું જે સ્વયં માં જ સંપૂર્ણ હોય અને નહીં કે અન્ય સાથેના સંબંધો ને આધારે હોય. તમે સ્વયં જ એક વજૂદ બનો, અને તમે અન્ય માટે શું છો કે અન્ય તમારે માટે શું છે અથવા અન્ય તમને કઈ રીતે મૂલવશે, એવી બાબતોથી મુક્ત થઈ જાવ. તમે તમારા અસ્તિત્વ ને જીવ-તત્ત્વ થી દૂર કરી ઈશ્વર-તત્ત્વ માં સ્થાપવા પ્રયત્નશીલ બનો. તમારે સ્વયં ના આધારે જ રહેવું છે, અન્ય બાબતો પર આધાર રાખ્યા વિના તમારી આગવી પ્રકૃતિ સાથે જ સ્વતંત્ર રહેવું છે. તમારે તમારા નિભાવ માટે કોઈ પણ અન્ય સહાય ની અપેક્ષા રાખવી નથી. તમને 'કેવળ' સંપૂર્ણ  સ્વતંત્રતા જ ખપે. અર્થાત્તમારે કૈવલ્ય પ્રાપ્ત કરવું છે – અને એને જ તો મોક્ષ કહ્યું છે.

આ માણ્ડૂક્ય ઉપનિષદ જીવને ઈશ્વરમાં સ્થાપવા માટે  એક ખૂબ જ સરળ માર્ગ સૂચવે છે. વ્યક્તિ ના સંબંધો ને ઈશ્વરની અસંબંધતા માં કેવી રીતે ફેરવી શકાય, તેની પ્રાપ્તિ માટે વ્યક્તિત્વ માં જ ઈશ્વર કે બ્રહ્મ ની હાજરી કેવી રીતે પેદા કરી શકાય, ઈશ્વર ને જ આપણી ચેતનામાં કઈ રીતે સમાવી શકાય, તે માટે ની સીધી અને સરળ રીત અહીં દર્શાવવામાં આવી છે. ઈશ્વરને તમારા હ્રદયમાં સ્થાન આપો. કોઈ પણ નામના સંદર્ભમાં તેને લાગતાં વળગતા વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ અંગે વિચારવા ને બદલે વ્યાપક  નામે ઓળખાતા ઈશ્વરનો જ તેને સ્થાને વિચાર કરો. આ જગતના બધા જ નામો જેવા કે પર્વત, નદી ઈ. કોઈ એક ચોક્કસ રૂપ દર્શાવનારા ચોક્કસ નામો છે. પરંતુ ઈશ્વરનું તો કોઈ ચોક્કસ સ્વરૂપ નથી; એનું સ્વરૂપ તો વૈશ્વિક છે એટલે તેને તમે કોઈ ચોક્કસ નામે ઓળખી જ ન શકો. તમારે તો એને વૈશ્વિક નામે જ ઓળખવા પડેકારણ એનું સ્વરૂપ જ વૈશ્વિક અને સર્વત્ર ફેલાએલું છે. કોઈ એક ચોક્કસ ભાષા પણ એને વર્ણવી ન શકે, કારણ એ કોઈ ચોક્કસ પદાર્થ કે વસ્તુ છે જ નહીં, નથી એ પુરુષ કે નથી એ સ્ત્રી અથવા કોઈ માનવ જીવ; એ નથી અહીં, કે નથી એ ત્યાં; એ તો સર્વત્ર છે.

અને જે સર્વત્ર છે તેને એવી કોઈ ભાષા જે એક ચોક્કસ દેશની અથવા પુરુષ કે સ્ત્રી અથવા કોઈ ચોક્કસ વ્યક્તિની હોય તેના વડે તો ન જ ઓળખી શકાય. એવી કોઈ સર્વગ્રાહી ભાષા છે જ નહીં; બધી જ ભાષા ઓ એક કે બીજા સ્થાન સાથે જોડાએલી એટલે કે સ્થાનિક ભાષા જ હોવાની. આપણે અસંખ્ય ભાષા ઓ ધરાવીએ છીએ અને છતાં એવી કોઈ ભાષા નથી જે સમગ્ર જગતમાં માન્ય હોય. અને કદાચ જો એવી ભાષા હોય તો તે પણ આ વિશાળ સૃષ્ટિ ના સંદર્ભમાં તો એક મર્યાદિત ભાષા જ બની રહે. છે કોઈ સમગ્ર સૃષ્ટિ માટે સામાન્ય હોય તેવી ભાષા? કેવળ તેજ ભાષા ઈશ્વર ને વર્ણવી શકે કારણ એ જ સર્વત્ર ફેલાએલી હોવાની. આપણે જાણીએ છીએ કે એવી કોઈ ભાષા અસ્તિત્વમાં નથી. આદિ કાળ ના ઋષિ-મુનિ ઓ ને સ્ફૂરેલ,  સમજાય તેવી કોઈ એક માત્ર ભાષા હોય તો તે છે ૐ કે પ્રણવ.

ૐ નું ઉચ્ચારણ જ સૃષ્ટિ ની એ ભાષા નું ઉચ્ચારણ છે, એ જ સૃષ્ટિની ભાષા છે, એક એવી ભાષા જે પોતાના માં બધી જ ભાષા ઓ ને સમાવી લે છે; અને ૐ નું ઉચ્ચારણ કરતાં આપણું ગળું પણ એક ખાસ પ્રકારના સ્પંદનો જ પેદા કરે છે. જ્યારે તમે અ, આ, ઈ વગેરે નું ઉચ્ચારણ કરો છો ત્યારે તમારા ગળા નો કોઈ એક ચોક્કસ તંતુ કંપે છે, પરંતુ જ્યારે ૐ નું ઉચ્ચારણ કરવામાં આવે છે તો એમાં ગળા ના બધા જ તંતુ ઓ નો ઉપયોગ થતો હોય છે. એવું કરી જોવા થી જ તમને સમજાશે. કોઈ પણ વ્યક્તિ આવો પ્રયોગ કરી પરિણામ નું અવલોકન કરી શકે. ગળા ના અમુક જ તંતુ ઓ નહીં પરંતુ સઘળાં તંતુ ઓ ૐ ના ઉચ્ચારણ સમયે કંપવા લાગે છે; એ જ કારણ છે કે દુનિયા ભર ની બધી જ ભાષા ઓ અથવા તેના ઉચ્ચારણો આ ૐ માં સમાયલાં હોવાના. આ રીતે ૐ ના ઉચ્ચારણ થી ઉત્પન્ન થતા મૂળ અવાજ માં પણ સ્વાભાવિક રીતે જ દુનિયા ભર ના બધા જ શબ્દો, વાક્યો અને ઉચ્ચારણો સમાયલાં હોવાના.

માત્ર આટલું જ નહીંપરંતુ ૐ ના ઉચ્ચારણ નું એક અન્ય મહત્વ, એક અન્ય અર્થ પણ થાય છે. કોઈ પણ નામ નું ઉચ્ચારણ કે એનો જાપ તમારા માં એક કંપન પેદા કરે છે. નામ ના જાપ થી તમારા માં એક લાગણી ઉત્પન્ન થાય છે. રસગુલ્લા, લાડુ, ખીર, કોફી, ચા, ભાત : આવા કેટલાક નામો, જ્યારે તમે ઉચ્ચારો છો, ત્યારે તમારા મનમાં વિચારો ઉદ્ભવે છે અને તમને વિવિધ પ્રકાર ની લાગણી થવા લાગે છે. વીંછી, સાપ : તમારા માં જુદો જ ભાવ આણે છે; માંદગી, કુરૂપતા, ધરતીકંપ, એટમ બૉંબ, યુદ્ધ; આવા બધા જ નામ ના ઉલ્લેખ તમારા શરીર તંત્ર માં કંપન પેદા કરે છે, એ કેવળ શબ્દો નથી; આ રીતે બધા જ શબ્દો કે ઉચ્ચારણો તમારા શરીર તંત્ર માં કોઈ ને કોઈ પ્રકાર ના સ્પંદનો લાવે છે; અને ૐ પણ કેવળ એક શબ્દ કે ઉચ્ચારણ નથી પરંતુ એક સ્પંદન જ છે. શાસ્ત્રો માં પણ એવું જ કહેવાયું છે કે ૐ એ એક કંપન કે સ્પંદન જ છે, એક બ્રહ્મ કંપન જેના વડે આ સૃષ્ટિ નો પ્રારંભ થયો.

ૐ ની કીર્તિ, પ્રકૃતિ અને એના બંધારણ અંગે ના વર્ણનો મનુસ્મૃતી, મહાભારત, પુરાણ અને ઉપનિષદો વિ. માં દરેક સ્થળે જોવા મળે છે. આ ૐ વડે જ બ્રહ્મા એ આ સૃષ્ટિ નું નિર્માણ કર્યું અને અ, ઉ અને મ એવા ત્રણ એકલ અક્ષરો નો બનેલા ૐ માં થી જ વ્યાહૃતિ ઓ ઘડાઈ : જે મુખ્યત્વે ત્રણ છે – ભુઃ , ભુવઃ અને સ્વઃ. (શાસ્ત્રો માં કેટલાક સ્થાને એ સાત પણ ગણાવાઈ છે – બાકી ની ચાર છે – મઃ, જનઃ, તપઃ અને સતઃ). આ ત્રણ વ્યાહૃતિ ઓ માં થી ગાયત્રી મંત્ર ના ત્રણ પદો જન્મ્યાં. ગાયત્રી મંત્ર ના આ ત્રણ પદો માં થી ઉદભવ્યા  પુરુષ સૂક્ત ના ત્રણ વિભાગો ના અર્થ. પુરુષ સૂક્ત ના આ ત્રણ અર્થો માં થી જ સંપૂર્ણ વેદો નું જ્ઞાન જન્મ્યું. અને વેદો ના આવા વિશાળ જ્ઞાન વડે તો બ્રહ્મા એ આ સૃષ્ટિ નું સર્જન કર્યું.

આ રીતે ૐ એ ન કેવળ બ્રહ્મા ના જાપ તરીકે પરંતુ તેથી વિશેષ સૃષ્ટિ ની શરૂઆત માં હિરણ્યગર્ભ માં થી ઉદભવી ને વ્યાપેલા કંપન તરીકે એક અતિ મહત્વ નો નાદ બન્યો. અને જ્યારે આપણે આ ૐ નો જાપ કરીએ છીએ ત્યારે આપણે પણ સ્વયં માં એવા જ અનુકંપો ઉત્પન્ન કરીએ છીએ, એવા કંપનો જે સૃષ્ટિ ના કંપનો સાથે સહાનુભૂતિ ધરાવનારા છે, જે થી, તે સમયે આપણે સૃષ્ટિ સાથે એકરાગીતા સાધી એ છીએ. આપણે જ્યારે ૐ નો સતત અને સફળ જાપ કરીએ છીએ ત્યારે સૃષ્ટિ ના પ્રવાહ સાથે જ વહેવા લાગીએ છીએ અને આપણા મન-શરીર સંકુલ માં સૃષ્ટિના કંપનો જેવા જ કંપનો પેદા કરીએ છીએ.

બાહ્ય પ્રકૃતિ થી વિપરીત થવાને બદલે આપણે એના જ પ્રવાહ માં વહેવા લાગીએ છીએ. જીવ તરીકે સ્વતંત્ર રીતે વર્તવા ને બદલે , આપણે વિશ્વ રૂપ ઈશ્વરની જેમ જ વિચારવા લાગીએ છીએ. વિવિધ વસ્તુ, વ્યક્તિ અને પદાર્થો ના એક બીજા સાથેના સંબંધો ને અલગતા થી વિચારવા ને બદલે આપણે તેમને અંગે ની વિચાર-હીનતા ને જ

કેળવવા નો પ્રયત્ન કરીએ છીએ. આપણા માં આવા વિચાર વિશે નો જ એક વિચાર જન્મ લે છે. શું તમે એવા વિચાર ની ધારણા કરી શકો ખરા જે વિચાર વિશે જ વિચારતો હોય? એ જ ઈશ્વર નો વિચાર છે. વિચાર જ્યારે પદાર્થ અંગે નો હોયછે, ત્યારે એ એક જીવ નો હોય છે. વિચાર જ્યારે કેવળ સ્વયં વિશે જ વિચારે ત્યારે એ ઈશ્વર નો વિચાર છે, ત્યારે એ ઈશ્વરની ઈચ્છા છે, અને જ્યારે આપણે ૐ નું યોગ્ય રીતે એના વાસ્તવિક સંદર્ભ ની સમજ સાથે નું ઉચ્ચારણ કરી એ છીએ ત્યારે આપણે કાંઈ પણ વિશેષ વિચારતાં જ નથી.આપણે સામાન્ય રીતે સમગ્ર નો જ વિચારકરતા હોઇએ છીએ; અને એ વિચાર જ તો ઈશ્વર છે. વાસ્તવમાં ત્યારે આપણે વિચાર શૂન્ય બનીએ છીએ; એ ઈશ્વર હોય છે જે એ સમયે આપણા આ વ્યક્તિગત મન દ્વારા વિચારતો હોય છે. આપણે તે સમય પૂરતા વ્યક્તિ કે જીવ તરીકે હોતા જ નથી. આપણે સ્વયં ઈશ્વર સ્વરૂપે જઅસ્તિત્વ ધરાવીએ છીએ, જે પોતાની મહત્તા, મન અને સ્થિતિ સાથે અસ્તિત્વ માં હોય છે.

અન્ય પદાર્થો ની સરખામણી માં ઈશ્વર કદી એક જીવ તરીકે અસ્તિત્વમાં હો તો નથી. વ્યક્તિ, જીવ કે પદાર્થ હમેશાં અન્ય સાથે ના સંબંધ ને કારણે જ અસ્તિત્વ માં હોય છે. પરંતુ ઈશ્વરનું અસ્તિત્વ અન્ય કાંઈ પણ સાથે ના સંદર્ભ કે સંબંધ વિનાનું જ હોય છે. જ્યારે આપણે (વ્યક્તિ, જીવ કે પદાર્થ), ઈશ્વર કે બ્રહ્મ પ્રાપ્તિ ની દિશા માં આગળ વધતાં હોઇએ છીએ, ત્યારે ઇચ્છીએ છીએ કે પ્રકૃતિ સાથે સુમેળ ભર્યું અસ્તિત્વ ધરાવીએ અને તે માટે આ પ્રકાર ના ૐ ના જાપ સાથે ઈશ્વરના જ સાંનિધ્યમાં વહેતા રહીએ છીએ. જે રીતે એક નદી સાગર માં સમાવાની તત્પરતા સાથે વહેતી હોય છે તે રીતે આપણે પણ ઈશ્વર મય થવાની લગન માંૐ ની તરંગો પર સવાર થઈ આગળ વધીએ છીએ. જે રીતે એક નદી ઢાળ ને કારણે સાગર તરફ ધસમસતી હોય છે, તેવી જ રીતે સાધક પણ ૐ ના ઢાળ રૂપી કંપની સહાય થી ઈશ્વરના બ્રહ્મ સ્વરૂપમાં ભળી જાય છે.

જ્યારે તમે ૐ નું ઉચ્ચારણ યોગ્ય રીતે કરો છો ત્યારે તમે ધ્યાનની અવસ્થા માં સરળતા થી દાખલ થઈ શકો છો. તમેકેવળ એક શબ્દ કે મંત્ર નો જાપ નથી કરી રહ્યા પરંતુ તે સાથે તમે કેટલાકકંપનો પણ પેદા કરી રહ્યા છો. 'આ અંગે તમારું ફરી એકવાર ખાસ ધ્યાન દોરું કેતમે એક ‘કંપન પેદા કરી રહ્યા છો’. આ કયા પ્રકારના કંપનો છે? એ એવા કંપનો નથી જે તમને ક્ષુબ્ધ કરે, જે તમને અશાંત કરે, જે તમારા મનમાં કોઈપદાર્થ માટેની ઈચ્છા ઉત્પન્ન કરે, પરંતુ એવા કંપનો છે, જે અન્ય એવા બધા જ કંપનો ને શાંત કરનારા છે; જે  તમારી બધી જ ઈચ્છા ઓ નો અંત આણે, જે તમારી બધા પ્રકારની આકાંક્ષા ઓ ને શમાવે, અને તમારા માં એક સૃષ્ટિભાવ ને જન્મ આપે. જે રીતે અગ્નિ એક તણખલા ને બાળી નાખે છે, તે રીતે જ આ સૃષ્ટિભાવ અન્ય બધી જ ઈચ્છાઓ ને ભસ્મ કરી નાખે છે. યોગ્ય રીતે કરેલ માત્ર ત્રણ વારનું ૐ નું ઉચ્ચારણ પણ તમારા બધા જ પાપનો નાશ કરવા માટે પૂરતું છે, અને તમારી બધી જ ઈચ્છાઓ થી મુક્ત બની આંતરિક રીતે  શાંતિ અને સંતોષ ને અનુભવો છો. ૐ ના સાચા અને યોગ્ય ઉચ્ચારણ ની પરીક્ષા જ એ છે કે ત્યાર બાદ તમે તમારા મનમાં અત્યંત શાંતિ અનુભવો અને તમે જે કાંઈ છો તેમ જ જે કાંઈ ધરાવો છો તેના થી તમને સંપૂર્ણ સંતોષ વર્તાય. તમે તમારા ધ્યાન બાદ પણ જો તમારી ઈચ્છાઓ અને આકાંક્ષા ઓ થી મુક્તિ નથી મેળવી શકતા તો એ કેવળ એટલું જ દર્શાવે છે કે તમારું એ ધ્યાન પૂર્ણ નો’તું. તમે ધ્યાનમાં હતા ત્યારે પણ તમારી ઈચ્છાઓ તમારી સાથે સંતાકૂકડી રમી રહી હતી; તમારું ૐ નું ઉચ્ચારણ યોગ્ય રીતે નો’તું થયું. ૐ નો જાપ સૃષ્ટિભાવ સાથે જ થવો જોઈએ. અન્ય પ્રકારના જાપ તમને ધ્યાનની મનોદશા અને અંતે યોગ્ય ધ્યાન તરફ જરૂર દોરી જઈ શકે, પરંતુ ૐ નો જાપ જ્યારે યોગ્ય રીતે થાય ત્યારે અચાનક જ એ ધ્યાન બની જાય છે. અહીં જાપ અને ધ્યાન એક થઈ જાય છે. અહીં તમારે માટે નિર્દેશ અને નિર્દેશક નો ભેદ રહેતો જ નથી, કારણ ૐ જે નામ તરીકે

સૃષ્ટિભાવ નો દ્યોતક છે તે સૃષ્ટિભાવ ના રૂપમાં જ સમાઈ જાય છે. બે અલાયદા સૃષ્ટિભાવ સંભવી જ ન શકે; સૃષ્ટિભાવ તો એક જ હોઈ શકે. આ રીતે ૐ ની બાબતમાં નિર્દેશક અને નિર્દેશ એક જ થઈ જાય છે. ૐ ના ઉચ્ચારણ વિશે જાપ અને ધ્યાન નો અર્થ એક જ થાય છે. ધ્યાનમાં દાખલ થવું તે સમજવા ને એક વ્યક્તિગત મન અસમર્થ હોય છે. તમે જો ૐ ને યોગ્ય રીતે જપશો તો તમે ભાવ સમાધિમાં હર્ષાવેશ સાથે પ્રવેશ સો.

ૐ વિશે ની આટલી પ્રાથમિક જાણકારી બાદ આપણે ઉપનિષદ ના પ્રથમ મંત્ર ને ફરી એકવાર તપાસીએ :

ॐ इतिएतद् अक्षरम् इदम्सर्वम्

ૐ એ અક્ષર છે, એટલે કે ક્ષર ન થનાર, કદી નાશ ન પામનાર, અવિનાશી. અને સાથે જ એસર્વસ્વ પણ છે. આ સંસાર ના અન્ય બધા જ નામો નાશ પામે છે, કારણ કે તે બધા જ તેમના રૂપ સાથે જોડાએલા હોય છે. પરંતુ ૐ નું આ સૃષ્ટિ સ્વરૂપ અવિનાશી છે, અને એનું આ નામ પણ અવિનાશી છે, આ ઉપરાંત તેમાં બધું જ સમાઈ જાય છે.

तस्यउप् व्याख्यानंभूतम् भवद् भविष्यद् इतिसर्वम् ॐकार एव
यच्छ्र अन्यत्त्रिकाल अतीतम् तदपि ॐ कार एव

ભૂતકાળમાં જે કાંઈ પણ હતું, અત્યારે (વર્તમાનમાં) જે કાંઈ પણ છે અને ભવિષ્યમાં જે કાંઈ પણ હશે, એ સઘળું ૐ જ છે. કારણ કે ૐ ને કદી ભૂત, વર્તમાન કે ભવિષ્ય હોતું નથી; આ સૃષ્ટિ ની કોઈ કાળ મર્યાદા હોતા નથી.

માણ્ડૂક્ય ઉપનિષદમાં ૐ ની કેટલી મહાન વ્યાખ્યા કરવામાં આવી છે! કાળ મર્યાદામાં જે કાંઈ પણ ભૂત, વર્તમાન કે ભવિષ્ય રૂપ છે તે ૐ છે. એટલું જ નહીં પરંતુ જે સમયથી પણ પર છે તે સુધ્ધાં ૐ જ છે. ૐ બેવડી પ્રકૃતિ ધરાવે છે, શાશ્વત અને તત્કાલીન. એ એક શબ્દ છે અને શબ્દાતીત પણ છે.એની રચનામાં अ, उ અનેमसमાયલાં છે, જે આ સૃષ્ટિને દર્શાવનારા ત્રણ ભાવો છે; તે સાથે જ એનો એક ચોથો ભાવ પણ છે જે ૐ નો મૌન ભાવ છે. ૐ ના આ મૌન ભાવને અમાત્ર કે ચતુર્થ ભાવ તરીકે ઓળખાવાય છે: ૐ નો આ અવાજ વિહીન અંશ એ અમાત્ર અર્થાત્ માપી ન શકાય તેવો છે અને તે કાનથી સાંભળી પણ નથી શકાતો. ૐ નો આ અમાત્ર કે માપી ન શકાય તેવો શાશ્વત પ્રકૃતિ વાળો અંશ એ નથી તો અવાજ કે નથી કોઈ પ્રકારની કંપન, પરંતુ એક સાદું અને સરળ અસ્તિત્વ માત્ર છે, જેને આપણે સત્, ચિત્ અને આનંદ એટલે કે સચ્ચિદાનંદ સ્વરૂપે ઓળખીએ છીએ.

જે ભૂત, વર્તમાન અને ભવિષ્ય છે એ ૐ નું જ સંપૂર્ણ સમયબધ્ધ કાર્યક્ષેત્ર છે અને જે સમયની પણ પાર જાય છે, એ ૐ ની શાશ્વત પ્રકૃતિ છે. અહીં સરિતા અને સાગર ની સરખામણી કરીએ તો સરિતા એ સમયબધ્ધ કાર્યક્ષેત્ર થાય  અને સાગર એ એનું શાશ્વત સ્વરૂપ. સરિતા માટે તો નામ અને રૂપ વિદ્યમાન છે, પરંતુ જે સરિતા સાગર ની અંદર વહે છે તેને માટે કોઈ નામ કે રૂપ ઉપલબ્ધ નથી, કારણ સાગર માં પહોંચતાં ની સાથે જ બધી સરિતા ઓ એકરસ થઈ જાય છે. એના સમયબધ્ધ સ્વરૂપમાં ૐ કદાચ આ સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવનારા બધા જ પદાર્થો નું પ્રતિનિધિત્વ કરે છે; પરંતુ એના શાશ્વત સ્વરૂપે આ સૃષ્ટિની સમગ્રતા ને દર્શાવે છે; એનું શાશ્વત સ્વરૂપ કોઈ ચોક્કસ આકાર ને દર્શાવી ન શકે; પરંતુ એ નિરાકાર, નિરવધિ અને નિરાકાશ છે. આ રીતે ૐ એ નામ-રૂપ છે, આકાર અને નિરાકાર છે; કંપન અને ચેતના છે; સૃષ્ટિ અને સચ્ચિદાનંદ છે. આ સઘળું ૐ જ છે.

## ૐ નો જાપ કેવી રીતે કરવો?

તમારા મનમાં આવી આશંકા જરૂર થવાની. આપણે ૐ અંગેની કેટલીક પ્રભાવી વાતોને સમજવા નો પ્રયાસ જરૂર કર્યો, પરંતુ આ ૐ નો જાપ કરવો કઈ રીતે? ૐ નો જાપ કરતી વખતે શું આપણે કાંઈક વિચારવા નું ખરું? ૐ

નો જાપ કરવાની જે સામાન્ય રીત સૂચવવા માં આવે છે તે એવી છે કે એ ખૂબ ટૂંકો પણ ન હોવો જોઈએ તેમ જ વધુ લાંબો પણ ન હોવો જોઈએ. બેશક એના ઉચ્ચારણ નો ટૂંકો, મધ્યમ અને લંબાએલો સૂર હોય છે. ધ્યાન ના અભ્યાસ માટે, ઈચ્છવા યોગ્ય એ છે કે તમે ॐ ના મધ્યમ સૂર ને જ અપનાવો. એવા ઉચ્ચારણ ના માપ માટે નું એકમ છે માત્રા, અને તમે એક માત્રા ના સમય ની ગણતરી માટે ની સરખામણી, સહજ રીતે, ન વધુ ઝડપથી કે ન એકદમ ધીરેથી, તમારા જમણા હાથની હથેળી ને તમારા જમણા ઘૂંટણ ફરતે એક વાર ફેરવી ને તે જ હાથ થી જ ચપટી વગાડો – તમે કેટલો સમય લીધો? એ થયો એક માત્રાનો સમય. એવું બે વાર કરો, એ  થઈ બે માત્રા, જે થયો તમારી મધ્યમ માત્રાનો સમય ગાળો. જ્યારે આવું ત્રણ વાર થાય ત્યારે એ થઈ લંબાએલી માત્રા.જે કોઈ માત્રા તમને અનુકૂળ હોય તે તમે પસંદ કરી શકો. એ માપ માટે કોઈ બંધન નથી. તમારા સ્વભાવ અને ક્ષમતા ને અનુરૂપ હોય તેવી કોઈ પણ અનુકૂળ, અભ્યાસ પાત્ર અને આવશ્યક એવી માત્રા ॐ ના જાપ માટે પસંદ કરો.

ॐ નો જાપ કરતી વખતે તમારે શું વિચારવું જોઈએ? વિચારો કે જાણે, 'તમે સાગર છો અને આ સૃષ્ટિના બધા જ પદાર્થો રૂપી સરિતાઓ તમારા માં સમાઈ રહી છે.'

ગીતાના આ શ્લોક ને યાદ કરો :

आपूर्यमणम् अचल प्रतिष्ठम् समुद्रमापः प्रविशन्ति यद्वत्।
तद्वत् कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ।।(२-७०)

તમે એ સાગર છો જેમાં આ સૃષ્ટિની બધી જ પદાર્થ-વાસના ની સરિતાઓ સમાઈ ગઈ છે.હવે ત્યાં કોઈ સરિતા, કોઈ પદાર્થ કે કોઈ વાસના બાકી બચતી નથી, કેવળ તમે જ સાગર સ્વરૂપે રહ્યા છો. તે સ્થિતિમાં તમારી ઊભરાતી લાગણીઓ ની ધારણા કરો. એવી લાગણીઓને વર્ણવી જ ન શકાય. દરેકે એવી લાગણીને પોત પોતાની રીતે જ અનુભવવી પડે. ॐ નો જાપ કરતા રહો અને એ લાગણીને સતત શક્ય હોય ત્યાં સુધી અનુભવતાં રહો. એ અનુભવની નોંધ કરો, અને જુઓ કે તમારા માં એને પરિણામે કોઈ ફેરફાર થયો છે કે કેમ! એ નિશ્ચિત છે કે ફરક પડવાનો જ. અને જો ઈશ્વર તમને એવા અભ્યાસ માટે સમય અને આવશ્યક એવી ધીરજ ના આશીર્વાદ આપે જેથી તમે નિયમિત ચોક્કસ સમય માટે ધ્યાન ધરી શકો તો તમારે તમારી જાતને ત્રિવિધ રીતે ભાગ્યશાળી માનવા રહ્યા.

સંપૂર્ણ સંસાર જ તમારા માં હવે સમાઈ ગયો છે, તો પછી એ સંસાર કે એનો કોઈ પણ અંશ તમને કનડી જ કેવી રીતે શકે! આ સંસાર એ કનડગતો ની જાળ જ છે.અને એ બધી કનડગતો કે દુઃખો નદીના પ્રવાહ સમાન છે જે તમારા સૃષ્ટિ-ભાવ પૂર્ણ વ્યક્તિત્વ માં સમાઈ ગયા છે. એમને તમે તમારા સૃષ્ટિ-મય હૃદયમાં ખેંચી લીધા છે; અને સરિતાઓ નો એ શોરબકોર જ્યારે પ્રશાંત સાગર ને  મળે છે ત્યારે શાંત પડી ગયો છે. અને જેવા તમારા આ સંસાર ના સઘળાં સૃષ્ટિ-ગત સંતાપ અસ્તિત્વમાં સમાઈ ગયા, તેવા જ એ સઘળાં મટી જ ગયા.

એ ક્ષણ એ જ ઈશ્વરત્વ છે. એ જ સાક્ષાત્કાર માટેનું પ્રવેશ દ્વાર છે, અને જો તમે એવી સ્થિતિમાં હો જેથી નિયમિત રીતે એક ચોક્કસ સમય માટે પણ તમે આ જાપ અને ધ્યાન ચાલુ રાખી શકો – તો કોણ જાણે – ક્યારે એ પરપોટો ફૂટે! જીવત્વનો એ પરપોટો ફાટી ને ઈશ્વરત્વ ના સાગર માં અદૃશ્ય થઈ જાય! આવી મહાન સિદ્ધિ માટે તૈયાર રહો. અને ત્યારે તમારી એ મહાનતા નું વર્ણન કોણ કરી શકે! એ સ્થિતિનો વિચાર કરતાં જ તમારી આંખો વહેવા લાગે; તમારું શરીર ધ્રુજવા લાગે, કારણ એવા અનુભવ માટે એ તૈયાર જ નહીં હોય. પતંજલિ એ કરેલા વર્ણન મુજબ એ 'અંગમેજયત્વ' હશે – શરીરમાં ઊઠતી ધ્રુજારી કે કંપન. સરિતા સાગર ને પામી બોલી ઊઠશે: "આ.. હા.. કેટલી

વિશાળતા! મારે એમાં કઈ રીતે સમાવું? અત્યાર સુધી તો હું એક નજીવું ઝરણું જ હતું, હવે મારો પ્રવેશ જ્યાં થઈ રહ્યો છે તેની ક્યાં એ કોઈ મર્યાદા જ જણાતી નથી!" કદાચ એક ડર તમારો કબ્જો કરી લે; તમારા રૂવાડાં ખડા થઈ જાય અને તમને વીજળી નો ઝટકો લાગ્યો હોય તેવો રોમાંચ પણ થાય.

સામાન્ય રીતે કહું તો તમને આવા અનુભવો થઈ શકે. એનો અર્થ એવો નથી કે દરેક ને જ એવો અનુભવ થાય, પરંતુ એવું જરૂર કહી શકાય કે વિવિધ રીતનું વર્ણન કાંઈક આવું જ હોય! અને પ્રભુ કૃપા થી જો પ્રારબ્ધનો અંત આવવા નો હશે તો કદાચ તમે એને આજે જ મેળવી શકો. અને ૐ ના આ જાપ થી જો કદાચ તમે ભાવ સમાધિમાં દાખલ થઈ જાવ તો તમારી ભૂખ પણ મટી જશે, તરસ પણ નહીં રહે, અને તમારા શરીરમાં કોઈ અજબ ની શક્તિ આવી જશે. તમને કદાચ એવી લાગણી પણ થાય કે તમે પર્વતને પણ ઊંચકી શકો. ખરેખર તો તમે કદાચ એવું ન પણ કરી શકો, પરંતુ તમને એવી લાગણી અને પ્રેરણા જરૂર થવાની. તમારા વ્યક્તિત્વ માં એવું બળ દાખલ થાય પણ ખરું, અને જો સાક્ષાત્કાર થાય, જો વાસ્તવિક અનુભૂતિ થાય તો તમે એવું કરી પણ શકો. શ્રી કૃષ્ણ એ ગોવર્ધન ને કઈ રીતે ઊંચક્યો! આપણે એવું ન કરી શકીએ કારણ આપણે કેવળ એક જીવ છીએ, પરંતુ ઈશ્વર એવું જરૂર કરી શકે અને એવી સિદ્ધિ કે શક્તિ પ્રાપ્ત કરનાર કાંઈ જીવ નથી હોતો. જીવ તો ત્યાં રહ્યો જ નથી. એ તમે નથી જે યોગી કે સિદ્ધ તરીકે એ અદભુત કાર્ય પાર પાડો છો. એ તો ઈશ્વર જ છે જે પોતાના સાધનો દ્વારા આવા કાર્ય કરાવતો હોય છે. જે રીતે જ્યારે એક પથ્થર ને તમે તમારા હાથ વડે ઊચકો છો, ત્યારે ઊંચકનારો તમારો એ હાથ નથી પરંતુ તમે છો, તેવી જ રીતે જ્યારે કોઈ યોગી એવું આશ્ચર્ય પમાડનાર કાર્ય કરે ત્યારે, તે કાર્ય તો ઈશ્વર જ કરતો હોય છે, જે અન્ય જીવો માટે આશ્ચર્ય પમાડનાર છે કારણ કે તેઓ એ માટે અસમર્થ હોય છે. એક કીડી માટે પથ્થર ઊંચકનારો માનવી એક મોટું આશ્ચર્ય જ તો છે. એક કીડી માટે તો આપણે એક કદાવર જીવ જ છીએ; અને એવી જ રીતે આપણા-જીવ માટે, એક સિદ્ધ આશ્ચર્ય પમાડનાર વ્યક્તિ બને છે. પરંતુ વાસ્તવમાં તો એ દિવ્ય શક્તિ જ હોય છે જે સિદ્ધ ને એવી મહાનતા આપે છે.

જે રીતે એક સક્ષમ શરીર પોતાના હાથ વડે ભારી વજન ઊંચકી શકે છે, તેવી જ રીતે સુમેળ ભરી વિશ્વ કે બ્રહ્મ શક્તિ – જે ઈશ્વર શક્તિ છે – તે સિદ્ધ કે જીવનમુક્ત પુરુષ દ્વારા અદભુત ચમત્કાર સર્જી શકે છે. અને આપણા માં નો કોઈ પણ કદાચ કોઈક દિવસ આવો સિદ્ધ કે જીવનમુક્ત બની શકે છે. આપણે જો ઈશ્વરના આવા સાધન બની શકીએ તો આપણે માટે એની કૃપા કે આશીર્વાદ જ હોવાના, અને આપણે પણ આ પૃથ્વી પર હરતા ફરતા દિવ્ય આત્મા જ બની જવાના. આપણે સ્વયંજ તીર્થ કે પવિત્ર જળ બની જવાના અને આપણે માટે એ જ આ સંસાર થી મળતો મોક્ષ હોવાનો, આપણી આ બંધનો થી મળતી મુક્તિ હોવાની, જે માણ્ડૂક્ય ઉપનિષદ અનુસાર સરળ ક્રિયા ઓ થી જરૂર મેળવી શકાય – ૐ કે પ્રણવ નો સાચો અને યોગ્ય જાપ અને તે સાથે ઈશ્વર કે બ્રહ્મ જે આ સૃષ્ટિનું સ્વરૂપ છે, તેનું ધ્યાન કરવાથી.

## ૨. આત્મા અને પરમાત્મા

માણ્ડૂક્ય ઉપનિષદનો પહેલો મંત્ર ૐકારની પ્રકૃતિ અને તેના સમગ્ર સૃષ્ટિ સાથેના સંબંધને દર્શાવે છે. તે ઉપરાંત એ કેટલાક પદાર્થોને પણ દર્શાવે છે. એ એક વિશ્વવ્યાપી નામ છે જે વિશ્વવ્યાપી રૂપને એવી રીતે દર્શાવે છે કે નામ અને રૂપ બન્ને જોડાઈને એક અસ્તિત્વ નું બંધારણ બને છે. નામ પણ વિશ્વવ્યાપી છે અને રૂપ પણ વિશ્વવ્યાપી છે માટે એ સ્વાભાવિક જ છે કે તે બન્ને એક જ અસ્તિત્વમાં ભળી જાય, કારણ આપણે બે અલગ એવા વિશ્વ રૂપ તો ન જ ધરાવી શકીએ.

આ રીતે આપણી સમક્ષ વિશ્વવ્યાપી નામ સાથે જોડાઈ જતું વિશ્વવ્યાપી રૂપ હાજર થાય છે; આપણને આવી એક નામ-રૂપ થતી સમગ્રતા નો અનુભવ થાય છે. એ અનુભવ સ્વયં માં નથી તો કેવળ નામનો કે નથી એ કેવળ રૂપ નો. એ બન્ને છે અને છતાં એક્કે નથી. ઈશ્વર એ કાંઈ કોઈ એક નામ વળે દર્શાવાતું રૂપ માત્ર નથી, કે નથી એ કોઈ વસ્તુ કે પદાર્થ જેનું વર્ણન કોઈ વ્યક્તિ કરી શકે. ઈશ્વરના આ બંધારણમાં તો બધા જ વ્યક્તિ, વસ્તુ ઈ. સમાઈ જતાં હોવાથી, એને એની બહારના કોઈ નામ વળે સંબોધવો શક્ય જ નથી. માટે એક રીતે તો આપણે કહી શકીએ કે ઈશ્વર અનામ છે! આ રીતે સામાન્ય દૃષ્ટિથી જોતાં ઈશ્વરનું કોઈ ખાસ નામ હોઈ ન શકે, અને એવા નામ સાથે જોડાતું કોઈ રૂપ પણ ન જ હોઈ શકે.

તેથી ઈશ્વર એ એવું કાંઈક અવર્ણનીય છે જેને મૂળભૂત રીતે ૐ કે પ્રણવ દ્વારા દર્શાવાય છે, એક એવા નામ વળે જે એને શક્ય એવી ઉત્તમ રીતે સૂચવી શકે. આમ તો એનું કોઈ નામ ન હોય કે ન એનું કોઈ ચોક્કસ રૂપ હોય. એક જીવ તરીકે, પૃથ્વી પરનાં વ્યક્તિ તરીકે આપણેએની ગુણાતીત પ્રકૃતિને સરળતાથી સમજી નથી શકતા. તેથી જ એનો સાક્ષાત્કાર કરવા માટે નું ધ્યાન ધરવા માટે એને આપણા મનમાં પેદા તો કરવો જ પડે. એ જ કારણ છે કે એ ગુણાતીત પરમ બ્રહ્મ ને આવું અર્થપૂર્ણ અને સૂચક નામ આપવું જ પડે.

सर्वं ह्येतद् .... ब्रह्म, - "આ બધું જ સમગ્ર પણે બ્રહ્મ જ છે."

બીજો મંત્ર આ રીતે શરુ થાય છે. "આ સમગ્ર સૃષ્ટિ એ કેવળ પરમાત્મા જ છે," એ જ આ નિવેદનનો વાસ્તવિક અર્થ થાય, જેને તમે આ વિશ્વ કહો છો તે સમગ્ર પણે એ બ્રહ્મ જ છે.

एत्तत् वई तत् -" 'આ' બધું 'તે' જ છે."

'તે' અને 'આ' એ બે એવા ઉલ્લેખ છે જે બે ભિન્ન વસ્તુ કે પદાર્થને દર્શાવનારા છે; 'તે' દૂરનો પદાર્થ દર્શાવે છે, અને 'આ' નજીકનો. હવે 'આ' કદી 'તે' હોઈ ન શકે અને તેમ છતાં ઉપનિષદ એવું સૂચવે છે કે 'આ' નિશ્ચિત પણે 'તે' જ છે. હવે જો એક વસ્તુ એ બીજી વસ્તુ પણ હોય, તો ત્યાં બે અલગ વસ્તુઓ રહેતી જ નથી.

આવા 'તે' અને 'આ' જેવા દર્શક સર્વનામો ની જરૂરત જ કેમ ઊભી થઈ? 'ભાગ-ત્યાગ-લક્ષણ' તરીકે ઓળખાતી વ્યાખ્યાને આધારે 'તે' અને 'આ' એ બન્ને ઉલ્લેખો નું વિશ્લેષણ કરવાથી એ સમસ્યાનું નિરાકરણ લાવી શકાશે. તે માટે સામાન્ય રીતે એક જાણીતું ઉદાહરણ ટાંકવામાં આવે છે, જેમાં એવી એક વ્યક્તિ દેવદત્તનો દાખલો આપવામાં આવે છે, જેને દૂરના ભૂતકાળમાં કોઈ અન્ય સ્થળે તમે જોયો હતો અને હવે એને અહીં તમારી નજીક જ જુઓ છો.

'આ' - 'તે' જ દેવદત્ત છે.

એ બન્ને સ્થળો જુદા છે, તે ઉપરાંત, લાંબા સમય બાદ, દેવદત્તની ઉમર પણ વધી હોવાની; હવે કદાચ એ જુદી જ ભાષા બોલતો હોય; એ કદાચ તમને લાંબા સમય બાદ ન પણ ઓળખે, છતાં તમે એને અત્યારે ઓળખી શકો છો.

'આ' ખરેખર 'તે' જ વ્યક્તિ છે. - एत्तत् वई तत्

'આ' અને 'તે' નો સમન્વય, એ બે સર્વનામો ના અર્થ ના સંદર્ભમાં નથી કરવામાં આવ્યો, પરંતુ એ સર્વનામો એ દર્શાવેલ એક જ વ્યક્તિના સંદર્ભમાં થયો છે. 'આ' અને 'તે' કોઈ અલગ પદાર્થો નથી પરંતુ એ બન્ને એક જ પદાર્થ (કે વ્યક્તિ) ને દર્શાવનારા છે. એ બન્ને એક જ પદાર્થના દર્શક સર્વનામો છે, અને એ પદાર્થની એકતા 'આ' અને 'તે' ના તેની સાથેના સંબંધને લક્ષ માં રાખીને સ્વીકારવા માં આવી છે. એ પદાર્થ (કે વ્યક્તિ) ભલે ને જુદા સ્થળ કે કાળમાં હોય, પરંતુ એ વ્યક્તિને ઓળખ્યા બાદ 'એ' અને 'તે' વચ્ચેનો ફરક રહેતો નથી. એક જ વ્યક્તિ છે એવી ઓળખસ્થપાયા બાદ સ્થળ અને કાળ ના ફરક ને ત્યાગવામાં આવે છે; ત્યારે અને અત્યારે, ત્યાં કે અહીં, એવો કોઈ ફરક રહેતો નથી.

सर्वं ह्येतद् ब्रह्म ; अयम् आत्मा ब्रह्म

આ બધું જ બ્રહ્મ છે ; તથા (આ) આત્મા પણ (તે) બ્રહ્મ જ છે.

આમાં જ સમગ્ર ઉપનિષદ ના જ્ઞાન નું વિલક્ષણ તારણ સમાયું છે, જેને તમે વેદાંત નો નિચોડ કહી શકો, ઋષિમુનિઓ નાં ડહાપણ નો નિષ્કર્ષ કહી શકો, આ વિશ્વ જે આપણી ઇન્દ્રિયોને હાથવગું છે તે જ પેલું દૂર જણાતું બ્રહ્મ પણ છે, અને આપણી અંદર જ વસેલો આ આત્મા (આપણું વ્યક્તિત્વ) પણ, આપણને પેલો દૂર ભાસતો અને પહોંચ બહારનો પરમાત્મા પોતે જ છે.

અને અંતે એ તથ્ય ને સ્વીકારતા કે દરેક વ્યક્તિ સ્વયંને 'આ' ગણે અને બ્રહ્મને 'તે'ગણે છતાં બરાબર સમજી લે કે 'આ' એ જ 'તે' છે. અને જ્યાં સુધી 'આ' એ 'તે' જ હોવાનું, ત્યાં સુધી એનો અર્થ એ થવાનો કે 'આ' બધું જ 'તે' સિવાય અન્ય કશું જ નથી. આ વ્યક્તિત્વ, આ વ્યક્તિગત તા, આ જીવત્વ, અંતે તો એ પરમાત્મા, જે ઈશ્વર પણ છે અને જે દૂર જણાય છે, તેનો જ અંશ માત્ર છે. જો દરેક વ્યક્તિ આવા નિષ્કર્ષ પર પહોંચે તો સમગ્ર રીતે સર્જાતો એ 'હું' (અહમ્ ભાવ) 'તે' માં જ ભળી જાય –

'આ' એ 'તે' જ બની જાય. બધા જ– 'તે' (બ્રહ્મ) બની જાય - सर्वं ह्येतद् ब्रह्म.

બધી જ વસ્તુઓ 'તે' એક વસ્તુ કેવી રીતે બને?એ એક અન્યપ્રશ્ન છે.

सर्वं ब्रह्म : આ બધું જ બ્રહ્મ છે

અસંખ્ય વિવિધતા ઓ જાણે એકમેવ અસ્તિત્વમાં સમાઈ જતી હોય, - આ તો કાંઈક ગૂંચવણ ભર્યું જણાય છે કારણ, આપણે કદી અસંખ્ય વસ્તુઓ ને કેવળ એકમેવ હોય એવું તો કદી જાણ્યું નથી. વસ્તુના વિવિધ ગુણો ને કારણે આપણે આ વિશ્વને અસંખ્ય વિવિધતા વાળા વિશ્વ તરીકે જ નિહાળ્યું છે.

તો પછી આ બધી વિવિધતા નું શું? જ્યારે આપણે એને એકમેવ વાસ્તવિક્તા માં સમાવવા નો પ્રયત્ન કરીશું તો આ બધી વિવિધતા નું શું થશે? અહીં પણ આપણે ફરીવાર પેલા ભાગ-ત્યાગ-લક્ષણ નો જ પ્રયોગ કરવો

પડશે, જેમાં આ પ્રયોગ ને સમજવા માટે કેટલીક વાતો પડતી મૂકવી પડશે અને અન્ય કેટલીક વાતોને સ્વીકારવી પડશે.

જેવી રીતે પેલી વ્યક્તિ, જે અગાઉ ત્યાં હતી અને હાલમાં અહીં છે, તેને તેના ગુણો ને ધ્યાનમાં લઈ ને આપણે ઓળખી હતી, તેવી જ રીતે આ વિવિધતા ભર્યા વિશ્વને, તેનાં વિવિધતા દર્શાવનારા અનાવશ્યક ગુણો નો છેદ ઉડાવી ને એકમેવ ઈશ્વરત્વ માં મેળવી દઈશું, આવા અનાવશ્યક ગુણો એટલે એવા આકસ્મિક ગુણો જે કેવળ એની વિવિધતા દર્શાવનારા જ હોય પરંતુ એના બંધારણ માટે જરાએ આવશ્યક ન હોય. જે કાંઈ આકસ્મિક છે એને છોડવાનું છે અને જે આવશ્યક છે તેને પકડી રાખવાનું છે. બ્રહ્મ એ મૂળ તત્ત્વ છે તેથી એને કેવળ અન્ય તત્ત્વ સાથે જ સરખાવી શકાય! આવા આવશ્યક એવા બ્રહ્મ ને આ વિશ્વ-પદાર્થો ના આકસ્મિક ગુણો સાથે તો ન જ સરખાવી શકાય ને! આ વિશ્વના પદાર્થો માં જે નામ-રૂપ નો બંધારણીય ફરક આપણને જણાય છે એ કેવળ આકસ્મિક જ છે કારણ તે, જ્યાં સુધી સ્થળ-કાળ નું અસ્તિત્વ છે ત્યાં સુધી જ ટકે છે. હવે પ્રથમ મંત્રમાં દર્શાવ્યા મુજબ -

यच्चान्यत्त्रिकालातीतं तदपी ॐकार एव– આ બ્રહ્મ ત્રણે કાળને ઓળંગી જનારું છે.

અને તેથી જ એ કોઈ સ્થળ થી પણ બંધાતું નથી. આ જ કારણો થી એને સ્થળ કે કાળ જેવા કોઈ ગુણો હોતા નથી.

સ્થળ અને કાળ ના અનિવાર્ય પણે આવશ્યક એવા ગુણો (મૂળ પ્રાકૃતિક અથવા તાત્ત્વિક) કયા છે? એ ગુણો છે, કોઈ પણ બે વસ્તુ કે પદાર્થ વચ્ચેનો ભેદ જે તેની રચના ને કારણે હોય છે, બે વસ્તુ કે પદાર્થ વચ્ચેનો આવો ફરક તેમની વિશેષતા, વ્યાખ્યા ઈ. ને કારણે પણ સંભવી શકે, એવા કેટલાક ગુણો હોઈ શકે જેમને ગ્રહણ કરવાથી પણ આવો ભેદ આવી શકે – આવા બધા જ ગુણો ને વિશેષ તરીકે ઓળખવા માં આવે છે. આ વિશેષ ગુણો ને આપણે એક બીજા થી જુદા પાડી ને વસ્તુ કે પદાર્થ ના વિભાગો ઊભા કરીએ છીએ અને તે દરેક વિભાગ ને વળી એક જુદી જ ઓળખ આપી એ છીએ. આવા વિશેષ (ગુણો) ની જો બાદબાકી કરવામાં આવે તો ઓળખ અંગે નો ભેદ સ્વાભાવિક રીતે જ દૂર થઈ જાય છે. દા.ત. આપણે પાણીના એક રૂપ ને ‘ટીપાં’ તરીકે પણ ઓળખીએ છીએ. દરેક ટીપું અન્ય ટીપાં થી ભિન્ન હોય છે. બધાં ટીપાં હોય તો છે લગભગ સરખાં જ, બે ટીપાં વચ્ચે એવો કોઈ વિશેષ ભેદ નથી હોતો, જેથી તેમના ગુણો માં કોઈ ફરક આવે. જ્યારે આવા અસંખ્ય ટીપાં ભેગા થઈ જાય છે અને તેમને જુદા પાડનારું કોઈ કારણ રહેતું નથી ત્યારે આપણે એને સાગર કહીએ છીએ. ત્યારે પેલા ટીપાં નું અસ્તિત્વ જ મટી જાય છે. એમના ગુણો નું થએલ જોડાણ કાંઈક અંશે એમની વચ્ચે ના સ્થળ અને કાળ નો ભેદ દૂર થતાં શક્ય બન્યો છે, અને આ રીતે ગુણો નો મેળાપ થતાં ટીપાં ની વિવિધતા નો ભાવ પણ દૂર થઈ ગયો.

એવું કહેવાયું છે કે આ સૃષ્ટિ કે અસ્તિત્વ ની દરેક વસ્તુ ના પાંચ ગુણો છે: નામ, રૂપ, અસ્તિ, ભાતિ અને પ્રિય. નામ અને રૂપ થી તો આપણે પરિચિત છીએ જ, અને અસ્તિ, ભાતિ અને પ્રિય નો અર્થ થાય, અસ્તિત્વ હોવું, પ્રકાશિત થવું એટલે કે દેખાવું કે પોતાની હાજરી નો અનુભવ કરાવવો, અને આનંદ પ્રદાન કરવાનો ગુણ ધરાવવો. એને અસ્તિત્વ, ભાતિત્વ અને પ્રિયત્વ તરીકે પણ ઓળખી શકાય છે અને આ ત્રણે નામ અને રૂપ થી પણ વિશેષ વ્યાપેલા હોય છે, તેમજ તેમને નામ-રૂપ ના સ્થળ-કાળ સાથે કોઈ સંબંધ હોતો નથી. આપણે સૌ નામ-રૂપ ધરાવીએ છીએ, આપણા મા નો દરેક નામ-રૂપ થી જ ઓળખાય છે, અને આપણી ફરતે નામ-રૂપ નું એક સંકુલ

સર્જાયું છે, અને તેથી જ આ સંકુલ કે સંસાર ને નામ-રૂપ-પ્રપંચ તરીકે ઓળખવા માં આવે છે. તે નામ અને રૂપ ની જ (માયા)જાળ છે.

પરંતુ જ્યારે આપણે આ કેવળ નામ-રૂપ ની ઓળખ ના સ્વીકાર ની સ્થિતિથી બંધન અનુભવવા લાગીએ છીએ ત્યારે કોઈક એવી પ્રેરણાથી પ્રેરાય ને એ નામ-રૂપ થી પણ કાંઈક વિશેષ ને શોધવા લાગીએ છીએ. આપણી આવી શોધ જ આપણા રોજીંદા જીવનમાં એક રાહત સમાન બને છે. અને આપણા એ નામ-રૂપ થી કાંઈક વિશેષ માટે ના આપણે પ્રયત્નો કરતા રહીએ છીએ.

આપણે કેમ મથતા રહીએ છીએ? આપણે શા માટે વિચારતા રહીએ છીએ? આપણે કેમ કોઈ ને કોઈ પ્રવૃત્તિ માં રોકાએલા રહીએ છીએ?

આ બધા પાછળ કોઈક આશય હોય એવું જણાય છે, અને એ આશય માત્ર નામ અને રૂપ નો સંપર્ક રાખવા પૂરતો મર્યાદિત ન રહેતા, તેમને કોઈ જુદા જ ઉપયોગમાં લેવાનો હોય છે. આપણી બધી જ પ્રવૃત્તિ કેવળ એક જ આશયની આસપાસ ગૂંથાએલી છે, અને તે છે બાહ્ય પદાર્થો સાથેનો સંબંધ જાળવવો, તેમની સાથેસતત સંપર્ક માં રહેવું; પરંતુ એમાં એક અન્ય આશય પણ છે, જે બાહ્ય પદાર્થ ના સંબંધ અને સંપર્ક થી પણ કાંઈકવિશેષ હોય છે, અને તે છે એ બાહ્ય પદાર્થ ને, જેમાં સંબંધિત જીવો પણ આવી જાય, એવી રીતે ઉપયોગમાં લેવા જેથી તે સઘળાં આપણી દૃષ્ટિએ આપણા ફાયદા માં હોય, અને એવું ફળ કે પરિણામ પ્રાપ્ત કરવું 'એ જ' મૂળ આશય હોય છે, અને નહીં કે નામ-રૂપ ની મહત્તા જાળવવી. આ સંસારમાં તમે વસ્તુ કે વ્યક્તિ સાથે સંપર્ક કેવળ તેના નામ-રૂપ માટે નથી રાખતા પરંતુ એટલા માટે રાખો છો કે જેથી, તમારા મત મુજબ, તે દ્વારા તમને ફાયદો કરાવનાર પરિણામ પ્રાપ્ત થાય. સંજોગ વશાત્ જો એવું ન થાય તો તમે પેલી વસ્તુ કે વ્યક્તિ નો ત્યાગ કરો છો. તમે એ વસ્તુ કે વ્યક્તિ ને નહીં પરંતુ તેમના થકી મળતા પરિણામ વિશે વધુ ચિંતિત હો છો. જો તમને ઈચ્છિત પરિણામ નથી મળતું તો વ્યક્તિ કે વસ્તુની તમને જરાએ આવશ્યકતા રહેતી નથી. તમને જો તમારા ધારેલા પરિણામ નથી મળતા તો, તમારા એજ મિત્રો તમારા દુશ્મન બની જાય છે, અથવા તમે હવે એમના થી દૂર જ રહેવાનું પસંદ કરો છો, અને તમારી માન્યતા મુજબના તમને ફાયદો કરનારા પરિણામો ન મળતાં, તમારી તેમના તરફ ની અપેક્ષાઓ, તેમના પ્રત્યે ના તમારા અણગમા માં ફેરવાઈ જાય છે. આ રીતે એ નામ-રૂપ કે પદાર્થ નથી જેને તમે ઈચ્છો છો, પરંતુ એ તેમાં થી નીપજતું તમારું ઈચ્છિત પરિણામ છે, જે તમારે માટે અગત્ય નું છે. હવે આ 'ઈચ્છિત પરિણામ' શું છે?

બધા જ જીવો ની મૂળભૂત માંગણી કેમહત્વાકાંક્ષા તો એ જ હોય છે કે તેમને એક યા બીજા તાણ માંથી મુક્તિ મળે. હવે કોઈ પણ પ્રકાર ના તાણ માંથી મુક્તિ મેળવવી તે જ આનંદ ની પ્રાપ્તિ સમાન છે. તમે દુઃખી ત્યારે જ થાઓ છો જ્યારે તમે તાણ(માનસિક તાણ કે તંગદિલી)માં હો છો, અને જેવા એ તાણ માંથી મુક્ત થાઓ છો તેવા જ સુખ નો કે આનંદ નો અનુભવ કરો છો. જીવનમાં અનેક પ્રકારના તાણ અનુભવાતા હોયછે, અને એવા દરેક તાણ એ દુઃખ ના જ કેન્દ્રો હોય છે. એમાં કૌટુંબિક તાણ, સામાજિક તાણ, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય તાણ જેને સામાન્ય રીતે શિતયુદ્ધ તરીકે પણ ઓળખવા માં આવે છે, આ બધું જ વ્યક્તિ ને ચિંતા, વ્યથા, અસ્વસ્થતા કે તીવ્ર પીડા પહોંચાડે છે. આવા તાણ થી જ્યારે મુક્તિ મળે છે ત્યારે વ્યક્તિને એક પ્રકારનો સંતોષ કે આનંદ મળે છે, અને એને આ પ્રકારના સંતોષની જ હમેશાં તલાશ હોય છે. વાસ્તવમાં આપણે સૌ તાણ માંથી મુક્તિ ની ઈચ્છા જ કરતા હોઈ એ છીએ.

ઉપરોક્ત ગણાવેલા તાણ તો કેવળ બાહ્ય તાણો જ છે. આપણે તો આંતરિક તાણો પણ ભોગવતા હોઈએ છીએ, જે બાહ્ય તાણો થી પણ વધુ ખતરનાક હોય છે.–

સંજોગો ને કારણે ઊભું થતું માનસિક તાણ: એવા સંજોગો જે તમારા માં માનસિક તાણ લાવે છે. તે સંજોગો તમારા વ્યક્તિત્વ માં વિવિધ વૃત્તિઓ ની ગ્રંથિ રચે છે, જેને ઉપનિષદ ની ભાષામાં હૃદય ગ્રંથિ કહેવામાં આવે છે. યોગ શાસ્ત્ર માં આવી ત્રણ પ્રકારની ગ્રંથિ ઓ ગણાવવામાં આવી છે: બ્રહ્મ ગ્રંથિ, વિષ્ણુ ગ્રંથિ અને રુદ્ર ગ્રંથિ, જેને તમારે કુંડલિની શક્તિના ઉત્થાન વળે વિંધવાની હોય છે.

આ બધું તમે અગાઉ સાંભળ્યું અને જાણ્યું હશે. આ ગ્રંથિ ઓ એટલે કે ગાંઠો - અવિદ્યા, કામ અને કર્મ ની છે, એટલે કે અજ્ઞાન, ઈચ્છા અને ક્રિયા વિશે ની છે; આજ વાસના ઓ અને સંસ્કારોથી નીપજતું તાણ છે; આ જ બેભાન અને અભાન અવસ્થા વાળા મનનું તાણ બને છે; આ જ તમારી વણ સંતોષાએલી ઈચ્છાઓ અને નિષ્ફળ ગએલી ભાવના ઓ વિશે નું તાણ છે. આ જ તમારું પ્રકૃતિ ગત 'વ્યક્તિત્વ' છે. આપણે સૌ આવા તાણો ના સંબંધો થી ગૂંથાએલા સંબંધોની જાળ જેવા છીએ. આ જ આપણું જીવત્વ છે.

જીવનું બંધારણ કેવું છે? એ તાણ ના વિવિધ જૂથો માંથી જ ઘડાયું છે. એ જ કારણ છે કે કોઈ પણ જીવ સુખી નથી થઈ શકતો. આપણે સદા સતત ચિંતાની સ્થિતિ માં જ રહીએ છીએ અને હમેશાં એમાં થી નીકળવા માટે આતુર રહીએ છીએ. જીવ આ તાણ ને દૂર કરવા માટે ઈચ્છાઓ ને સંતોષવા નો માર્ગ અપનાવવા લલચાય છે કારણ એ તાણ નું કારણ જ અધૂરી ઈચ્છાઓ હોય છે. ઉપલક રીતે તો એવું જ જણાય છે કે ઈચ્છાઓ ની પૂર્તિ થતાં આ તાણ ને દૂર કરી ને આપણે નામ-રૂપ ના સંપર્ક થી આપણે અસ્તિ-ભાતિ-પ્રિય ની સ્થિતિ પ્રાપ્ત કરી શકીશું!

પરંતુ આપણે જે માર્ગ અપનાવીએ છીએ તે આપણને ગેરમાર્ગે દોરનારો હોય છે. એટલું જરૂર સાચું છે કે ઈચ્છાઓ ને સંતોષવી જ જોઈએ કારણ ઈચ્છાઓ ની પૂર્તિ વિના તાણ દૂર નહીં થઈ શકે. પરંતુ આપણે આપણી આ ઈચ્છાઓ ને સંતોષવી કઈ રીતે? એવું લાગે છે કે આપણે તો તે માટે સાવ ખોટી રીત અપનાવી રહ્યા છીએ;અને તેથી જ આપણી ઈચ્છાઓ આટઆટલા જન્મો લીધા પછી પણ કદી પૂર્ણ પણે સંતોષાઈ નથી. ઈચ્છાઓ કદી પદાર્થો ની પ્રાપ્તિ કે તેમના સંસર્ગ થી સંતોષી શકાતી નથી, કારણ પદાર્થો સાથેનો સંપર્ક ઈચ્છાઓ ને વધુ ને વધુ ભડકાવે છે – એ તો બળતા માં ઘી હોમવા જેવું છે – એને કારણે નવી નવીઈચ્છાઓ જાગૃત થતી જ રહે છે અને આવા ક્રમનું ચક્કર ચાલતું જ રહે છે – વસ્તુ કે પદાર્થ ની ઈચ્છાઓ ઊભરાતી જ રહે છે– અને એ વસ્તુ કે પદાર્થો વધુ ને વધુ ઈચ્છાઓ ને ઉત્તેજિત કરતા રહે છે. આ ચક્ર ને જ સંસાર-ચક્રકહ્યું છે. પદાર્થના સંપર્ક થી ઈચ્છાઓ થી કદી સંતોષાતી નથી. ખરી રીતે તો પદાર્થના સંપર્ક થી ઈચ્છાઓવધુ ભડકી ઊઠે છે. પદાર્થના બંધારણ વિશે ના અજ્ઞાન ને કારણે જ ઈચ્છાઓ ઉપજતી રહે છે. જ્યાં સુધી આ અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી આ તાણ કદી દૂર નથી થવાનું.

હવે આ અજ્ઞાન વળી કયું છે? આ અજ્ઞાન છે આપણી એવી માન્યતા કે આ વિશ્વની જણાતી વિવિધતા એ જ વાસ્તવિક્તા છે, અને આપણે આ બધી સીમિત વિવિધતાઓ ના મેળ થી જ આપણી અસીમ ઈચ્છાઓ ને સંતોષી શકીશું. આવો સીમિત પદાર્થો નો સરવાળો કદી અસીમતા સર્જી શકે નહીં, અને તેથી જ આવા સીમિત પદાર્થો નો સંસર્ગ અસીમ સંતોષ આપી શકે નહીં. એ જ કારણ છે કે આ નામ-રૂપ પ્રપંચ વળે અસ્તિ-ભાતિ-પ્રિય નો સાક્ષાત્કાર કરવો શક્ય જ નથી, જે આપણી રોજબરોજ ની પ્રવૃત્તિનું ચાલક બળ છે.

આપણે એક શાશ્વત અસ્તિત્વ ઇચ્છીએ છીએ. આપણને મૃત્યુજરા પણ સ્વીકાર્ય નથી, એ જ આપણી અંદર વસેલો અસ્તિત્વ ભાવ, જીવભાવ કે જીવત્વછે. આપણે કમ સે કમ બુદ્ધિશાળી કહેવાઈએ એવું ઈચ્છિએ છીએ. કોઈ આપણને મૂરખ સમજે તે આપણને પસંદ નથી, એ જ આપણી અંદર રહેલું ભાતિત્વ કે ચિત્ અથવા ચેતના છે. અને આપણને સુખ અને આનંદ જોઈએ છે નહીં કે દુઃખ, એ છે આપણી પ્રિય માટેની પ્રેરણા, આપણું પ્રિયત્વ કે પરમ સુખ. શાશ્વત અસ્તિત્વ અથવા અમર તા, એ અસ્તિ કે સત્ માટે ની પ્રેરણા છે. જ્ઞાન, ડહાપણ, પ્રકાશ, સમજ, જાણકારી એ ભાતિ કે ચિત્ અથવા ચેતના માટે ની પ્રેરણા છે. આનંદ, સંતોષ, સુખ એ અસ્તિત્વ ની અસીમ ચેતના ના આનંદ કે પ્રિય ની પ્રેરણા છે. સત્ – ચિત્ – આનંદ નું આ ત્રિગુણાત્મક સ્વરૂપ છે જે નામ-રૂપ પ્રપંચ થકી પણ જાહેર થાય છે, અને એ કેવળ નામ અને રૂપ નથી જેને આપણે આપણા જીવનમાં ઇચ્છીએ છીએ. ખરેખર તો પદાર્થ કે નામ-રૂપ ના સંસર્ગ દ્વારા આપણે વાસ્તવમાં અસ્તિ-ભાતિ અને પ્રિય ને જ ઇચ્છતા હોઇએ છીએ – નામ-રૂપ થકી પણ આપણી ખેવના તો સચ્ચિદાનંદ ની જ છે; આપણે બાહ્ય દેખાવ માંપણ વાસ્તવિક્તા ને જ શોધી એ છીએ; આપણે સાપેક્ષ માં પરમ ને શોધીએ છીએ; અને આ સમગ્ર સૃષ્ટિમાં બ્રહ્મને શોધતાં ફરીએ છીએ; આપણે આ સંસારમાં ઈશ્વરને શોધીએ છીએ. એ જ તો આપણી કોશીષ છે. આપણી બધી જ પ્રવૃત્તિઓ માં, પછી તે ઓફિસ ની હોય કે કારખાના ની, આપણા કોઈ પણ અન્ય કામકાજ ની હોય, તે સઘળાં પાછળ નો અંતિમ આશય આંતરિક તાણ થી મુક્તિ મેળવી અસીમ સંતોષ અને પરમ સુખ પ્રાપ્ત કરવાનો જ હોય છે.

આવી રીતે નામ-રૂપ પ્રપંચ ની આ સઘળી વિવિધતા વાળું (આ) વિશ્વ અંતે તો પેલું (તે) બ્રહ્મ જ છે.

सर्वं ह्येतद् ब्रह्म

જે રીતે સોના નાં બધા જ આભૂષણો માં આપણે સોના ને ઓળખી ને એમની એકરૂપતા ને જઈએ છીએ, તે રીતે જ નામ-રૂપમાં પણ અસ્તિ-ભાતિ-પ્રિય ની એકરૂપતા ને નિહાળવા ની છે, સચ્ચિદાનંદ ને ઓળખવા નો છે. આભૂષણો માં રૂપ-આકાર ની ગમે તેટલી વિવિધતા હોય, સોનું તો સૌ માં સામાન્ય રહે છે. આપણે કહી શકીએ કે બધા જ આભૂષણો એ સોનું જ છે. આ વિશે શું કોઈ વિવાદ હોઈ શકે ખરો? બધા આભૂષણો સોનું જ તો છે, કારણ કે તે બધા સોના માંથી જ ઘડાયા છે. એવી રીતે જ આ બધું પણ બ્રહ્મ જ છે - **सर्वं ह्येतद् ब्रह्म**– કેવળ વિવિધતા એના મૂળ તત્ત્વ ની ઓળખ માં બાધા બનતી નથી. માટી ના બધા જ ઘડા, માટીના જ બન્યા હોય. આપણે નિશ્ચિત પણે કહી શકીએ કે બધા ઘડા માટી જ છે; એવી જ રીતે બધા વૃક્ષો લાકડું જ છે; સમગ્ર સાગર એ જળ છે. આ બધા જ દાખલા ઓ માં જે ફરક જણાય છે તે એના મૂળ તત્ત્વ ની ઓળખ માં બાધક બનતો નથી, વિવિધતા મૂળ તત્ત્વ ને નકારતી નથી. આટલી વિવિધતા માં પણ મૂળ તત્ત્વ તો એક જ રહ્યું છે. હવે વિશ્વની આ વિશાળ વિવિધતા પણ આપણને 'આ' અને 'તે' ની એકતા ને સમજવામાં બાધા ન જ બની શકે, અને એ સમજાવે છે કે નજીકનું કે દૂરનું બધું એક જ છે.

ભૌતિક પદાર્થનાબે પાસાં છે,કે જેમને વિશે આપણે વિચારવું પડે.એક તો છે, આ સૃષ્ટિનું 'દ્રવ્ય-તત્ત્વ' અને આ સૃષ્ટિમાં વર્તાતા 'અંતરો'.આ'દ્રવ્ય-તત્ત્વ' માં જણાતી વિવિધતા માત્ર એના વિવિધ રૂપ ને કારણે જ છે અને નહીં કે એના મૂળ-તત્ત્વ ને કારણે. દા. ત. આપણે જંગલનું જ ઉદાહરણ લઇએ, કોઈ પણ એક વૃક્ષ, અન્ય વૃક્ષ જેવું નથી હોતું. અરે! એક વૃક્ષના બે પાંદડા પણ એક સરખાં હોતા નથી. કેટલાક વૃક્ષો લાંબા હોય છે તો કેટલાક ટૂંકા, કોઈ જાડા હોય છે તો કોઈ સાવ પાતળા, કોઈ એક પ્રકારના હોય છે તો કોઈ બીજા જ પ્રકારના. આટઆટલી વિવિધતા હોવા છતાં એ બધા જ વૃક્ષો અંતે તો લાકડું જ છે. એમાંથી ખુરશી, ટેબલ ગમે તે બનાવો પરંતુ અંતે તો એ લાકડું જ

રહે છે. એવી જ રીતે આ સૃષ્ટિના બધા જ પદાર્થનું છે. તાત્ત્વિક રીતે તો બધા જ પદાર્થ સરખા છે, પછી ભલે ને એમના નામ-રૂપ ગમે તેટલી વિવિધતા હોય. હવે આ થયું પદાર્થનું એક પાસું.

બીજું પાસું છે: આ પદાર્થો એક બીજા થી બંધારણની દૃષ્ટિએ કેમ જુદા પડે છે? તેમના બંધારણમાં આવતો આ ફરક, અસ્તિત્વમાં રહેલી સ્થળ-કાળની પ્રતિક્રિયા ને કારણે હોય છે. સ્થળ-કાળ તરીકે નું આ એક એવું તત્ત્વ છે, જેને સમજવા નું સહેજ કઠીન છે. એ ભલે સૌથી અગત્યનું ન હોય તો પણ આ સૃષ્ટિના પદાર્થોને સમજવામાં ખાસ્સો અગત્ય નો ભાગ ભજવે છે. પદાર્થોને આપણે કેવળ સ્થળ-કાળ ના સંદર્ભમાં જ નથી જોતા. એ એક અતિ અગત્ય નું માનસિક ગ્રહણ શક્તિ અંગે નું પાસું પણ છે. આપણે પદાર્થ કે વસ્તુ સાથે હરદમ સંકળાએલા રહીએ છીએ પરંતુ તેમની સાથે સંકળાએલ સ્થળ અને કાળ ના તથ્ય ને અણ દેખ્યું કરીએ છીએ. આપણે એક એવા વહેમમાં છીએ કે સ્થળ અને કાળ જેવું કાંઈ છે જ નહીં અને તેમને અણ દેખ્યાં કરી ને માત્ર વસ્તુ કે ઘન પદાર્થની જ કાળજી કરવાની છે. આ એક મોટી ગેરસમજ છે. આધુનિક વિજ્ઞાન પણ આપણને એજ સમજાવે છે કે સ્થળ અને કાળ પદાર્થની નક્કરતા સાથે કેવી રીતે સંકળાએલા છે, તેમ જ ભલે વધુ ન હોય તો પણ એ(સ્થળ અને કાળ) નક્કરતા જેટલા જ અગત્ય ના છે.

કોઈ પણ વસ્તુ કે પદાર્થનું તત્ત્વ અને બંધારણ, કાળ(સમય) અને સ્થળ સાથે સંકળાએલ વિવિધ પાસાં પર આધારિત હોય છે. વસ્તુનું સ્થાન, વિષયનું અવલોકન કેન્દ્ર અને એ વસ્તુનો અન્ય વસ્તુઓ સાથેનો સંબંધ; આ બધા જ પાસાં કોઈ પણ એક વસ્તુના બંધારણ ને નક્કી કરે છે. અહીં તમને મારી સલાહ છે કે, જો તમને અનુકૂળ હોય તો, આધુનિક વિજ્ઞાને કરેલી કેટલીક શોધો નો અભ્યાસ જરૂર કરો, ખાસ કરીને ભૌતિક શાસ્ત્ર નો અભ્યાસ. વસ્તુઓ મૂળભૂત રીતે જ સ્થળ અને કાળ સાથે સંકળાએલ હોય છે. તે કાંઈ સ્થળ-કાળ સાથે કેવળ ઉપલક કે યાંત્રિક રીતે જ બંધાએલી નથી. એવું નથી કે વસ્તુઓ આકાશમાં અધ્ધર લટકતી હોય. આધુનિક ભૌતિક શાસ્ત્ર પણ વાતનો સ્વીકાર નથી કરતું. આજે સ્થળ અને કાળને એક જ ગણવામાં આવે છે, એવું નથી કે સ્થળ એક છે અને કાળ બીજું. એ બન્ને તો એક જ અખંડ રચના ના બે અલગ નામો માત્ર છે, જેમને સ્થળ-કાળ સંકુલ તરીકે ઓળખવા માં આવે છે, અને આ સૃષ્ટિના બધા જ પદાર્થો એ 'સ્થળ-કાળ' ના જ લય, કંપનો કે સ્પંદનો છે.

બધી જ વસ્તુઓ નું અવકાશ માં હોવું એ સ્થળ-કાળ ના અખંડ પ્રવાહ નું વિવિધ બંધારણીય ફેરફારો સાથેનું હોવું તે જ છે. અંતે આપણને કહેવામાં આવે છે કે અસ્તિત્વ તો કેવળ 'સ્થળ-કાળ' નું જ છે – અને વસ્તુ કે પદાર્થનું નથી અને આ કહેવાતા વ્યક્તિ કે પદાર્થો જેમની સાથે આપણે સંપર્કમાં આવી એ છીએ એ પણ કેવળ 'સ્થળ-કાળ' જ છે. પદાર્થ સાથે જાણે અજાણ્યે આપણે સંપર્ક રાખીએ છીએ પરંતુ આપણને ખબર નથી કે આ શું થઈ રહ્યું છે. અને આમ આપણને જણાતો તેમના બંધારણ અંગેનો ફરક પણ કેવળ એક ભ્રમણા માત્ર જ છે. આ બધાને અંતે તો પેલો સ્થળ- કાળનો સંબંધ પણ અદૃશ્ય જ થઈ જાય છે. આ રીતે બધી જ વિવિધતા માં જણાતું તત્ત્વ એક જ છે અને છેવટે સ્થળ-કાળનો ફરક પણ તેમાં જ સમાઈ જાય છે.

एकम सत् विप्रा बहुधा वदंति, - એ વેદો નું જાહેરનામું છે.

ઋષિમુનિઓ એ એક જ અસ્તિત્વ ને વિવિધ રૂપે ગણાવ્યું છે. તેઓ એકને જ અનેક તરીકે જુએ છે. એકના જ અસંખ્ય નામો આપવામાં આવ્યા છે, આ જ કારણથી, આ જગતને દર્શાવનારા નામ અને રૂપ તત્કાળ જ સ્થળ-કાળ ના બંધારણમાં ફેરવાઈ જાય છે અને છેવટે એ સ્થળ-કાળ પણ સ્વયં ચેતનામાં પરિવર્તીત થાય છે.

सर्वं ह्येतद् ब्रह्मः – આ સઘળું વિશ્વ બ્રહ્મ જ છે. એ ઈશ્વર સ્વયં જ છે, જે એના મહિમા વાળા અસંખ્ય વિવિધ રૂપો સાથે પોતાને પ્રકાશ માં લાવે છે.

આ બધું જ જો બ્રહ્મ હોય તો આપણો આ કહેવાતો આત્મા પણ શંકા વિના જ બ્રહ્મ હોવાનો:

अयम् आत्मा ब्रह्मः

હવે આપણે આ વાતને ફરી સમજાવવાની જરૂર નહીં પડે. એ હવે સ્પષ્ટ જ થઈ જાય છે, કારણ આ આત્મા પણ 'બધા' માં સમાએલો જ છે, सर्वं ह्येतद् ब्रह्मः આ બધું જ બ્રહ્મ છે; માટે अयम् आत्मा ब्रह्मः આ આત્મા બ્રહ્મ જ છે.

કયો આત્મા? એ એક અન્ય પ્રશ્ન ઊઠે છે. આ આત્મા છે શું? સામાન્ય રીતે આપણે આત્મા, આપણા શરીરમાં વસેલી, ઉત્સાહ ભરી, ચેતનાને જ સમજીએ છીએ. આપણે એને 'હું પોતે', 'તુ પોતે', 'તે પોતે', ઈ. કહીએ છીએ. સામાન્ય ભાષા તરીકે આવા ઉદબોધ નો વપરાતાં હોય છે. હવે આ આત્મા એ વાસ્તવિક આત્મા નથી, કેવળ ધારણા માત્ર છે, કારણ આપણે તો 'હું પોતે', 'તુ પોતે', 'તે પોતે', ઈ. કહીને વિવિધ આત્મા ઓ સર્જ્યા છે. એ બધા જ મિથ્યા આત્મા કે ગૌણ આત્મા છે, અગત્ય ના નહીં હોય એવા આત્મા છે – વાસ્તવિક કે મુખ્ય આત્મા નથી – અર્થાત્ પરમાત્મા નથી. જ્યારે બ્રહ્મ જ આત્મા છે તો બધા જ આત્મા હોવાના,અને તે સંજોગોમાં કોઈ પણ પદાર્થને વસ્તુ ગણવું અશક્ય જ થઈ જાય. બધી જ વસ્તુઓ અંતે તો 'વિષય' માં ભળી જાય છે, કારણ બ્રહ્મ એક દૃષ્ટા છે – દૃષ્ટા પુરુષ છે – વિષય છે – છેવટનો સાક્ષી છે, એવી ચેતના છે જે એક્કી સાથે જ દૃશ્ય તથા જોનાર(દૃષ્ટા) બન્ને છે. બ્રહ્મ કદી (વિષય)વસ્તુ ન બની શકે. જ્યારે એ સ્વયં વસ્તુ નથી છતાં બધી જ વસ્તુઓ 'એ' જ છે - सर्वं ह्येतद् ब्रह्मः, તો પછી બધી જ વસ્તુઓ આત્મા જ હોવી જોઈએ.

આવું સમજાય ત્યારે આપણને એક વૈશ્વિક ધારણાનો અનુભવ થાય છે, જે એક સર્વગ્રાહીઅવલોકન બને છે. જેનો અર્થ થાય, જોનાર કોઈ પણ બાહ્ય પદાર્થ કે વસ્તુ ની ગેરહાજરીમાં જ અવલોકી રહ્યો છે. આ એક અસામાન્ય દૃષ્ટિ છે, કારણ અહીં આપણે કોઈ પણ ધારણા વાળી વસ્તુની ગેરહાજરીમાં પણ કાંઈક જોઈ રહ્યા છીએ. આ જ કોઈ પણ જાણકારી વિનાનું જ્ઞાન છે. જ્યારે જ્ઞાન, બહારનો કોઈ પદાર્થ જ ન હોય ત્યારે બધું જ જ્ઞાનમય બની જાય છે, એવું ભગવદ ગીતામાં પણ કહ્યું છે –"**જ્ઞાનમ્, જ્ઞેયમ્, જ્ઞાનગમ્યમ્**".

એ જ્ઞાન છે અને જાણકારી પણ, જેને જ્ઞાન વળે પ્રાપ્ત કરી શકાય છે. એ જ્ઞાનનો સાગર છે કારણ એની બહાર કોઈ પદાર્થ કે વસ્તુ હોતા જ નથી. માટે જ એને આપણે આત્મા તરીકે ઓળખીએ છીએ. આત્માની પ્રકૃતિ જ જ્ઞાન છે અને નહીં કે કોઈ જાણકારી કે માહિતી અથવા વસ્તુ કે દ્રવ્ય તત્ત્વ. એવો વૈશ્વિક આત્મા જ બ્રહ્મ છે; વ્યક્તિગત જીવાત્મા નહીં પરંતુ વૈશ્વિક (પરમ)આત્મા જ બ્રહ્મ છે - एतद् ब्रह्मः. આ બ્રહ્મ એજ પરમાત્મા છે જે વૈશ્વિક છે. સર્વત્ર વિદ્યમાન છે.

સર્વત્ર વિદ્યમાન એવા આકાશનો સામાન્ય દાખલો ઘડા માં રહેલા આકાશ ના સંદર્ભમાં લઇએ: આકાશ તો વૈશ્વિક છે, પરંતુ એ આકાશ કે અવકાશ ઘડાની અંદર કે ચાર દીવાલો વચ્ચે હોવાથી મર્યાદિત જણાય છે. શું એ ઘડાની અંદર હોવાથી તમે એને મર્યાદિત કહી શકો? વાસ્તવમાં એ ઘેરાવાથી મર્યાદિત નથી બનતું. અને ઘડો જ્યારે આકાશમાં આમતેમ ખસે, ત્યારે આપણે એવું નથી કહી શકતા કે એમાં બંધાએલું આકાશ (કે અવકાશ) પણ આમતેમ થાય છે. એવી જ રીતે જ્યારે તમે સ્થળાંતર કરો છો ત્યારે આત્મા ખસતો નથી. તમે ભલે ગમે ત્યાં જાઓ, આત્મા તો સ્થિર જ રહે છે કારણ એ વૈશ્વિક છે; અને વૈશ્વિક એટલે સર્વત્ર વિદ્યમાન, સદાકાળ વિદ્યમાન (અને એટલે જ સર્વ શક્તિમાન પણ ખરો!).सर्वं ह्येतद् ब्रह्मः।अयम् आत्मा ब्रह्मः।

આ જે બ્રહ્મ છે, જે વૈશ્વિક આત્મા છે, તેને પણ વ્યક્તિગત અનુભવ તરીકે મેળવી શકાય છે – એને અનુભવી શકાય છે. માણ્ડૂક્ય ઉપનિષદ ના આરંભમાં જ જેને ॐ ની વ્યાખ્યા વળે ઓળખાવાયો છે તે આત્મા, જે બ્રહ્મ પણ છે, તેને પ્રાપ્ત કરવાની કે અનુભવવા ની પ્રક્રિયા તે વિશ્લેષણ અને સંયોજન ની પ્રક્રિયા છે, અન્વય અને વ્યતિરેક ની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા વળે આ આત્મા નો વિષય તરીકે સાક્ષાત્કાર કરવામાં આવે છે. અગાઉ દર્શાવ્યા

મુજબ, આપણે અહીં (વિષય)વસ્તુ કે પદાર્થ ની ચિંતા કરવાની નથી, પરંતુ વિષયને જ લક્ષ્ય માં રાખવા નો છે. કારણ એ વિષય જ છે જે બ્રહ્મ પ્રાપ્તિનું સાધન છે. એવું કઈ રીતે થાય? કારણ બ્રહ્મ જ આપણો પરમ વિષય કે પરમાત્મા છે; એ કોઈ વસ્તુ કે પદાર્થ નથી. આપણે કોઈ પણ વસ્તુ દ્વારા બ્રહ્મ સુધી પહોંચી ન શકીએ, ને વળે એનો સાક્ષાત્કાર પણ ન જ કરી શકીએ. એને તો કેવળ વિષય રૂપે જ મેળવી શકાય. આ રીતે ઉપનિષદ ના હવે પછીના સુત્રો નો આપણે જે અભ્યાસ કરવાના છીએ તેમાં વિશ્લેષણ અને સમન્વય પ્રક્રિયા ઓ વળે જેનો અનુભવ પ્રાપ્ત કરનાર છીએ તે વિષય પરમાત્મા જ છે અને નહીં કે વસ્તુ અથવા પદાર્થ. જ્યારે આપણે વૈશ્વિક વિષયની પ્રકૃતિને તપાસવાના છીએ, ત્યારે અવશ્ય જ વસ્તુ અથવા પદાર્થ ની ચર્ચા થનાર નથી.

આ વિશ્લેષણમાં આપણે જે વિષય કે આત્મા નો અભ્યાસ કરવાના છીએ, તેને ચાર સ્તરે જોવાના છીએ.

સોऽયમાત્મા चतुष्पात्– આ આત્મા ને ચાર પાદ માં તપાસવાના છીએ.

આત્માના આ ચાર સ્તર કે પાદ કયા છે? શું એ ગાય ના ચાર પગ જેવા છે? આપણે ગાય ના ચારે પગ અલગ અલગ રીતે જોઈ શકીએ છીએ, તે એક બીજા થી અંતરે હોય છે અને એક બીજા થી સાવ જુદા હોય છે. શું આત્મા ના પણ આ રીતે જ ચાર પાદ હોય છે?

એ લગીરે સાચું નથી કે આત્માના ચાર પાદ ગાય ના ચાર પગ જેવા છે, પરંતુ એ રૂપિયાની ચાર પાવલીઓ જેવા જરૂર કહી શકાય કારણ જે રીતે રૂપિયા સાથે ચારે પાવલીઓ જોડાએલી જ રહે છે તે રીત જ આત્માના ચારે પાદ એને સંલગ્ન જ હોય છે. માણ્ડૂક્ય ઉપનિષદમાં આ ચાર પાદ એ આત્માના અભ્યાસ માટેના ચાર સ્તરો કે પાસાં છે, અને નહીં કે ચાર અલગ રીતે ઓળખાય તેવા વિભાજનો કે વિભાગો.

આત્માની પ્રકૃતિ અંગે ના અભ્યાસ માટે ઉપયોગમાં લેવાતા આ ચારપાસાંજે માણ્ડૂક્ય ઉપનિષદ નો મુખ્ય વિષય છે, એ જીવાત્મા માટે  સ્વયં ને ઉપર લઈ જવાની એક પ્રક્રિયા પણ બને છે. આ સંપૂર્ણ યોજનામાં વિશ્લેષણ અને સંયોજન ના ઉપયોગ થી આત્મા ને  એના નિમ્ન સ્તરે થી ઉચ્ચ સ્તરે લઈ જવાની કે અતિક્રમી જવાની પ્રક્રિયા પણ વર્ણવવામાં આવી છે.

માણ્ડૂક્ય ઉપનિષદ સ્વયં માં વેદાંત નો એક સંપૂર્ણ અભ્યાસ છે, કારણ કે થોડા અમસ્તા શબ્દો અને સુત્રો માં જ એ આપણને આપણા જીવનની પાયાની ફરજો શું છે તે સૂચવી દે છે. સાથે જ આપણા (આત્માના) નિમ્ન સ્તર ને વિશ્લેષણ દ્વારા, જેમાં કાંઈ પણ છોડ્યા વિના અને બધું જ આવરી લઈને,ઉચ્ચ સ્તરે કેવી રીતે લઈ (અતિક્રમી) જવો, તેનું સુંદર સંયોજન કરવામાં આવ્યું છે. અને આવું કરવામાં કોઈ પણ વિષયને છોડ્યા વિના સમગ્ર વેદાંત ના નિચોડ નો પૂર્ણ પણે સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં વિવિધ વિશ્લેષણો ની મદદ વળે આપણે સ્વયંને અતિક્રમી જવાની કોશીષ કરી શકીએ છીએ કારણ તે માટે કેવળ સંયોજન કે સમન્વય પૂરતા નથી. આ સમન્વય માં જો તમે એકતા ની બધી જ વિગતો ને આવરી લો તો શક્ય છે કે તમને આ વિશાળ ભૌતિક વિશ્વના દર્શન પણ થાય. ત્યારે કદાચ તમને એવું લાગે કે આ જ બ્રહ્મ છે. પરંતુ આવી ગેરસમજ નિવારવા માટે, ઉપનિષદ આત્મા ને અતિક્રમી જવા અંગેનો વિષય દાખલ કરે છે. જેમાં તમારે આ સંપૂર્ણ દૃશ્યમાન જગતને એકમેવ અસ્તિત્વમાં એકઠું જ નથી કરવાનું પરંતુ તમારે ત્યાંથી પણ આગળ (અતિક્રમી) જવાનું છે, કારણ વિશ્વનું એ ભૌતિક સ્વરૂપ જ કાંઈ બ્રહ્મની સાચી પ્રકૃતિ નથી.

બ્રહ્મ એ કેવળ આ ભૌતિક અસ્તિત્વ જ નથી, એટલું જ નહીં પરંતુ એ કેવળ આ ભૌતિક સૃષ્ટિ પણ નથી. અને તેથી જ એને સમજવા માટે વારા ફરતી દરેક પગથીએ ભૌતિકતા ને આપણે અતિક્રમી જવાનું છે. તે માટે ચાર પગથિયાં લેવામાં આવ્યા છે. એ જ ચાર પાદો છે જેનો ઉપનિષદમાં ઉલ્લેખ છે અને એજ આત્મા ને અતિક્રમીજવાના ચાર સ્તરો છે.

આ વિશ્વની બધી જ વિધાઓ ને એકત્ર કરી આપણે એક એકતા પ્રાપ્ત કરી છે. અને હવે વિશ્વની એ ભૌતિકતા ને પણ અતિક્રમી જવા માગીએ છીએ જેથી એના માનસિક કે સૂક્ષ્મ વિશ્વને પ્રાપ્ત કરી શકીએ, સમજી શકીએ, અનુભવી શકીએ, અને ત્યાર બાદ તેને વટાવી ને કારણ વિશ્વ સુધી પહોંચીએ; અને તેને પણ ઓળંગીને પરમ ને પહોંચીએ – આધ્યાત્મિકતા ના એવા શિખરે પહોંચીએ, જેને આપણે વિશ્વ કે સૃષ્ટિ જેવું મર્યાદા ભર્યું નામ ન જ આપી શકીએ. એને તો આપણે કેવળ પરમ તરીકે જ ઓળખવું પડે. આ રીતે હવે આપણી પાસે આત્માના ભૌતિક, સૂક્ષ્મ, કારણ અને પરમ એમ ચાર પાદો થયા. અથવા તેમને આત્માની પ્રકૃતિ ના અભ્યાસ અર્થે ઘડેલા ક્રમશઃ અતિક્રમી જતા ચાર સ્તરો પણ કહી શકાય, જેનું વર્ણન આ ઉપનિષદમાં કરવામાં આવ્યું છે. આ ચાર સ્તરો ને જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય, જેમને જાગૃત અવસ્થા, સ્વપ્ન અવસ્થા, સુષુપ્તિ અવસ્થા અને તુરીય અવસ્થા તરીકે પણ ઓળખવા માં આવે છે. આ જ છે ચેતનાની ચાર સ્થિતિઓ, અને આ ચેતનાનો અભ્યાસ એ પરમ કે બ્રહ્મનો જ અભ્યાસ છે, કારણ કે બ્રહ્મ એજ ચેતના છે.

प्रज्ञानाम ब्रह्मः -બ્રહ્મ એજ પ્રજ્ઞા કે ચેતના છે.

માણ્ડૂક્ય ઉપનિષદનો વિષય જ ચેતનાનો અભ્યાસ છે – ચેતના ના ચાર સ્તરો નો અભ્યાસ છે - આ એવી અવસ્થા ઓ છે જેમાં ચેતના સંભવતઃ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ તેમજ એની પવિત્ર, શુદ્ધ પરમતા ની સ્થિતિમાં કેટલાક હંગામી અને આકસ્મિક સંજોગો સાથે જોડાએલી જણાય છે. માટે આપણે વારાફરતી જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને શુદ્ધ આત્મિક પરમતા ની અવસ્થાઓ, સ્વયં ને અતિક્રમી જતી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઓળંગવાની છે. આ ઉચ્ચતમ દ્વારા નિમ્ન ને ઓળંગવાની પ્રગતિશીલ પ્રક્રિયામાં જે ઉચ્ચતમ છે એ નિમ્ન ને કદી નકારતું કે અસ્વિકારતું કે ત્યાગતું નથી, પરંતુ એને સ્વ માં શુદ્ધિકરણ સાથે સમાવતું જાય છે. જે રીતે આઠમા ધોરણનો અભ્યાસક્રમ બારમામાં અને બારમાનો, સ્નાતક ના અભ્યાસક્રમમાં, એમ આગળ ને આગળ જતાં સમાઈ જતો હોય છે.

જ્યારે તમે તમારા શિક્ષણમાં આગળ વધો છો ત્યારે નિચલી કક્ષાઓ માં મેળવેલા જ્ઞાન ને ત્યાગતા નથી, પરંતુ તેને વધુ સ્પષ્ટ અને શુદ્ધ કરીને નવા જ્ઞાન સાથે સામેલ કરી લો છો. એ જ રીતે સ્વયં ને અતિક્રમી જવાની પ્રક્રિયામાં પણ એવું જ હોય છે, જ્યારે તમે ઉપલા સ્તરે જાઓ છો ત્યારે, તમે જે નીચલા સ્તરે મેળવ્યું છે તેનો ત્યાગ નથી કરતા, તેને નકારતા નથી પરંતુ તમારા ઉચ્ચ સ્તર ની પ્રાપ્તિમાં એને યોગ્ય બદલાવ સાથે સામેલ કરી લો છો. એમાં નીચલા સ્તર ની જાણકારી પણ એના વાસ્તવિક મુલ્યો સાથે સામેલ હોય જ છે. તમે જ્યારે સ્વપ્ન માંથી જાગો છો ત્યારે તમે તમારા સ્વપ્ન ના મુલ્યો કે તેની પ્રત્યક્ષતા ને નકારતા નથી, પરંતુ તેને તેનાથી ઉપલા સ્તરની જાગૃત અવસ્થાના મુલ્યો કે અનુભવોમાં સામેલ કરી લો છો, એટલા સુધી કે સ્વપ્નમાં થી જાગૃત થવા બદલ એક સુખનો અનુભવ પણ કરો છો. તમને એ સ્વપ્ન અવસ્થાના પદાર્થોને ખોવા અંગે પણ કોઈ ફરિયાદ નથી હોતી, કારણ હવે તમે જાગૃત થઈ ચૂક્યા છો. તમે એવું નથી કહેતા કે, 'અરે રે! હું શા માટે જાગી ગયો, આ તો મેં મારા સ્વપ્ન જગતનો ખજાનો ગુમાવ્યો!'; તમને એવો કોઈ અફસોસ થતો નથી. તમે સંતોષ જ અનુભવો છો. એવી ભ્રામક ચિંતાઓ દૂર થતા તમને સારુ જ લાગે છે.

એ જ રીતે ઈશ્વર સાક્ષાત્કાર અને સ્વયં ને અતિક્રમી જવાની મહાન પ્રક્રિયા પણ અંતે સુખદ જ નિવળે છે. એમાં પણ સ્વયં ને અતિક્રમી જવાની સર્વોચ્ચ પ્રક્રિયા એ હોય છે જે વળે તમને સ્વયં ઈશ્વરની પ્રાપ્તિ થઈ જાય, અને અંતે આપણને જે મળે છે તે છે ઈશ્વરત્વ, જેમાં આ જગતને નકારવાનું કે ત્યાગવાનું નથી હોતું. પરંતુ આ જગતને ઈશ્વરત્વ ની સજીવતામાં સમાવી લેવાય છે, એને સમગ્ર પણે ઈશ્વરના પરમ તત્ત્વ માં મેળવી દેવામાં આવે છે; જે રીતે આપણે સ્વપ્નમાં થી આ જગતની કહેવાતી જાગૃત અવસ્થામાં આવીએ છીએ, તે જ રીતેઆ સંસાર થી ઉપર ઊઠીને આપણે ઈશ્વરમાં જાગૃત થઈ ચેતનાની વાસ્તવિક્તા ના દર્શન કરીએ છીએ.

ઈશ્વર-પ્રાપ્તિ એ એવી સમગ્ર ચેતન અવસ્થા ની પ્રાપ્તિ છે જેમાં આપણે બધું જ મેળવીએ છીએ અને આપણે ગુમાવવાનું કશું જ હોતું નથી. તેથી જ કહેવાય છે કે આપણા જીવનનું એક માત્ર ધ્યેય, ઈશ્વર-પ્રાપ્તિ જ છે, કારણ જ્યારે આપણે ઈશ્વરને પ્રાપ્ત કરી લઇએ ત્યારે આપણને બધું જ મળી ગયું હોય છે. એને જાણી લઇએ એટલે આપણને બધી જ જાણ થઈ જાય છે. એને મેળવી લઇએ એટલે આપણી પાસે બધું જ આવી જાય છે. આ માત્ર સાધુ-સંતો કે ભક્તો જેવા કેટલાક ચોક્કસ લોકો માટે જ અંતિમ ધ્યેય નથી; પરંતુ એ સમગ્ર માનવજાત માટે તથા સમસ્ત સૃષ્ટિ માટે પણ એકમાત્ર અને અંતિમ ધ્યેય છે. એ માત્ર હું અને તમે જ નહીં પરંતુ આ સમગ્ર સૃષ્ટિ છે જે ઈશ્વરને વાંચ્છે છે. આ વિશ્વ વિકસ્યું શા માટે? કારણ એ જ્યાં સુધી ઈશ્વરત્વ ને પ્રાપ્ત કરી ન લે ત્યાં સુધી જંપીને બેસી નહીં શકે! આ રીતે આપણે સૌ એ પરમ અવસ્થા તરફ જ ઢકેલાઈ રહ્યા છીએ, અને એ અંગેની પ્રેરણા તે જ બ્રહ્મ વિકાસની ભૂખ છે.

આ જ કારણ છે કે ઈશ્વર-પ્રાપ્તિ એ જ માનવ જીવનનું એકમાત્ર લક્ષ્ય બને છે. આ રીતે બ્રહ્મ સાક્ષાત્કાર એ જ આપણું ધ્યેય છે, જે માટે આપણે આ સંસારમાં આવ્યા છીએ, અને એ જ આપણી સ્વયં ને અતિક્રમી જવાની પ્રક્રિયા નું  અંતિમ ચરણ છે જેને માણ્ડૂક્ય ઉપનિષદમાં વર્ણવવામાં આવ્યું છે.

# ૩. વૈશ્વાનર

આત્મા જે બ્રહ્મ જ છે, એ ચાર પાદો વાળો છે, અને તેનો, ચાર સ્તરો ની પ્રક્રિયા વળે, અતિક્રમી ને, સાક્ષાત્કાર કરી શકાય છે. હવે આપણે વારા ફરતી આ સ્તરો નું વિશ્લેષણ અને સંયોજન દ્વારા અધ્યયન કરીશું.

સ્વાભાવિક રીતેજ એનું પ્રથમ સ્તર આપણી સમક્ષ આપણી ઈન્દ્રિયો વડે ઓળખી શકતી વાસ્તવિકતાને રજુ કરે છે. આપણા બધાજ સફળ પ્રયત્નો આપણી સામેની તત્કાલીન વાસ્તવિકતાને સમજવા માટેના જ હોવાના. આપણે સામાન્ય રીતે જ કહીએ છીએ કે, જીવનમાં આપણે વાસ્તવવાદી જ બનવું જોઈએ અને નહીં કે વધુ પડતા આદર્શવાદી; જેનો અર્થ એવો થાય કે આપણી સમક્ષ જેવા તથ્યો હોય તે મુજબનું આપણું જીવન હોવું જોઈએ અને આપણે વધુ પડતા આદર્શોને અપનાવી, સ્વપ્નો સેવવાની ટેવ પાડવી ન જોઈએ. જે વસ્તુ દેખાતી કે સમજાતી નથી તેને આપણું મન કદી સ્વિકારતું નથી; અને ઉપદેશ ગમે તે વિષયનો હોય, જ્યાં સુધી એ ઈન્દ્રિયોના અનુભવથી વાસ્તવિક નથી જણાતો ત્યાં સુધી તે અપનાવાતો નથી, કારણ આજે આ યુગમાં આપણે ઈન્દ્રિયોના જગતમાં જ વસી રહ્યા છીએ. જે કાંઈ ઈન્દ્રિયો માટે વાસ્તવિક છે તેને ઈન્દ્રિયોની હાજરીમાં નકારી શકતા નથી, આ પાસાંને, લક્ષ્યમાં રાખીને જ માણ્ડૂક્ય ઉપનિષદ પોતાનું વિશ્લેષણ રજુ કરતા પહેલાં એને યોગ્ય મહત્વ આપે છે અને તે આધારે આત્મા અંગેની વાતને ઈન્દ્રિય અનુભૂતિ અને માનસિક વૃત્તિઓ જેવી પાયાની વાતથી જ શરૂ કરે છે.

આપણે શું દેખાય છે? એ જ પ્રશ્ન સૌથી પહેલાં ઉપસ્થિત થાય છે, અને આપણને જે કાંઈ દેખાય છે એ જ તુરંત આપણો તપાસ માટેનો વિષય બની જાય છે. વૈજ્ઞાનિકો, જે કાંઈ પણ દેખી શકયા છે માત્ર તેનીજ તપાસમાં રોકાયેલા હોય છે, તેમની શોધ અને પ્રયોગો આંખો વડે જે જોઈ શકાય છે માત્ર તે વાતો સુધી જ મર્યાદિત હોય છે. જે કાંઈપણ અદૃશ્ય છે તે વિશેની ચિંતા વિજ્ઞાન કરતું નથી, કારણ કે જે અદૃશ્ય છે તેનું અવલોકન તો કરી નથી શકાતું, અને તેથી જ એ કોઈપણ પ્રકારના પ્રયોગો કે તપાસને પાત્ર નથી હોતું. આપણે શું જોઈએ છીએ? આપણે આ જગતને જોઈએ છીએ. આપણે આ શરીરને જોઈએ છીએ. આપણે ઈશ્વર કે બ્રહ્મને નથી જોઈ શકતા. આપણે ૐ, પ્રણવ, સર્જક, પોષક કે લય કરનારને જોઈ નથી શકતા. જે કાંઈપણ આપણે સાંભળી શકીએ તે બધું જ આપણને દેખાતું નથી, અને એવી અદૃશ્ય વાતો અંગેના ઉપદેશો, જ્યાં સુધી આપણને સૌ પ્રથમ દેખીતી બાબતો અંગેનો સંતોષકારક ખુલાસો ન મળે ત્યાં સુધી, સ્વીકારી નથી શકતા. મારી સામે આ શું છે તે તમે મને સમજાવી શકશો? ત્યારબાદજ તમે મને મારી ઉપરનું જે કાંઈ છે તે અંગે જે કહેશો તેનો હું સ્વીકાર કરી શકીશ. ચિત્તની આ તત્કિલકનતા અર્થાત આપણા રોજબરોજના કારોબારમાં ઈન્દ્રિયો વડે સમજાતું નથી એ જ છે જેને આપણે આપણી જાગૃત અવસ્થાના અનુભવો તરીકે ઓળખીએ છીએ. આપણું સમગ્ર જીવન જાગૃત અવસ્થાના આ અનુભવોમાં જ સમાઈ જાય છે, અને આપણાં સ્વપ્ન કે સુષુપ્તિ અવસ્થાના અનુભવો સાથે આપણો વિશેષ સંબંધ રહેતો નથી. આપણાં જેવા જીવો, માણસો, વ્યક્તિઓ, મનુષ્યો માટે જે કાંઈ પણ જાગૃત અવસ્થામાં દેખાય છે એ જ વાસ્તવિકતા છે, આપણે માટે જે કાંઈપણ જાગૃત અવસ્થામાં ઘટે છે તે જ જીવન છે. આપણો સંબંધ માત્ર જાગૃત અવસ્થાના તથ્યો સાથેનો જ છે. આ જ કારણ છે કે આપણે  સૌપ્રથમ આપણી જાગૃત અવસ્થામાં આ જગત આપણને જેવું દેખાય છે તેને સમજવાથી જ શરૂ કરીશું.

આ વિશ્વના અનુભવોનો અભ્યાસ અને તેની કાળજીપૂર્વકની તપાસનું સૌપ્રથમ પાસુ બને છે જાગૃત ચેતના જે આત્માની ઓળખનું પ્રથમ પાદ છે. આ જાગૃત ચેતના જ જાગૃતસ્થાનઃ તરીકે ઓળખાય છે, જે વ્યક્તિની જાગૃત અવસ્થામાં સ્થપાએલી – સ્થિર થએલી – સ્થાન પામેલી ચેતના છે અને એની ખાસ ઓળખ શું છે? બહીઃપ્રાજ્ઞાનઃ એ જ્ઞાન માત્ર (વ્યક્તિના શરીરથી) બહારના પદાર્થોની ચેતના વિશેનું છે અને નહીં કે એની અંદરની

ચેતનાનું આપણે આપણાં પોતાના પેટમાં શું છે તે પણ જોઈ નથી શકતા. તો પછી આપણાં મનમાં શું ચાલી રહ્યું છે. તેને તો કેવી રીતે જ જોઈ શકાય? આપણે સૌ બ્રહ્યાભિમુખી જ છીએ, અને કેવળ આપણા શરીર બહારની વસ્તુઓને જ જાણીએ છીએ, અને શરીર બહારના પદાર્થોની જ ચિંતા કરીએ છીએ, તેમજ એવા પદાર્થો જે શરીર બહારના છે અને આપણાં શરીર સીવાયના છે, તેમની જોડે જ ગૂંચવાએલા – ગૂંથાએલા રહીએ છીએ.

આપણો વહેવાર બધાજ પદાર્થો સાથે હોય છે સિવાય કે આપણી પોતાની સાથે. જાગૃત અવસ્થાની ચેતના આવી અજબની રચના છે જે કાર્યરત છે જે સ્વયં સિવાયના અન્ય બધા સાથે કાર્યરત હોય છે. આપણે અન્ય બધાની જ ચિંતા કરીએ છીએ સિવાય કે સ્વતઃની આપણે અન્ય વ્યક્તિ તેમજ પદાર્થોના અભ્યાસ, અવલોકન, પ્રયોગો અને તેમની સાથેના વ્યવહારમાં વ્યસ્ત રહીએ છીએ પરંતુ સ્વયંને વિસરી જઈએ છીએ. જાગૃત અવસ્થાની આજ મોટી ખૂબી છે – જે કાંઈ આપણાંથી બહારનું છે તે વિશે જ સચેત રહીએ છીએ.

સપ્તાંગ એકોણર્વિશતિમુખઃ

આ ચેતનાના સાત અંગ અને ઓગણીસ મુખ છે. એવું જણાય છે જાણે એ વધુ પડતા મુખોવાળો કોઈ રાવણ હોય. આ ચેતનાના સાત અંગો અને ઓગણીસ મુખ છે અને તેનું ભોજન સ્થૂળ છે – સ્થૂળભંગ જે કાંઈપણ સ્થૂળ છે તે બધું જ એ આરોગે છે અને એનું નામ શું છે? – એનું નામ છે વૈશ્વાનર આત્માનું આ પ્રથમ પાદ છે. આત્માનો આ બાહ્ય દેખાવ-રૂપ છે.

માણ્ડૂક્ય ઉપનિષદ જાગૃત અવસ્થામાં આત્માની કલ્પના કેવળ સૂક્ષ્મ દૃષ્ટિથી (વામન રૂપે) જ નહીં પરંતુ વિરાટરૂપે પણ કરે છે. કેવળ શરીર (પિંડ) સ્તરેજ નહીં પરંતુ બ્રહ્માંડ સ્તરે પણ કરે છે.

આ રીતે એ કેવળ આત્માનું જ વિશ્લેષણ નથી; પરંતુ સાથએ જ એ કર્તા અને એની કૃતિ એ બન્નેનો સમન્વય પણ કરે છે. કમસેકમ આ ઉપનિષદની દૃષ્ટિએ તો વ્યક્તિ અને વિશ્વ, જીવ અને ઈશ્વર, પિણ્ડાંડ અને બ્રહ્માંડ વચ્ચે ન પુરાય તેવી કોઈ ખાઈ નથી.

તેથી જ જાગૃત અવસ્થાના અભ્યાસમાં માણ્ડૂક્ય ઉપનિષદ આપણી અને સંસાર, જીવ અને ઈશ્વર, આત્મા અને બ્રહ્મ વચ્ચે એકરાગીતા દર્શાવે છે અને એ તથ્ય આ મંત્રમાં દર્શાવેલ આત્માના પ્રથમ પાદની વ્યાખ્યા પરથી જ જાહેર થાય છે.

આત્માના પ્રથમ પાદમાં દર્શાવેલ સાત અંગોનું વર્ણન એક ઉપનિષદમાં આપેલ બ્રહ્મની વ્યાખ્યાને આધારે લેવાયું છે અને ઓગણીસ મુખનો ઉલ્લેખ, બ્રહ્મથી અલગ એવા વ્યક્તિગત આત્માના કાર્યોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. આ વસ્તુ સ્થિતિનું એક પાસું એ છે કે જાગૃત અવસ્થાની ચેતના કેવળ બાહ્ય પદાર્થોને જ ઓળખે છે, અને આ વાત (તથ્ય) વ્યક્તિ તેમજ વિશ્વ બન્નેને સમાન રીતે જ લાગુ પડે છે, અને જીવ અને ઈશ્વર બન્નેમાં સામાન્ય એવી આ જ વ્યાખ્યા છે, પરંતુ એ બે વચ્ચેના એક સૂક્ષ્મ ભેદ પાડનારી છે જેને આપણે એ બેના અવલોકનમાં જાળવવાની છે. જીવ બાહ્ય પદાર્થો અંગે સચેત છે અને ઈશ્વર પણ પરંતુ બન્નેની દૃષ્ટિમાં થોડો ભેદ છે. બન્ને બહિઃપ્રજ્ઞ છે – અને તે અંગે આપણે આગળ ઉપર જોઈશું.

'સપ્તાંગ' શબ્દ વિશેનો એક સુંદર ઉલ્લેખ મંડુક ઉપનિષદમાં જોવા મળે છે.

અગ્નિર મૂર્ધા, ચક્ષુષી ચન્દ્ર–સૂર્ય, દિશાશ્રોને, વાક્ વિવૃતાશ્ચ વેદઃ; વાયુ પ્રાણઃ; હૃદયમ્ વિશ્વામસ્ય, પદાભ્યમ્ પૃથ્વિ; એષા સર્વ-ભૂતાંતરાત્મા.

આ જ સર્વવ્યાપી એવો પરમાત્મા છે, જે દરેક જીવોમાં પણ વસેલો છેઃ એષા સર્વ ભૂતાન્તરાત્મા. આ જીવ કોણ છે? અગ્નિ મૂર્ધાઃ – સ્વર્ગના ચમકદાર ભાગોએ એનું શિષ છે. વિશ્વનું સર્વોચ્ચ શિખર એ એનો મુગટ છે. ચક્ષુ ચંદ્ર-સૂર્યઃ એની આંખો એ ચંદ્ર અને સૂર્ય છે. દિશાશ્ત્રોતેઃ દિશઓ એના કાન છે જે વડે એ સાંભળે છે. વાક્ વિવૃતાશ્ચ વેદઃ વેદો એની વાણી છે. વાયુઃ પ્રાણઃ બ્રહ્માંડનો વાયુ એ એનો શ્વાસ છે. હૃદયમ્ વિશ્વામાસ્યઃ સમગ્ર વિશ્વ એ એનું હૃદય છે પાદભ્યામ્ પૃથ્વિઃ જમીનને એના પણ ગણાવી શકાય. જાગૃત અવસ્થાની ચેતનાના સંદર્ભમાં આ છે વૈશ્વિક આત્મા.

આ જ છે વિરાટ કે વૈશ્વાનર, જેના ગુણગાન વંદના પુરુષસુક્તમાં ગાવામાં આવ્યા છે. એ જ એ વિરાટ છે જેના દર્શન અર્જુને કર્યા અને જેનું વર્ણન ભગવદગીતાના અગીયારમાં અધ્યાયમાં કરવામાં આવ્યું છે. આ એજ વિરાટ છે જેનું દર્શન કૃષ્ણએ સંધીના પ્રસ્તાવ સમયે કૌરવોના દરબારમાં કરાવ્યું હતું. આ એ જ વિરાટ છે જેના દર્શન યશોદાએ બાળકૃષ્ણના મુખમાં કર્યા હતા. એજ બ્રહ્માત્મા, નહપુરુષ, વિરાટ-પુરુષ અને પુરુષોત્તમ છે. એ વૈશ્વાનર તરીકે પણ ઓળખાય છે – વિશ્વ-નર. વિશ્વ એ બ્રહ્માંડ છે; અને નર અર્થાત માનવ. એને વૈશ્વાનર કહેવાય છે કારણ એ જ વિશ્વ માનવ છે, સમગ્ર વિશ્વમાં એકમાત્ર પુરુષ અહીં કેવળ એક જ પુરુષ છે અને તે એ જ છે. અહીં આપણે મીરાબાઈના સંદેશને યાદ કરવા જેવો છે, જેણે ગાયું હતું કે આ જગતમાં કેવળ એક જ પુરુષ છે; અને તે છે આ જ વૈશ્વાનર.

વિરાટ પુરુષનું આ વૈશ્વિક વર્ણન છે, અને આપણે ચેતનાના એ વૈશ્વિક સ્વરૂપને વિરાટ એવું નામ આપ્યું છે. જે રીતે આપણાં ભૌતિક વિશ્વને ચલાવનારી પણ એજ ચેતના છે જે રીતે ચેતના વડે આપણું શરીર કાર્યરત રહે છે, તેવીજ રીતે આ વિશાળ ભૌતિક વિશ્વ પણ એના તારામંડળો અને સૂર્યમંડળો તથા આકાશગંગા અને અન્ય પદાર્થો સાથે તેમજ એના સ્થળ-કાળ-કારણના નિયમો સાથે એજ ચેતના વડે કાર્યરત હોય છે.

આ ગતિશીલતા આપનારી ચેતના એજ અન્તર્યામી છે, અને એને અન્તર્યામી એટલા માટે કહેવામાં આવે છે કારણકે એ કણ કણમાં વિદ્યમાન છે, એ દરેક પદાર્થમાં છૂપાએલી છે અને રહસ્યમય રીતે એ દરેકમાં હાજર હોય છે, પછી તે વસ્તુ જડ હોય કે ચેતન. આ વિરાટ-પુરુષ માટે જીવંત કે મૃત વચ્ચે કોઈ ભેદ નથી, એને માટે કોઈ સજીવ કે નિર્જીવ, જેવો ફરક હોતો નથી, એવા ભેદ જે વૈજ્ઞાનિકોએ માણસને મધ્યમાં રાખીને વનસ્પતિ જગત પ્રાણીજગત કે જડપદાર્થો ઈ. નો, પોતાના અવલોકનને આધારે અને દેખીતી વાસ્તવિકતાના પ્રમાણભેદના આધારે બનાવ્યા છે એવું કશું જ આ વિરાટ પુરુષના ધોરણે હોતું નથી.

વિરાટનો સ્વયંને માટે આવા કોઈ ભેદ હોતા નથી. એ તો દરેકમાં, સજીવ હોય કે નિર્જીવ, પ્રકૃતિના ગુણો-સત્વ, રજસ અને તમસ સ્વરૂપે ભીન્ન ભીન્ન પ્રમાણમાં વિદ્યમાન હોય જ છે, એજ દરેક વસ્તુના ગુણ સ્વરૂપે હોય છે, જ્યારે એ કેવળ તમસ સ્વરૂપે જે હાજર હોય છે, ત્યારે આપણે એ વસ્તુને જડ અસ્તિત્વવાળી કહીએ છીએ, એવા પદાર્થો જેમ કે પત્થર ઈ. જેમાં આપણ દૃષ્ટિએ કોઈ ચેતના નથી હોતી, પરંતુ વિરાટ પુરુષની હાજરી તો એમાં તમોગુણ પ્રકૃતિ સ્વરૂપે હોય જ છે, એવા સ્વરૂપમાં રજસ અને સત્વ દબાઈ ગયા હોય છે અને તમસ એ બન્નેથી વધુ સર્વોપરી હોય છે. જ્યારે રજસ અને સત્વ ધીરેધીરે સ્વયંને છતાં કરે છે તેમનું પ્રમાણ અને વ્યાપ વધવા લાગે છે

ત્યારે ત્યાં હલનચલન થવા લાગે છે, તેના અસ્તિત્વમાં પ્રાણનો સંચાર થાય છે. જીવન અસ્તિત્વમાં આવે છે અને જડતા અને સ્થિરતાનું સ્થાન હલનચલન અને ગતીશીલતા લઈ લે છે.

જીવનનો સૌપ્રથમ ઉદ્ભવ જેને આપણે પ્રાણ કહીએ છીએ તે દ્વારા થાય છે – બધા જીવંત પદાર્થોનો એ જ મુખ્ય આધાર છે. એક તરફ આ પ્રાણ પત્થર જેવા જડ પદાર્થોમાં સંપૂર્ણપણે ગેરહાજર હોય છે તો બીજી તરફ વૃક્ષ, વનસ્પતિ ઈ. ના જગતમાં આ પ્રાણ ઓછા પ્રમાણમાં પણ કાર્યરત જરૂર હોય છે. વૃક્ષ, છોડ ઈ. બધાજ શ્વાસ લેનારા હોય છે; તેમનું અસ્તિત્વ પત્થર જેવું નથી હોતું. પરંતુ આ વનસ્પતિ ઈ. પ્રાણીઓની જેમ વિચારી નથી શકતી. જેને આપણે પ્રાણી જગત કહીએ છીએ તેનું અસ્તિત્વ થોડી ઉંચી કક્ષાનું છે અને તેમનામાં વિચારશક્તિ હોય છે જે સાથે સ્ફૂરણા અને ભાવનાઓનો પણ સમાવેશ થતો હોય છે. અહીંથી આગળ વધતા આથી પણ વધુ ઉંચા સ્તરની વાસ્તવિકતાનું અસ્તિત્વ છે. અને તે છે માનવી. આ માનવસ્તરે કેવળ શ્વાચ્છોશ્વાસ અને વિચારશક્તિ માત્ર નથી, પરંતુ એનામાં સમજશક્તિ, અનુમાનશક્તિ, તર્કશક્તિ અને નિર્ણયશક્તિ પણ રહેલી હોય છે.

આ વિજ્ઞાનમય સ્થિતિ છે, જે પ્રાણી જગત માટેનો મનોમય સ્થિતિથી, વનસ્પતિ જગતની પ્રાણમય સ્થિતિ અને જડ એવી અન્નમય સ્થિતિથી જુદી પડે છે. પરંતુ માનવી જે વિજ્ઞાનમય સ્થિતિએ પહોંચ્યો છે, જેને આપણે ચોથી શ્રીણી કહી શકીએ, કેવળ એ જ વાસ્તવિકતાનો અંત નથી. એનાથી પણ ઉચ્ચ એવી એક સ્થિતિ છે જે માનવીથી પણ ઉપલા સ્તર સુધી પહોંચે છે, જે વિજ્ઞાનમય સ્થિતિ પણ ઉપરની છે. એ સ્થિતિ જે માનવી કે તેના વિજ્ઞાનમય સ્તરથી ઉપર જાય છે તે છે આનંદમય કે દિવ્ય પરમસુખની સ્થિતિ છે. આ રીતે અન્નથી શરૂ કરી આપણે પ્રાણ પર, પ્રાણથી આગળ મન પર, મનથી ઉપર વિજ્ઞાન પર અને વિજ્ઞાનથી વધીને આનંદની સ્થિતિએ પહોંચીએ છીએ.

આ આનંદ જ ચિત્ અને સત્ નો સમકક્ષ છે. જે ચેતના અને અસ્તિત્વના પ્રતિક છે. અસ્તિત્વના જડ સ્તરે, ત્યારબાદ વનસ્પતિ સ્તરે, પ્રાણીસ્તરે અને છેવટે માનવસ્તર જે કાંઈપણ જોયું-સમજ્યા એ બધુંજ અસ્તિત્વના આનંદસ્તરે મેળવ્યું; એની અહીં આવીને અસ્તિત્વ, ચેતના અને પરમસુખ સઘળું એકરૂપ થઈ ગયું, એ બધુંજ નિમ્નસ્તર વેરવિખેર થઈ ગયું હતું. પાષાણમાં માત્ર અસ્તિત્વ જ હોય છે, અને ચિત્ અને આનંદનો પૂર્ણ અભાવ રહે છે. પત્થરનું અસ્તિત્વતો છે પરંતુ તે વિચારતા નથી; તે અનુભવી નથી શકતા; તે સમજી નથી શકતા; અને તે આનંદ (પરમ-સુખ) પણ ભોગવી નથી શકતા. પરંતુ એનાથી ઉપરના સ્તરોમાં – વિચાર પ્રક્રિયાને કારણે એક ધીમી ગતીનો સાક્ષાત્કાર થવા લાગે છે, અને એ ત્યાં સુધી આગળ વધતો રહે છે જ્યાં સુધી માનવ ચેતનાની પૂર્ણતા સુધી પહોંચે છે. અહીં સત્વ, રજસ અને તમસ સાથે ભળેલું હોય છએ, જેને કારણે આપણાંમાં (માનવીમાં) એક પ્રવૃત્તિશીલતા જન્મે છે અને આપણે કોઈવાર ખૂબજ ક્રિયાશીલ બની જઈએ છીએ; તો કોઈવાર શિથિલને આળસુ પણ બનીએ છીએ, તેમજ સત્વનું પ્રયાણ વધે ત્યારે કેટલીકવાર સુખનો અનુભવ પણ કરીએ છીએ, પરંતુ એવું સદા માટે નથી થતું, નિરાધાર સ્થિતિમાં કેટલીકવાર આવું સુખ પણ નિરર્થક બની જાય છે.

જીવનના આપણાં બધાજ પ્રયત્નો હંમેશનું સુખ પ્રાપ્ત કરવા માટેના જ હોય છે, અને તે જ હોય છે આનંદની પ્રાપ્તિ તેને માટે આવશ્યક છે કે આપણે એવું શુધ્ધ સત્વ પ્રાપ્ત કરીએ જેમાં રજસ કે તમસનો સંપૂર્ણ અભાવ હોય જીવના જગતમાં આવા ભેદોને અવકાશ રહે છે. જીવના સંબંધે આપણને આવા જુદા જુદા પ્રમાણો જોવા જરૂર મળે છે, પરંતુ વિરાટમાં આવો કોઈ ભેદભાવ જોવા મળતો નથી. વિરાટ માટે તો બધું જ કેવળ 'હું' જ છે ત્યાં 'તું' કે 'તે' જેવું અન્ય કશું છે જ નહીં. "અહમ અસ્મિ" – "હું-છું" કેવળ એટલીજ વિરાટની જાણકારી હોય છે. જ્યારે આપણી જાણકારીમાં "હું-છું", અને મારા ઉપરાંત તું પણ છે. "હું-છું અને મારી બહાર આ આખો સંસાર પણ છે" પરંતુ વિરાટ

માટે "હું છું; અને મારી બહાર અન્ય કાંઈ (સંસાર) જ નથી" ની ચેતના રહેલી છે. આ સમગ્ર સૃષ્ટિ જ "હું" છે; અને તેથી જ એ વૈશ્વાનર – વિશ્વ-જીવ, એ વ્યક્તિ જે અનુભવે છે કે એ સ્વયં જ આ બ્રહ્મ છે, સ્વયં જ ચેતના છે. ઉપનિષદના વર્ણનને આધારે એ જાણે કે સાત અંગો ધરાવનાર છે. ખરેખરતો એના અનંત અંગો છે. એના હજારો હાથો છે, એ વિશ્વમૂર્તિ છે, અને એ બ્રહ્મ-દેવના મૂખ સર્વ દિશાઓમાં છે; અને જ્યારે આપણે કહીએ છીએ કે એના સાત અંગ છે, ત્યારે આપણે એના વિશ્વ વ્યક્તિત્વને કેવળ દર્શાવવાનો પ્રયત્ન કરીએ છીએ, જે રીતે આપણે એક માનવીને દર્શાવવા એના સાત અંગો ગણાવીએ છીએ- શિષ, હૃદય, હાથ, નાક, આંખ, કાન, પગ ઈ. પરંતુ આપણે વધુ વિગતો આપવી હોય તો એના વ્યક્તિત્વની ઝીણામાં ઝીણી વિગતો પણ ગણાવી શકીએ છીએ.

આપણે હવે જ્યારે વૈશ્વાનર, વિરાટની વૈશ્વિક જાગૃત ચેતનાની વાત કરી ત્યારે પ્રથમ પાદમાં આવરી લેવાતા ચેતનાના વિશ્લેષણ છે જેમાં એના ઓગણીસ મુખની વાત આવે છે. એક મુખ એ એવું અંગ છે જેના વડે આપણે વસ્તુઓને આરોગીએ છીએ, પદાર્થોને અંદર ઉતારીએ છીએ, આપણાં શરીરમાં યોગ્ય પદાર્થોને પચાવીએ છીએ, મુખનું એજ કાર્ય હોય છે. આપણા સ્વયંની અંદર સ્વીકારવાનું જે માધ્યમ છે તે મુખ જ છે. એક અર્થમાં આપણી આંખો પણ મુખ જ છે, કાન પણ મુખ છે, કારણ તેઓ જુદા જુદા પ્રકારના કેટલાક કંપનોને આપણા શરીરમાં પ્રવેશવા દે છે, તેમને પચવા દે છે સ્વીકારવા દે છે. આવા કંપનો આપણી ઈન્દ્રિયો દ્વારા આપણા વ્યક્તિત્વ પર અસર કરતા હોય છે જેવી કે આંખ કાન ઈ. અને એ બધાને જ મુખ તરીકે ઓળખી શકાય; એ અર્થમાં એવી દરેક વસ્તુ જેને ઈન્દ્રિયો ઓળખી શકે તે એ બધાજ આ વ્યક્તિત્વ માટે આહાર સમાન જ છે. આપણી ઈન્દ્રિયો વડે કાંઈપણ ભોગવી શકીએ એ બધાજ આહાર છે – 'આહાર શુધ્ધૌ સત્વ શુધ્ધિઃ જ્યારે આહારા શુધ્ધ હોય છે ત્યારે આંતરિક રીતે સત્વ સ્વરૂપે પ્રકાશ થાય છે" એવું છંદોગ્ય ઉપનિષદમાં જણાવાયું છે. એનો અર્થ એવો નથી કે આપણે સદા દૂધ અને ફળ જ આરોગવા જોઈએ જે સામાન્ય રીતે સાત્વીક પદાર્થો ગણાય છે, અને તે ઉપરાંત જો આપણે ખરાબ વિચારો કરીએ, ખરાબ દૃશ્યો-ચિત્રો જોઈએ અને ખરાબ શબ્દો-વાતો સાંભળીએ તો તે ચાલી જાય. સાત્વિક આહાર એ શુદ્ધ કરેલ અથવા શુદ્ધ પ્રકારના બધા જ કંપનો છે જે આપણી ઈન્દ્રિયો પ્રાપ્ત કરે છે – સ્વીકારે છે અને હંમેશા તેમને પોતાના કાર્ય દ્વારા આપણાં વ્યક્તિત્વને હવાલે કરે છે. આ રીતે ઈન્દ્રિયોએ મુખજ છે, અને દરેક પ્રકારની ઈન્દ્રીયને મુખ ગણાવી શકાય. આ જાગૃત અવસ્થાની ચેતનાને ૧૯ પ્રકારના કાર્યો કરતા દ્વારો છે જેમના વડે તેઓ કંપન સ્વીકારે છે અને એ રીતે બાહ્ય જગત સાથેનો સંપર્ક સાધે છે. આ ઓગણીસ દ્વારો અથવા મુખ કયા છે? આપણે પાંચ જ્ઞાનેન્દ્રિયો ધરાવી છીએ. જે છે; શ્તોત્ર (કાન), ત્વક્ (ત્વચા કે ચામડી), ચક્ષુ (આંખો), જીવ્હા (જીભ) અને ઘ્રાણ (નાક) આ થઈ પાંચ જ્ઞાનેન્દ્રિયો ત્યારબાદ આપણે પાસે છે પાંચ કર્મેન્દ્રિયો – જે છે વાક્ (વાણી), પાણિ (હાથ), પાદ (પગ), ઉપસ્થ (જનન અવયવો) અને પાયુ (ગુદા).

ત્યારબાદ આવે છે આપણાં સ્થૂળ અને સૂક્ષ્મ શરીરનું સંચાલન કરનારા પાંચ પ્રાણ – જે છે પ્રાણ, અપાન, વ્યાન, ઉડાન અને સમાન. આ રીતે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણ મળીને થયા કુલ પંદર કાર્યરત દ્વારો જેમના દ્વારા આપણે બાહ્યજગત સાથે સંપર્કમાં રહીએ છીએ.

પરંતુ આપણું એક આંતરિક માળખું પણ છે જેના ચાર અંગો છે અને જેને અન્તઃકરણ ચતુષ્ટય તરીકે ઓળખવામાં આવે છે. જે છે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. મન જે વિચારે છે અને ગુણદોષ જુએ છે, બુદ્ધિ જે સારું નરસું તારવે છે અને નિર્ણયો લે છે, ચિત્તના અનેક કાર્યો છે પરંતુ મુખ્યત્વે એ માહિતીનો સંગ્રહ કરે છે (યાદ રાખે છે) અને આવશ્યક હોય ત્યારે શોધીને તેમનો ઉપયોગ કરે છે, એ પાછલી છાપો અને વૃત્તિઓને પણ સાચવે છે અને

સામાન્ય રીતે એને જ અન્તઃમન તરીકે ઓળખવામાં આવે છે. (જે આપણી સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓમાં પણ કાર્યરત રહે છે?) અંત આવે છે અહંકાર જે આપણો અહ્‌મભાવ સાચવે છે અને આપણાં અનેક દોષોને પોષનારો હોય છે. આ છે ચારનું અંતઃકરણ ચતુષ્ટય, જે પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ પ્રાણ સાથે મળીને જીવના કુલ ઓગણીસ દ્વાર કે મુખ બનાવે છે. આ ઓગણીસ વળે જ આપણે બાહ્ય જગતને આપણી  ભીતર લઈ જઈએ છીએ. આપણે આપણા વ્યક્તિત્વ વિશે તો વ્યવહાર આ ઓગણીસના ઉપયોગથી બાહ્યજગત સાથે કરીએ છીએ અને તેમના વડે જ સંસારના ગુણોને આપણી અંદર આવકારીએ છીએ. આ રીતે આ ઓગણીસ મુખ આપણા વ્યક્તિત્વ અને આ વિશ્વને જોડતી કડી કે માધ્યમ બને છે. કોઈ બાહ્ય જગત છે એવી જાણ આપણને કેવી રીતે થાય? એ આજ ઓગણીસ મુખ છે જે વડે જે કાંઈ બહારનું છે તે બધાની આપણને જાણકારી મળે છે. એવું નથી કે આપણને આ બાહ્ય જગતની કેવળ જાણકારી જ થાય છે; આપણને આ બાહ્ય જગત અસર પણ કરે જ છે; અને સંસાર એટલે જ માત્ર આ બાહ્ય જગતની જાણકારી નહીં પરંતુ તેના વડે અસર પામતું-ઘડાતું અને ઘસડાતું-આપણું વ્યક્તિત્વ અને જીવન પણ. એવું કહેવાય છએ કે મહા-પુરુષો, જીવનમુક્તો પણ આ સંસારને જુએ છે – નિહાળે છે – પરંતુ તેઓ સંસારી નથી કારણ તેઓ આ સંસારને જોતા-જાણતા હોવા છતાં તેની અસરથી, તેના પ્રભાવથી મુક્ત છે આ મહાપુરુષો આ જીવસૃષ્ટિમાં નહીં પરંતુ ઈશ્વર-સૃષ્ટિમાં વસતા હોય છે. તેઓ પોતાની દુનિયા વસાવતા કે ઘડતા નથી. તેમને તો ઈશ્વર કે વિરાટ કે વૈશ્વાનરે જે સંસાર ઘડ્યો છે તેનાથી જ પૂર્ણ સંતોષ છે. આવું છે જાગૃત અવસ્થાની ચેતનાનું સ્વરૂપ – અને એ વ્યક્તિ તેમજ બ્રહ્મ – કે જીવ અને ઈશ્વર-એમ બન્ને સ્તરે દર્શાવાયું છે. વિરાટના અનુસંધાનમાં સપ્તાંગ દ્વારા અને જીવના અનુસંધાન ઓગણીસ મુખ દ્વારા – અનુક્રમે બ્રહ્માંડ અને પિંડાડને યોગ્ય રીતે વર્ણવે છે.

જીવના ઓગણીસ મુખો શું આરોગો છે? ભૌતિક પદાર્થો આપણને શું દેખાય છે? ભૌતિક પદાર્થો, આપણે શું સાંભળીએ છીએ? ભૌતિક અવાજો. આપણે શેનો સ્વાદ લઈએ છીએ? ભૌતિક પદાર્થો આપણે હાથો વડે શેને ગ્રહણ કરીએ છીએ? ભૌતિક પદાર્થો. આપણે આપણાં પગની મદદથી ક્યાં ચાલીએ છીએ? આ ભૌતિક પૃથ્વિ પર આપણે આપણ મનમાં શેનો વિચાર કરીએ છીએ? ભૌતિક પદાર્થોનો આપણા બધા જ કાર્યો આ ઓગણીસ મુખો વડે આ ભૌતિક જગત સાથે જ જોડાએલા છે. આપણાં મનમાં ચાલતા વિચારો પણ આ ભૌતિક જગતના ભૌતિક પદાર્થો અંગેના જ હોય છે. આપણે માત્ર સૂક્ષ્મ વાતો વિશે વિચારી નથી શકતા, કારણ એ સૂક્ષ્મ વાતો પણ અંતે તો ભૌતિક પદાર્થોની છાપ જ હોય છે. આપણે એવું કાંઈ વિચારી નથી શકતા જે ભૌતિકતાથી ઉપરનું હોય કે કોઈ પરમ તત્વ હોય. તેથી જ આપણે આ પૃથ્વિ પર છીએ, એક ભૌતિક જગતમાં છીએ, એક ભૌતિક વિશ્વમાં છીએ, આપણી ચેતના આપણાં આ ભૌતિક શરીર જોડે બંધાએલી છે, અને એ ભૌતિક ચેતનાનું વૈશ્વિક પ્રતિરૂપ છે વૈશ્વાનર આ જ જાગૃતસ્થાન છે, ચેતનાનું જાગૃત ધામ, જાગૃત એ અર્થમાં કે એ આ ભૌતિક જગત વિશે જાણે છે, એ ભૌતિક જગતને ઓળખે છે, અને એને આ ભૌતિક જગત સિવાયની અન્ય કોઈ જાણકારી નથી.

આપણી અંદર શું છે તે આપણે જાણી શકતા નથી અને આ જગતમાં (પૃથ્વિની અંદર) શું છે તે પણ જાણી શકતા નથી. હવે આ જગતમાં શું છે તે જાણવા માટે આપણે પૃથ્વિને ભાંગીને તો ન જ જોઈ શકીએ, અને તેવી જ આપણી અંદરની જાણકારી મેળવવા આપણા શરીરને ચીરીને કે હૃદયને ફાડીને તો એવી જાણકારી ન જ મેળવી શકીએ. 'અંદર'નો અર્થ એવા સંદર્ભમાં તો ન જ લેવાય. એ કાંઈ ઘર કે કબાટની અંદરની જાણકારી મેળવવા જેવું નથી. આ એક વિશિષ્ટ પ્રકારનું 'અંદર' છે, જેને સરળતાથી સમજી શકાય તેમ નથી, એને સમજવા માટે એ અંગે ગહનતાપૂર્વક વિચારવું પડે. આપણે શરીર કે પદાર્થને ખોલીને જોઈએ તો પણ એની 'અંદર'ના રહસ્યને જાણી ન

શકીએ કારણ એની ભૌતિક આંતરિકતા એ કાંઈ એવી વાસ્તવિકત આંતરિકતા નથી. જે દેખાશે તે પણ માત્ર ભૌતિકતાજ હોવાની તો પછી પદાર્થની સાચી આંતરિકતા શું છે?

આંતરિકતા તો એ જ છે જે એના ભૌતિક કણની અંદરની (રચના) હોય. આપણે જો માનવ શરીરના પણ ટૂકડા કરીએ તો પણ આપણને ભૌતિક ટૂકડાઓ જ હાથ લાગવાના. આપણને એજ ભૌતિક પદાર્થ દેખાવાનો; પરંતુ એ ભૌતિક અંશની અંદરનું કાંઈ દેખાવાનું નહીં – જણાવાનું કે સમજાવાનું નથી. આંતરિકતા એ કાંઈ કોઈપણ ભૌતિક પદાર્થમાં રહેલું તેન આકાશ તત્વ નથી પરંતુ એ એવી શક્તિ કે સત્તા છે જે એ ભૌતિક શરીર કે પદાર્થને એનું સ્વરૂપ કે ઘનત્વ આપનારી હોય છે.

જે આપણું સૂક્ષ્મ શરીર છે એને સંસ્કૃતમાં લિંગ-દેહ કે લિંગ શરીર કહેવામાં આવે છે. લિંગનો અર્થ થાય એક ચિહ્ન અથવા એક લક્ષણ એવો થાય છે. સૂક્ષ્મ શરીર એ એક લક્ષણ માત્ર છે એક નિર્દેશ અથવા એક ચિહ્ન, કારણ એજ ભૌતિક શરીરના ગુણ નિશ્ચિત કરે છે, એ ભૌતિક શરીર જે એક સ્વરૂપ બને છે. ભૌતિક શરીર એ અન્ય કશું નહીં પરંતુ એક ઘાટ છે જે સૂક્ષ્મ શરીરના ઢાંચા સાથે બંધ બેસતો આકાર ગ્રહણ કરે છે. આ સૂક્ષ્મ શરીરને આપણે જોઈ નથી શકતા અને એજ ભૌતિક શરીરની આંતરિકતા છે – બેશક આ સૂક્ષ્મ શરીરની પોતાની પણ કેટલી આંતરિકકતા તો હોય જ છે, જેને અભ્યાસ આપણે આ ઉપનિષદના અભ્યાસ દરમ્યાન આગળ ઉપર કરીશું. શરીરનું આંતરિક માળખુ એ કાંઈ ભૌતિક માળખું નથી. એ સદંતર અલગ એવા પદાર્થોથી ઘડાએલું છે જેને આપણે તનમાત્રા, મન, બુદ્ધિ અને એવા અન્ય નામોથી ઓળખીએ છીએ. તનમાત્રા એ એવા સૂક્ષ્મ કંપનો હોય છે જે ભૌતિક પદાર્થો તેમજ બધા ભૌતિક શરીરોમાં હોય છે. આ કંપનો સ્વયંભુ રીતે પોતાને આકારથી પ્રદર્શિત કરે છે અને એ સંદર્ભમાં આ કંપનોને નામ કહેવાય છે તથા તે રૂપ ધારણ કરતા હોય છે.

ઉપનિષદો કે વેદાંત દર્શનોમાં જે નામ અને રૂપના ઉલ્લેખ છે તે આપણે જેનો આપણા સામાજીક જીવનમાં નામ-રૂપ તરીકે ઉલ્લેખ કરીએ છીએ તેમાંથી સાવ ભિન્ન છે. આપણાં સામાજીક જીવનમાં જે નામરૂપનો પ્રયોગ થાય છે તે એરિસ્ટોટલે પોતાની વ્યવસ્થામાં સૂચવેલા Form અને Matter ના અનુસંધાનમાં છે. એરિસ્ટોટલના મત મુજબ Form એ પદાર્થની આકાર ગ્રહણ કરવાની શક્તિ છે, અને Matter એ આકાર છે જે એ શક્તિને કારણે પ્રગટ થાય છે, બને છે. સૂક્ષ્મ શરીરને આપણે નામ ગણી શકીએ અને ભૌતિક શરીરને રૂપ કહી શકાય. એક રીતે એ નામ છે જે એક એવા આકારનો નિર્દેશ કરે છે જે એની વિષય-વસ્તુ છે, જેમ કે આ શરીર આપણું આ લિંગ શરીર કે સૂક્ષ્મ શરીર એ આપણું નામ છે એ આપણું સાચું નામ છે, અને જો આપણે સ્વયંને ગોપાલ, ગોવિંદ કે કૃષ્ણ તરીકે ઓળખાવીએ છીએ તો એ આપણા નામ કરણ વખતે આપણને મળેલ નામ છે અને તે આપણાં આંતરિક ગુણો સાથે મેળ ખાતું હોવું જોઈએ, નામ એવું તો ન જ હોવું જોઈએ જે આપણાં સ્વભાવથી સાવ વિરૂધ્ધનું હોય. આપણું સાચું નામ આપણી અંદર રહેલું છે. એ કાંઈ માત્ર એક શબ્દ નથી જે વડે આપણે આ જગતમાં ઓળખાઈએ છીએ. તમે કોઈને જરૂર નયનસુખ કહી શકો પણ કદાચ એવું એ બને કે એ આંખથી અંધ હોય. કોઈ ગરીબ માણસને દોલતરામ કહેવાનો શો અર્થ? એવા ઘણાં નામો છે જે આપણે લોકોને તેમની સ્થિતિ કે તેમના સૂક્ષ્મ શરીરની ખૂબી-ખામીઓને જાણ્યા વિનાજ આપતા હોઈએ છીએ. સાચું નામ, લિંગ, નિર્દેશ, નિશાની તો સૂક્ષ્મ શરીર જ છે અને એજ ભૌતિકરૂપ અર્થાત આપણા શરીરને નિશ્ચિત કરનારૂં કારણ છે.

આ સૂક્ષ્મ શરીર અસંખ્ય ઈચ્છાઓ સાથેની કંપનો ધરાવનારું છે જે અધુરી રહી ગયેલી છે, અને તે એમને પુરી કરવા માટે એ રૂપ ધારણ કરે છે જેને આપણે શરીર કહીએ છીએ અને આ શરીર ધારણ કરવાની પ્રક્રિયાને

જ જન્મ કહેવામાં આવે છે; અને આપણે માટે આવા જન્મોનો અંત ત્યાં સુધી નથી આવતો જ્યાં સુધી આ સૂક્ષ્મ શરીર ઠંડુ નથી પડી જતું. આવી અધુરી ઈચ્છાઓને સંતોષવા આ સંસાર ચક્રમાં જીવ અસંખ્ય જન્મો લેતો રહે છે અને એ રીતે વારંવાર ભૌતિક શરીર ધારણ કરી પોતાની ઈચ્છાઓને સંતોષવાના નિરર્થક પ્રયત્નો કરતો રહે છે આવી રીતે આ વિશ્વ અસંખ્ય જીવોથી ખદબદતું રહે છે. આ બધાજ જીવો એક જ સામાન્ય ચેતના દ્વારા કાર્યરત રહે છે અને એ ચેતના તે વૈશ્વાનર છે; પરંતુ જ્યારે એ ચેતના વ્યક્તિગત રીતે કોઈ એક શરીરના સંદર્ભમાં કાર્યરત હોય છે ત્યારે એ જીવ તરીકે ઓળખાય છે.

સઘળા ભૌતિક પદાર્થો જેમાં સજીવ નિર્જીવ બધુંજ આવી જાય... તેમને સમગ્રપણે કાર્યરત રાખનાર ચેતનાને આપણે જ્યારે વિરાટ કે વૈશ્વાનર તરીકે ઓળખીએ છીએ તો એજ ચેતના જ્યારે એની જાગૃત અવસ્થામાં કોઈ એક શરીર માટે કાર્યરત હોય ત્યારે એને આપણે વિશ્વ તરીકે ઓળખીએ છીએ. વિશ્વ એ આત્મા છે. જે ભૌતિક શરીરને કાર્યરત રાખે છે; અને વિશ્વાનર એ આત્મા છે જેઓ ભૌતિક બ્રહ્માંડ પર સત્તા ધરાવે છે. આ બેવડી જાગૃત અવસ્થા છએ. પિંડ સ્તરનું – અને બ્રહ્માંડ સ્તરનું – જાગૃતસ્થાન.

હવે આપણે બાહ્ય ચેતના કે બહિઃપ્રજ્ઞાનો અર્થ તપાસીએ જીવ અને ઈશ્વર બન્ને જ બાહ્ય ચેતના અનુભવે છે, પરંતુ એ બન્નેના અનુભવો વચ્ચે કેટલોક સૂક્ષ્મ ભેદ રહેલો છે. જીવ બાહ્ય વસ્તુઓ વિશે સચેત એ અર્થમાં છે કે એ પોતાના શરીરથી બહારના પદાર્થોને જાણે છે, ઓળખે છે અને તેમની વચ્ચે ભેદ કરી શકે છે. પરંતુ વૈશ્વાનરની બાહ્ય ચેતના કાંઈક જુદા જ પ્રકારની છે એની 'અહ્મ અસ્મ' અર્થાત 'હું છું' કે 'મારા પણા' ની લાગણી વૈશ્વિક સ્તરની નિશ્ચયાત્મક અને હકારાત્મક વલણ ધરાવનારી છે. એ આત્મ-ચેતનાનું વૈશ્વિક અહંકારનું સૌથી પહેલું પ્રાગટ્ય છે. એને તે કારણે એની સમક્ષ કોઈપણ પ્રતિકારક-પદાર્થો હોતા નથી આ અહંકાર એવો નથી જે અન્યો સાથે ઘર્ષણમાં ઉતરે એને કોઈપણ વ્યક્તિ કે પદાર્થ સાથેની કોઈ ગેરસમજ કે વિખવાદ નથી અને તેથી ત્યાં કોઈપણ પ્રકારનું દુઃખ ઉદ્ભવતું નથી. એને કોઈપણ વ્યક્તિ કે પદાર્થનો સામનો કરવાનો નથી કારણ એ એકમાત્ર વૈશ્વાનર સ્વયં જ છે અને નહીં કે કોઈ વિશ્વ – (જેણે અન્ય વિશ્વનો સામનો કરવો પડે). આપણે વિરાટના આ 'હું-છું' પણાની સ્થિતિને ધારી પણ ન શકીએ. આપણે કદી એવી સ્થિતિ ભોગવી જ નથી અને તેથી જ આપણું મન એવી સ્થિતિની ધારણા કરવાને અસમર્થ છે. એવું કહેવાય છે કે આ સ્થિતિ કાંઈક અંશે આપણે ગહન નિદ્રામાંથી જાગીએ ત્યારની શરૂઆતની ક્ષણો સાથે સરખાવી શકાય. સામાન્ય રીતે આપણે જ્યારે જાગીએ છીએ ત્યારની શરૂઆતની સ્થિતિ અંગે ભાગ્યે જ વિચારીએ છીએ. આપણે થોડા સમય માટે એક તંદ્રાની સ્થિતિમાંજ રહીએ છીએ અને ત્યારબાદ આપણી રોજની સામાન્ય પ્રવૃત્તિમાં જોડાઈ જઈએ છીએ; આ રીતે આપણ ગહનં નિદ્રા અને જાગૃત ચેતના વચ્ચેની સ્થિતિનું બાહ્ય જગતના સંદર્ભમાં વિશેષ ધ્યાન કરતા જ નથી. આપણને બાહ્ય જગત વિશે સભાન થઈએ તે અગાઉ આપણાં અસ્તિત્વ અંગે એક સૂક્ષ્મ લાગણી જરૂર હોય છે. ત્યારે આપણે ઉંઘમાં નથી હોતા; આપણે જાગૃત હોઈએ છીએ; અને છતાં આપણી બહારના સંસાર વિશે પૂર્ણપણે સભાન નથી હોતા. આપણી ચેતનાની એવી સ્થિતિ જ્યાં એ પોતાના અસ્તિત્વ વિશે તો સભાન છે, તેમ છતાં અન્ય પદાર્થોના અસ્તિત્વથી અજાણ છે, એ જ સ્થિતિ 'હું-છું-પણા'ની છે, એજ અસ્મીત્વ છે, અર્થાત અહમ-અસ્મી જે અસ્તિત્વ અંગેની એક આછી ઝલકરૂપે હોય છે. આવી ચેતનામાં કાયમને માટે સ્થાપિત થવા તો આપણે વૈશ્વાનર જેવો જ અનુભવ કરી શકીએ. આજ ચેતના જ્યારે સ્વયંને અન્ય પદાર્થ અને જીવો સાથે જોડે છે ત્યારે એ વ્યક્તિગત જીવ બને છે.

ઈશ્વરની આ બાહ્ય-ચેતના કે બહિઃપ્રાજ્ઞા એને માટે બંધનકર્તા નથી બનતી, કારણ એમાં અન્ય કોઈ બાહ્ય પદાર્થો સાથે એને સંપર્કમાં આવવાનું હોતું જ નથી, જ્યારે એજ બાહ્ય ચેતના જીવને માટે આ સંસાર સાથેના બંધનનું કારણ બને છે, અને આ બંધન એને માટે કેવળ સંસારની જાણકારીને કારણે જ નથી હોતું, પરંતુ જીવ સતત એ સંસારને મુલવતો રહે છે, એ અંગેના ચૂકાદા ઘડતો રહે છે, એને એ અંગેની અપેક્ષાઓ રહે છે અથવા એ એનો દ્વેષ કરતો રહે છે અને એ રીતે એની સાથેના બંધનોને ગાઢ કરતો રહે છે, જ્યારે વિરાટને કોઈ ઈચ્છાઓ જ નથી હોતી અને જીવ ઈચ્છાથી અળગો નથી રહી શકતો. ઈશ્વર અને જીવ વચ્ચે જો કોઈ ફરક હોય તો તે આ જ છે. ઈચ્છાઓ વિનાનો જીવ ઈશ્વર જ બની જાય છે; અને ઈશ્વરને જ્યારે ઈચ્છા જાગે ત્યારે એ જીવ બને છે.

આ રીતે આ થઈ જાગૃતચેતના, 'જાગૃતસ્થાન', જે બાહ્ય રીતે સજાગ છે, 'બહિઃપ્રાજ્ઞ', એ બ્રહ્મ દૃષ્ટિકોણથી સપ્તાંગ, સાત અંગો વડે અને વ્યક્તિગત સ્તરે એકોણવિમશતીમુખ, અર્થાત ઓગણીસ મુખોવાળી અને એ બન્ને રીતે સ્થૂલભંગ છે અર્થાત વ્યક્તિગત રીતે તેમજ બ્રહ્મદૃષ્ટિએ સ્થૂળતા દર્શાવનાર છે. વિરાટના સંદર્ભમાં એને કેવળ ભૌતિક બ્રહ્મની જ પૂર્ણ જાણકારી હોય છે પરંતુ જીવના સ્તરે એને બ્રહ્મના વિવિધ ભૌતિક પદાર્થોને એક યા બીજી રીતે ભોગવવાનૂ જ ઈચ્છા રહેતી હોય છે. આ જ એ બે વચ્ચેનો ભેદ છે. વિરાટ સમગ્ર વિશ્વને પોતાની ચેતનામાં સમાવી લેનારૂં છે, તો જીવ આ વિશ્વને સમગ્રપણે પોતાની ચેતનામાં સમાવવાને અસમર્થ છે. એ (જીવ) પોતાનો સંબંધ વિશ્વના કેટલાક (મર્યાદિત) પદાર્થો સાથે જાળવી શકે છે. વિરાટ માટે બધું જ પોતાની ચેતનામાં જ હાજર હોવાથી એને કોઈ બાબત અંગે ગમા કે અણગમા, રાગ કે દ્વેષ હોતા નથી, પરંતુ જીવને તો અસંખ્ય ગમા-અણગમા ઈ. હોય છે કારણ એની ચેતના મર્યાદિત અને ગણત્રીની બાબતો અંગેની હોય છે.

માનવી તરીકે આપણાંમાં કોઈ વૈશ્વિક અર્થાત સમગ્રતા ભરી ઈચ્છાઓ નથી હોતી. આપણી, એવી કોઈ ઈચ્છા નથી હોતી જેમાં આ બ્રહ્માંડ અંગેની કોઈ શુભકામના હોય. આપણામાં જ્યારે પણ કોઈ ઈચ્છા જાગે છે તો તે કોઈ સ્થળે કોઈક એવો પદાર્થ પામવાની હોય છે જે કોઈ અન્ય સ્થળના અન્ય પદાર્થ થી ભિન્ન કે ચઢીયાતો હોય. આપણે હંમેશા વસ્તુઓ વચ્ચે ભેદ ઉભો કરીએ છીએ. આપણે આપણાં રોજબરોજના જીવનના કાર્યોમાં સર્વગ્રાહી રીતે બધાનું હિત થાય તેવી રીતે એ કાર્યને પાર નથી પાડી શકતા; અને આપણાં નિર્ણયો પણ આપણી ઈચ્છાઓના પક્ષપાતી વલણને કારણે સાચા નથી હોતા, આપણે સહજતાથી નિશપક્ષ બની જ નથી શકતા, જેને અર્થ એટલો જ થઈ શકે કે કોઈપણ નિર્ણય માટે વસ્તુસ્થિતિ વિશે સમગ્રપણે વિચારી જ નથી શકતા. એ બાબતના કેટલાક પાસાઓ તો આપણે ચૂકી જ જઈએ છીએ, જે આપણાં નિર્ણયો પર અવળી અસર કરનારા હોય છે, અને એ જ કારણ છે કે આ સંસાર જીવને બંધનમાં મુકે છે.

જ્યારે તમે આ જગતને સારી રીતે સમજી ન નથી શકતા અને એની સાથે તમારી ભુલભરેલી સમજ સાથે વ્યવહાર કરો છે, તો આ જગત તમને અવળો પ્રતિભાવ જ આપે છે, અને એવા પ્રતિભાવ જ તમારૂં કર્મફળ બને છે. તમે આ જગત જોડે એની પ્રકૃતિની પૂર્ણ સમજ અને સહકાર સાથે વર્તશો તો આ જગત તમને ખોટો પ્રતિભાવ કદી નહીં આપે. પરંતુ તમે તો એની જોડે પૂર્વગ્રહ ધરાવનાર પક્ષપાતી ભાવથી જ વર્તો છે, જેમાં કેવળ તમારી ઈચ્છાપૂર્તિ માટે જ સૂક્ષ્મ રીતે પણ એના શોષણની જ વૃત્તિ હોય છે. આપણે આ જગતને અર્થાત એના જીવો કે પદાર્થોને કદી આપણ બીજી સ્વાથર્ માટે વાપરવા ન જોઈએ – તેમનું શોષણ કરવું ન જોઈએ. આપણે જો આ રીતે જગતનું શોષણ કરીશું તો આ જગત તમારી સાથે પણ એજ રીતે વર્તશે. એ જેવાને તેવું જ પરત કરી દે છે. આપણું વર્તન જેવું જગત સાથએ હશે, તેવું જ આ જગતનું વર્તન આપણી સાથે હોવાનું. આપણે કદી જગતના કેન્દ્રસ્થાને બેઠા હોય એવું વર્તન

ન કરવું, જેની આ જગતે સેવી કરવી પડે. આપણે કદી સ્વયંને માલિક અને આ જગતને નોકર તરીકે ખપાવી ન શકીએ. આપણે જો જગત સાથે આવુ ગર્વભર્યું વલણ ધરાવીશું તો આ જગત પણ આપણી સાથે એવીજ રીતે વર્તશે અને એ આપણને એક નોકરની જેમ જ રાખશે, અને જરૂર પડ્યે ડંડા પણ મારશે; આપણને માત્ર આ જીવનમાં જ દુઃખ સહવાનું નહીં આવે પરંતુ જન્મોજન્મ સતત દુઃખી થવું પડશે. આ જ સંસારની માયાજાળ છે જેમાં આપણે ફસાયા છીએ. આ જીવની બહિઃપ્રજ્ઞા છે, અને તેના પરિણામો છે.

ઈશ્વરની બહિઃપ્રજ્ઞા મુક્ત સ્થિતિવાળી હોય છે એ સંપૂર્ણ સૃષ્ટિ અંગેની એક સાથે જ જાણકારી ધરાવવા માટે સક્ષમ છે, જ્યારે આપણી જાણકારી ગણત્રીની બાબતો અંગેની જ હોય છે. આપણે કોઈપણ બે વાતો સુધ્ધાં એક સાથએ વિચારી નથઈ શકતા. તો પછી સમગ્ર સૃષ્ટિની બધીજ વાતોનો એક સાથે વિચારવાનો તો પ્રશ્ન જ કેમ ઉઠે? જ્યારે વિરાટની ચેતના તો આ સમગ્ર અસ્તિત્વની તત્કાળ જાણકારીવાળી હોય છે – તેથી જ એ સર્વત્રત્વ ધરાવનારી છે અને એ સર્વજ્ઞ છે – જ્યારે જીવની ચેતના તો ક્રમિક હોય છે – જે વારાફરતી એકથી બીજા પર કુદીને કાર્ય કરનારી હોય છે, અને તેથી જ એ બધીજ બાબતોને આવરી નથી શકતા. એ અલ્પજ્ઞ છે, ઓછું જાણનારી છે. જ્યારે વિરાટતો સર્વત છે, સર્વઅન્તર્યામી છે, જીવ ઐકદેશિક છે, કેવળ એક જ સ્થાને અસ્તિત્વ ધરાવી શકનાર છે. આપણે કદી બે ખુરશીઓ પર એક સાથે બેસી નથી શકતા. જ્યારે ઈશ્વરતો આ જગતની બધીજ ખુરશીઓ પર એક સાથે. એક જ સમયે બેસી શકે છે. વિરાટ જ્યાં એક તરફ બધીજ વસ્તુઓ સાથેના પોતાના તત્કાળ સંબંધને કારણે સર્વશક્તિમાન છે, તો માનવીનો જીવ કે અન્ય કોઈપણ જીવ કે પદાર્થ અલ્પશક્તિ છે, અશક્ત છે, એની પાસે કોઈ સત્તા નથી કારણ એ બધાજ પદાર્થોથી વેગળો છે – દૂર છે – જોડાણ વગરનો છે. વિરાટની શક્તિ પદાર્થોને ગ્રહણ કરવામાં નથી પરંતુ બધામાં જ એના રહેલા વ્યાપને કારણે છે. એનું જ્ઞાન એની સૂક્ષ્મદૃષ્ટિને કારણે છે અને નહીં કે એની ગ્રહણ શક્તિને કારણે; વિરાટનું જ્ઞાન કે ચેતના એ સમગ્ર બ્રહ્માંડની અંતઃસ્ફૂરણા છે, જ્યારે જાગૃત અવસ્થામાં જીવની ચેતના એની ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરાએલી પદાર્થોની જાણકારી માત્ર છે, એ કોઈ સ્ફૂરણા નથી. માનવી તરીકે આપણે પદાર્થો અંગેની નથઈ તો સ્ફૂરણા ધરાવતા કે નથી તેમને વિશે કાંઈ (વિના ઈન્દ્રિયો) ગ્રહણ કરી શકતા.

એ જ કારણ છે કે આપણે પદાર્થો પર કોઈ સત્તા ધરાવી નથી શકતા. આપણે આપણાં શરીર અને ક્ષણભંગુરતાને કારણે સાવ નબળા છીએ, આપણે ઈચ્છાઓ જરૂર કરીએ છીએ પરંતુ આ નબળાઈને કારણે જ તેમને પામી નથી શકતા. પરિપૂર્ણ કરી નથી શકતા. આપણી ઈચ્છાઓ એ જ આપણી નબળાઈ છે; અને વિરાટની શક્તિ એની ઈચ્છારહિતતામાં રહેલી છે. તમે જેટલી વધુ ઈચ્છાઓ કરશો એટલા વધુ નબળા પડશો; ઈચ્છાઓ જેટલી ઘટાડશો તેટલા બળવાન બનશો, એ રીતે ઈચ્છારહિતતાની સર્વોચ્ચ સ્થિતિ એજ વિરાટ કે વૈશ્વાનરની સ્થિતિ છે એ એવી સ્થિતિ છે જેમાં જીવ પોતે ઈશ્વર બને છે, અને એને માટે કોઈ ઈચ્છાઓ રહેતી જ નથી. અને સાથે જ પદાર્થોની ઘૃણા પણ છૂટી જાય છે. માણ્ડૂક્ય ઉપનિષદનો આ મંત્ર આત્માના પ્રથમ પાદનું વર્ણન કરે છે; ચેતનાના પ્રથમ સ્તરનું જાગૃત અવસ્થાના સંદર્ભમાં પિંડ અને બ્રહ્માંડ બન્ને સ્તરે તપાસે છે જેને આપણે ક્રમશઃ વિશ્વ અને વૈશ્વાનર અથવા જીવ અને વિરાટ તરીકે ઓળખીએ છીએ.

## ૪. સ્વપ્ન અને સુષુપ્તિનું રહસ્ય

આત્માના જાગૃત અવસ્થા રૂપી પ્રથમ પાદને આપણે જાણ્યું. આ જાગૃત અવસ્થામાં જ આંતરિક રીતે વ્યાપ્ત એવી એ ચેતનાનું એક સૂક્ષ્મ કાર્ય પણ જણાયું છે જેને એક સ્વતંત્ર વિષય તરીકે સ્વપ્ન ચેતના કે તૈજસને નામે ઓળખવામાં આવે છે, અને વૈશ્વિક સ્તરે તે હિરણ્યગર્ભ અથવા વૈશ્વિક સૂક્ષ્મ ચેતના તરીકે જાણીતી છે. માણ્ડૂક્ય ઉપનિષદના હવે પછીના મંત્રનો એ જ મુખ્ય સૂર છે જે સ્વપ્નસ્થાનઃ ઈ. થી શરૂ થાય છે.

સ્વપ્ન જ જેનો આવાસ છે તે સ્વપ્નસ્થાનઃ જે કેવળ આંતરિક માહિતીઓને જાણનાર છએ અને નહીં કે કોઈ બ્રાહ્યજ્ઞાનને એજ અન્તઃપ્રજ્ઞા છે. જેના સાત અંગો છે તે સ્પ્તાંગ. જેના ઓગણીસ મુખ છે તે એકોણવીંશિતમુખ. જે પોતાનામાં કેવળ સૂક્ષ્મને જ સમાવનારૂં છે તે છે પ્રવિવક્તભૂક. એ જ તૈજસ છે, અને એજ આત્માનું બીજું સ્તર કે બીજું પાદ છે.

હવે આપણે સ્વપ્ન ચેતનામાં છીએ, જે સૂક્ષ્મ અવલોકનનું જગત છે. સામાન્ય રીતે આપણે આપણા સ્વપ્નને આપણી જાગૃત અવસ્થાની ચેતનાનું જ પરીણામ સમજીએ છીએ અને એવું માનવામાં આવે છે કે સ્વપ્નમાં દેખાતા પદાર્થો ભૌતિક હોવાને બદલે માનસિક જ વધારે હોય છે. જાગૃત અવસ્થામાં તો આપણે વાસ્તવિક પદાર્થોના સંપર્કમાં જ આવીએ છીએ, પરંતુ સ્વપ્નાવસ્થામાં આપણે કેવળ ધારી લીધેલા પદાર્થોના જ સંપર્ક સાધના હોઈએ છીએ. એક તરફ જાગૃત અવસ્થામાં વાસ્તવિક સંતોષ, આનંદ અને દુઃખ અનુભવાય છે, તો બીજી તરફ સ્વપ્ન જગતમાં એ બધું જ કેવળ ધારણાઓને આધિન હોય છે. જાગૃત જગત અંગેનો આ એક સામાન્ય મત કે માન્યતા છે.

માણ્ડૂક્ય ઉપનિષદ સ્વપ્ન અંગેનું વિશ્લેષણ કરે છે અને એવા નિર્ણય પર આવે છે જે આપણા અગાઉ જણાવેલ સામાન્ય મતથી સહેજ જુદો છે.

આપણે સ્વપ્નને અવાસ્તવિક અને જાગૃત અવસ્થાને વાસ્તવિક માનીએ છીએ. તેમ છતાં એ દેખીતું હોવું જોઈએ કે આ સાચું નથી. જ્યારે આપણે કહીએ છીએ કે જાગૃત અવસ્થાથઈ વિરોધાભાસી એવી સ્વપ્ન અવસ્થા કાલ્પનિક હોવાની, ત્યારે આપણે વસ્તુસ્થિતિને સર્વગ્રાહી રીતે નથી વર્ણવતા. જાગૃત જગતની સરખામણીમાં સ્વપ્ન જગત અવાસ્તવિક જણાય છે. જાગૃત જગતના પદાર્થો સ્વપ્ન જગતના પદાર્થો કરતાં વધુ ઉપયોગી હોય એવું લાગે છે. જાગૃત જગતની વાસ્તવિકતા અંગેના આવા નિવેદનો સ્વપ્ન જગતની વાસ્તવિકતા સાથે યોગ્ય સરખામણી કર્યા વિના શક્ય જ નથી.

હવે આવી સરખામણી કોણ કરી શકે? ન તો એવી વ્યક્તિ જે સદા જાગૃત અવસ્થામાં જ રહેતી હોય કે ન એવી વ્યક્તિ જે સદા સ્વપ્નાવસ્થામાં હોય. આવો ચૂકાદો આપનાર (પરિક્ષક) કે એ વાતનો સાક્ષી બનનાર (નિરિક્ષક) એ બન્નેમાંથી એકે પરિસ્થતિ જોડ બંધાયેલો ન હોઈ શકે. જે રીતે કોર્ટમાં ચૂકાદો આપનાર જજ બન્ને પક્ષકારોથી સદંતર અલગ-અળગો હોવા આવશ્યક છે. જો આવી બન્ને અવસ્થાઓ અંગેનો ચૂકાદો આપનાર કોઈ એક અવસ્થા સાથે જોડાએલો હોય તો એનો ચૂકાદો નિષ્પક્ષ નહીં રહી શકે. જાગૃત અને સ્વપ્ન જેવી બે સ્થિતિઓ સંબંધે ચૂકાદો આપવાની જરૂરીયાત કેમ ઉભી થઈ? એવું એટલા માટે થયું કે તમને એ બન્નેની માહિતિ હોય એવી સ્થિતિ ઉભી થઈ, અને તમે એમાંની કોઈ એક પરિસ્થિતિ સાથે કાયમ બંધાએલો હો એવું નથી; અને એ બેની કોઈપણ પ્રકારની સરખામણી કોઈપણ સંજોગોમાં થઈ ન શકે જ્યા સુધી એ બન્ને અવસ્થા અંગે એક જ સમયે સચેત કે જાણકાર ન બની શકો.

હવે આપણે એક આકર્ષક પ્રશ્ન પર પહોંચ્યા છીએ  આ સરખામણી કોણ કરી રહ્યું છે? તમે જેને સ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યા છો તે બે સ્થિતિઓની જ સરખામણી કરી શકો. એ કોણ છે જે જાગૃત અને સ્વપ્ન અવસ્થાઓમાંથી પસાર થઈ રહ્યું છે? જ્યારે તમે જાગૃતમાંથઈ સ્વપ્ન અવસ્થામાં પ્રવેશો છો, ત્યારે જાગૃત અવસ્થામાં રહેતા નથી; તમે તો કેવળ સ્વપ્નાવસ્થામાં જ છો. અને જ્યારે તમે સ્વપ્ન ત્યાગીને જાગૃત થાઓ છો ત્યારે તમે જાગૃત અવસ્થામાં આવી જાઓ છે અને સ્વપ્નાવસ્થામાં રહેતા નથી. તમે એ બન્ને અવસ્થામાં એક સાથે તો  રહી જ કેવી રીતે શકો? અને જ્યાં સુધી તમે એ બન્ને અવસ્થાની ચેતનક જાણકારી એક સાથે ન ધરાવો ત્યાં સુધી એમની સરખામણી કરવી તમારે માટે શક્ય જ નથી. પરંતુ આપણે તો આવી સરખામણી કરી જ રહ્યા છે અને તે અંગેના નિવેદનો પણ આપી રહ્યા છીએ. આપણાં સામાન્ય અવલોકન અંગેનો સત્યતાને દર્શાવવા આ દિશા સૂચન પૂરતું જણાય છે. આપણે એ નથી જેનો સબંધ સંપૂર્ણપણે જાગૃત અવસ્થા સાથે જ હોય, અને આપણે એ પણ નથી જેનો સંપૂર્ણ સંબંધ કેવળ સ્વપ્નાવસ્થા સાથે જ હોય આ બન્ને અવસ્થાઓના ચોક્કસ અનુભવોથી આપણે કાંઈક જુદા જ છીએ. નતો જાગૃત અવસ્થા આપણને કાયમને માટે જાળવી શકે કે ન સ્વપ્ન અવસ્થા આપણાં અસ્તિત્વને હંમેશ માટે ધારણ કરી શકે. આપણે એવા કોઈક છીએ જે આ બન્ને અવસ્થાના સાક્ષી હોઈએ એવું જણાય છે આવો આ સાક્ષી જાગૃત કે સ્વપ્ન અવસ્થા એ બન્નેમાંથી એકનો પક્ષકાર નથી. આપણે આ બધાથી સાવ અલાયદું એવું ત્રીજું જ તત્વ છીએ જે જાગૃત કે સ્વપ્ન અવસ્થાઓની સાવ સ્વતંત્ર જ હોય.

આ ત્રીજું તત્વ કયું છે? આ ઉપનિષ્દનો મુખ્ય ઉદ્દેશ જ, આ વિષયની ગહન તપાસ કરી એ તત્વની વાસ્તવિકતાને જાણવાનો છે. જે રીતે કોઈ ગૂંચવણભરી તમારા માટે એવું એક કમીશન નિમવામાં આવે છે જેમાં વિષયના જાણકાર એવા તજજ્ઞોજે સામેલ કરાય છે, તેની જ રીતે અહીં આપણા માટે સ્વયંને એક નિષ્પક્ષ કમીશન તરીકે નિમવાની જરૂરિયાત ઉભી થઈ છે. આપણે સંપૂર્ણપણ નથી તો જાગૃત અવસ્થાનાં છીએ કે નથી સંપૂર્ણપણે સ્વપ્નાવસ્થામાં. એ બન્ને અવસ્થાના અનુભવ ધરાવનાર તરીકે, એ બન્ને માટેના નિષ્પક્ષ સાક્ષી તરીકે આપણે સ્વયંને ન્યાયકર્તાની ખુરશી પર એવી રીતે સ્થાપીએ છીએ કે જ્યાંથી આ બાબતનું વિશ્લેષણ યોગ્ય રીતે થઈ શકે.

જ્યારે આપણે આ બન્ને અવસ્થા અંગે નિષ્પક્ષભાવથી જોઈશું – જાગૃત અવસ્થા કદાચ સ્વપ્નાવસ્થાથી ચઢિયાતી હોય એવા કોઈપણ પક્ષપાત વિના – તો કદાચ આપણે પૂર્ણપણે આશ્ચર્ય પમાડનાર નિર્ણય પર આવીશું આપણે એવું કેમ માની લઈએ છીએ કે જાગૃત અવસ્થાના પદાર્થો વાસ્તવિક છે? કારણ આપણે તેમની ઉપયોગીતાને જાણીએ-સમજીએ છીએ. જાગૃત અવસ્થાનો ખોરાક જ અને નહીં કે સ્વપ્નાવસ્થાનો ખોરાક, આપણી ભુખને સંતોષી શકે છે. એજ કારણ છે કે આપણે સ્વપ્નાવસ્થાના ખોરાકને અવાસ્તવિક ગણીએ છીએ, અને જાગૃત અવસ્થાના ખોરાકને વાસ્તવિક, પરંતુ આપણે એ ભુલી જઈએ છીએ કે સ્વપ્નાવસ્થાનો ખોરાક સ્વપ્નાવસ્થાની ભુખને તો સંતોષે જ છે. આપણે આ બન્ને અવસ્થાની સરખામણી ખોટી રીતે કેમ કરીએ છીએ? આપણે સ્વપ્નના ખોરાકને તો સ્વપ્નમાં જ રાખીએ છીએ પરંતુ સ્વપ્નની ભુખને જાગૃત અવસ્થાની ભુખ સાથે યોગ્ય રીતે સરખાવતા નથી, અને તે સાથે જ પદાર્થના અન્ય પાસાને સરખાવીએ છીએ જેમ કે ખોરાકની સરખામણી જો આપણે કહીએ કે  જાગૃત અવસ્થામાં આપણે આપણા સબંધીત એવા જે લોકોને જોઈએ છીએ, તેમની સાથે વાતો કરીએ છીએ, હાથ મેળવીએ છીએ અને વ્યવહાર રાખીએ છીએ, તેવું જ સ્વપ્નમાં પણ સ્વપ્નના લોકો સાથે વ્યવહાર કરીએ છીએ. આપણે તેમની સાથે પણ હાથ મેળવી શકીએ છીએ, સ્વપ્નના દુશ્મનો સાથે લડી પણ શકીએ છીએ; અને સ્વપ્નમાં થતા મૃત્યુને પણ અનુભવીએ છીએ. સ્વપ્નમાં આપણે કોર્ટના કેસો પણ કરી શકીએ છીએ.

સ્વપ્નની કોર્ટના ચૂકાદામાં જીત મેળવી સ્વપ્નની સંપત્તિ પણ મેળવી શકીએ છીએ. સ્વપ્નમાં આપણી પોતાની ઓફીસ પણ હોય શકે જેમાં આપણે સર્વોચ્ચ સ્થાને બીરાજતા હોઈએ. આપણે સ્વપ્ન જગતના સ્વપ્ન રાજા પણ બની શકીએ. તો પછી આપણે સ્વપ્નમાં હોઈએ કે જાગૃત ફરક શું છે, જો આપણા જગત સાથેનો સંબંધો સરખાજ રહેતા હોય? એવું શું છે જેથી તમે જાગૃત અવસ્થાને વાસ્તવિક અને સ્વપ્નાવસ્થાને અવાસ્તવિક માની લો છો? તમે જે સરખામણી કરો છો તે અયોગ્ય છે. તમે એ બે પક્ષકારો માટે સારા જજ નથી અને તેથી તમારો નિર્ણય પક્ષપાતભર્યો છે. કેટલીકવાર તો તમે બન્ને પક્ષને સરખી રીતે સમજ્યા વિનાજ એકપક્ષી નિર્ણય આપી દો છો.

હવે અહીં માણ્ડૂક્ય ઉપનિષદ કોઈપણ પ્રકારના એકપક્ષી નિર્ણયને સ્વીકારવા તૈયાર નથી. તમારે નિષ્પક્ષ ભાવે તથ્યોના મૂળ સુધી જવું જ પડે, અને તમે કોઈ એકનો પક્ષપાત તો ન જ કરી શકો.

એક દાર્શનિકે કહ્યું: જો જાગૃત અવસ્થાનો રાજ જો રોજ દિવસના ૧૨ કલાક માટે સ્વપ્નમાં પોતાને ભીખારી રૂપે જુએ, અને એક જાગૃત અવસ્થાનો ભીખારી જો રોજ દિવસના ૧૨ કલાક સ્વયંને રાજા તરીકે જુએ, તો એ બે વ્યક્તિ વચ્ચે ફરક શું છએ? એમાંથી રાજા કોણ અને ભીખારી કોણ? તમે કદાચ એવું કહો કે જે જાગૃત રાજા છે એજ સાચો રાજ છે. પરંતુ અહીં પણ તમે એક ખોટી સરખામણી કરી રહ્યા છો. આવી સરખામણી સાચી નહીં ઠરે કારણક તે પક્ષપાતથી રંગાએલી છે.

એ આપણું જાગૃત અવસ્થાનું મન જ છે જે આ જાગૃત જગત અંગેના ચૂકાદા આપે છે અને કહે છે કે એ જ વાસ્તવિક છે. એ તો એવું જ થયું કે ન્યાય માટે ગએલ એક પક્ષકાર બીજાને સાંભળ્યા વિના જ કહેવા લાગે કે 'હું જ સાચો છું' સ્વપ્નાવસ્થાનું મન પણ કદાચ સ્વપ્નાનસ્થા અંગે એવું જ નક્કર નિવેદન પોતાના સ્વપ્ન જગત અંગે કરે. તમે સ્વપ્ન જગતને અત્યારે અવાસ્તવિક એટલા માટે કહો છો કે અત્યારે તમે જાગૃત છો, જ્યારે તમે સ્વપ્નમાં હશો તો એવું કદાપી નહીં કહો. તમે સ્વપ્નમાં સુખી છો; તમે સ્વપ્નમાં હસો છો; અને રડો પણ છો. સ્વપ્નમાં તમે શા માટે રડ્યા જો તમારા સ્વપ્નના દુઃખો અવાસ્તવિક હતા? તમે એમ પણ કહી શકો કે આ તો સ્વપ્ન છે; મારે શા માટે ચિંતિત થવું? તમે સ્વપ્નમાં એક સ્વપ્નનો સાપ જુઓ, તો તમે તેનાથી દૂર જ ભાગશો. તમે એ સ્વપ્નના અવાસ્તવિક સાપથી કેમ દૂર ભાગ્યા? કારણ તેણે પણ તમારામાં ભય પેદા કર્યો. જો સ્વપ્નમાં વાઘ તમારા પર હુમલો કરે તો પણ તમે પરસેવાથી રેબઝેબ થતા જાગી પડવાના અને તમે કદાચ ખરેખર રડવાના પણ ખરા. તમે સ્વપ્નમાં જ ઝાડ પરથી પડીને પગનું હાડકુ ભાંગી બેસવાના, અને ત્યારે તમને થતું દર્દ વાસ્તવિક જ લાગવાનું કેટલીકવાર તો તમે જાગી પડ્યા હોવા છતાં પણ તમારો પગ હજી ધ્રુજતો હોવાનો અને તમે એના પર હાથ ફેરવીને તપાસશો કે શું ખરેખર હાડકું ભાંગ્યુ તો નથીને. કશું જ નથી થયુ એવું ભાન થતા થોડો વખત પણ વિતી જવાનો, અને ત્યારે તમને ભાન થશે કે, "હું તો સ્વપ્ન જોઈ રહ્યો હતો".

જાગૃત અને સ્વપ્ન અવસ્થાની ન્યાયપૂર્ણ નિષ્પક્ષ રીતે કરેલી એક દાર્શનિક અભિગમવાળી સરખામણી કરવામાં આવે તો તે તમને એક ખૂબજ મૂંઝવણભરી સ્થિતિમાં મુકી દેશે. એ તમને એવી તો શર્મનાક પરિસ્થિતિમાં મૂકશે કે તમે એ પણ નહીં જાણી શકો કે તમે ક્યાં છો. શું તમે જાગૃત છો કે પછી એક સ્વપ્ન જ જોઈ રહ્યા છો; તમે કોઈ ભ્રમણામાં ફસાયા છો કે પછી કોઈ ભ્રમણામાંથી બહાર આવ્યા છો. એ તમને સમજાશે જ નહીં, અને સ્વપ્નના અનુભવો તમારા જાગૃત જીવનની છાપોને આધારે થતા હોય છે એ જાણકારી પણ પરિસ્થિતિમાં સુધારો નથી લાવી શકતી. એ કેવળ તર્કની જ એક રીત બને છે.

જ્યારે તમે વહેવારૂ રીતે અનુભવના ક્ષેત્રમાં દાખલ થશો, ત્યારે તમને સમજાશે કે સૈધ્ધાન્તિક રીતે કેટલા આ વિશ્લેષણની તમારા વહવારૂ જીવન પર કોઈ અસર થઈ નથી. જો એવું જ હોય કે તમારી જાગૃત અવસ્થાની છાપોને કારણે જ તમારા સ્વપ્ન જગતનું નિર્માણ થયું છે, તો તમારા જાગૃત અવસ્થાના અનુભવો પણ કોઈક અન્ય છાપોને કારણે જ ઉદ્‌ભવ્યા હોય. જો તમે એ વાતથી સંતોષ માનીને કે સ્વપ્ન અવસ્થાનું કારણ જાગૃત અવસ્થાના અનુભવોની છાપ માત્ર છે, અને તમે સ્વપ્ન અવસ્થાને તેથી જ અવાસ્તવિક ગણો છો, તો તમે જાગૃત જગતને પણ અવાસ્તવિક જ ગણી શકો કારણકે એ પણ કોઈ અન્ય પરિસ્થિતિમાં થએલા અનુભવોની છાપને આધારે જ જન્મવા પામ્યા છે. સ્વપ્ન જગત જો કોઈ કારણનું પરિણામ છે, તો જાગૃત જગત પણ અન્ય કોઈ કારણનું જ પરિણામ હોઈ શકે. જો આ કારણ પરિણામનો સંબંધ જ સ્વપ્ન જગતને અવાસ્તવિક ઠેરવી શકતો હોય, તો એ જ તર્ક આપણે જાગૃત જગત અંગેના નિર્ણય માટે પણ વાપરી શકીએ અને કહી શકીએ કે જાગૃત અવસ્થા પણ અવાસ્તવિક જ છે અને તમે સ્વપ્ન જગતના પદાર્થોની સરખામણીમાં જાગૃત જગતના પદાર્થોને કેમ સ્વીકારી લો છો? તમે સ્વપ્ન જગતના પદાર્થોને પણ સ્વીકારો છો, પરંતુ જ્યારે તમે જાગૃત થાઓ છો ત્યારે તેમના વિશે વિચારતા પણ નથી.

સ્વપ્નાવસ્થાને અવાસ્તિવક માનવાનું કારણ જો એ બે અવસ્થાઓની સરખામણી જ હોય, તો પછી તમે જાગૃત અવસ્થાને, એનાથી ઉચ્ચતમ હોય એવી કોઈ અવસ્થા સાથે કેમ નથી સરખાવતા? તમારા વિશ્લેષણને જાગૃત અને સ્વપ્ન એ બે અવસ્થાઓમાં જ કેમ મર્યાદિત રાખો છો? તમે એવું કેવી રીતે માની લીધું કે કેવળ બે જ અવસ્થાઓ હોવી જોઈએ, અને એથી વધુ નહીં? જેવી રીતે સ્વપ્નમાં હો ત્યારે તમે જાગૃત અને સ્વપ્ન અવસ્થાની સરખામણી નથી કરી શકતા, તેવી જ રીતે જાગૃત અવસ્થામાં પણ, જ્યાં સુધી તમે એની બહાર ન આવો ત્યાં સુધી એ જાગૃત અને એનાથઈ ઉચ્ચકક્ષાની અવસ્થાની સરખામણી ન જ કરી શકાય. જ્યારે તમે સ્વપ્નમાં હો છે ત્યાં કેવળ સ્વપ્ન જગત વિશે જ વિચારી શકો છો, અને ત્યારે તમને ખબર જ નથી હોતી કે એનાથી ઉચ્ચ એવી કોઈ જાગૃત અવસ્થા છે. તમે તમારી જાગૃત અવસ્થાના સમગ્ર જગતને ભૂલી જાઓ છે. તમે સ્વપ્નલોકમાં એટલા તો ખોવાઈ ગયા હો છો કે જાગૃત અવસ્થાનું કોઈ જગત છએ કે નહીં તે સદંતર ભુલી જાઓ છો, અને જ્યારે જાગો છો ત્યારે જ તમારી જાગૃત અવસ્થામાં ઉત્સુકતાપૂર્વક પ્રવેશો છો, અને નહીં કે તે પહેલાં.

જો સ્વપ્નાવસ્થામાં આવું થતું હોય તો સ્વાભાવિક છે કે જાગૃત અવસ્થામાં પણ આવું જ થવાનું. સ્વપન્વસ્થામાં સ્વપ્ન જ વાસ્તવિક છે અને જાગૃત અવસ્થામાં જાગૃત જ વાસ્તવિક લાગવાનું. જાગૃતિ વાસ્તવિક છે કારણ તમે જાગૃત છો અને જ્યારે સ્વપ્ન ચાલી રહ્યું હોય તો સ્વપ્ન વાસ્તવિક છે. તમે જ પણ અવસ્થામાં હશો તેજ તમને વાસ્તવિક છે. તમે જે પણ અવસ્થામાં હશો તે જ તમને વાસ્તવિક લાગવાનું. ખૂબજ જાણીતા અને ચર્ચાએલા સાપ અને દોરડીના દાખલામાં પણ સાપનું તો ત્યાં અસ્તિત્વ જ નથી અને છતાં તમે ગભરાઈને ત્યાંથી ભાગો છો. તમે તો એવું નથી જ કહેવાના કે સાપ અવાસ્તવિક હતો; સાપ તો ત્યાં હતો જ. તમે દોરડીને ન દીઠી; તમે માત્ર સાપને જ જોયો; અને માત્ર દોરડીને ત્યાં જોયા બાદ જ તમે કહેશો કે ત્યાં સાપ નથી. તમે જ્યારે દોરડીને નો'તી જોય ત્યારે તમે ત્યાં કેવળ સાપને જ જોયા, અને ત્યાંથી ભાગ્યા. તમે એવું કહી જ ન શકો કે સાપ અવાસ્તવિક હતો. જે એ અવાસ્તવિક હતો તો પછી તમે ત્યાંથી ભાગ્ય શા માટે? એક અવાસ્તવિક સાપને કારણે તમે વાસ્તવમાં ભાગ્યા કઈ રીતે? તે સમયે સાપ અવાસ્તવિક ન હતો. તે સમયે તમારી દૃષ્ટિએ તો એ વાસ્તવિક જ હતો, અને ત્યારબાદ જ્યારે તમે તેને સ્થાને દોરડી દીઠી ત્યારે જ તે અવાસ્તવિક બન્યો. જ્યારે એ દેખાયો ત્યારે તો વાસ્તવિક જ હતો પરંતુ ત્યારબાદ તમે જે જોયું તેની સાથી સરખામણી કરતા સમજાયું કે એ વાસ્તવિક હતો જ નહીં.

જો આપણી તારણ કાઢવાની આ જ રીત હોય તો આપણે આ સમગ્ર જાગૃત જગતને પણ એવીજ રીતે કેમ નથી મુલવતા? એવું શું છે જે આપણને આ સંસાર વાસ્તવિક છે એવું સમજવા મજબુર કરે છે? એ પેલું જ તથ્ય છે જેણે જેણે આપણને દોરડીમાં સર્પને વાસ્તવિક સમજવા મજબુર કર્યા હતા. અને જે રીતે એવા ધારી લીધેલા સર્પથી ડરીને આપણે ભાગ્યા, તે રીતે જ આપણે આ જગતના ધારી લીધેલા પદાર્થો સાથે વર્તી રહ્યા છીએ. જે રીતે અસ્તિત્વ વિનાની સર્પથી પણ આપણે દૂર ભાગ્યા તેવી જ રીતે આપણે આ સંસાર જેનું અસ્તિત્વ જ નથી, તેના દુઃખોને ભોગવી રહ્યા છીએ. આપણ એવું માનવું જ ન જોઈએ કે એ અસ્તિત્વમાં છે એ જો ખરેખર છે જ તો, દોરડીવાળો સાપ પણ વાસ્તવમાં ત્યાં હતો જ,

દોરડીમાંનો સર્પ એ એક રહસ્યમય પદાર્થ છે. એવા પદાર્થને આપણે અસ્તિત્વમાં છે એવું પણ નથી કહી શકતા અને અસ્તિત્વમાં નથી એવું પણ નથી કહી શકતા. એક દૃષ્ટિએ છે કારણ આપણે એનાથી ગભરાયા હતા, અને બીજી દૃષ્ટિએ એ નથી કારણ એતો માત્ર દોરડી જ હતી તેવું જ આ જાગૃત અવસ્થાના સંપૂર્ણ સંસારનું છે. એ ત્યાં સુધી છે જ્યાં સુધી આપણે એને જોઈએ છીએ અને એને વળગી રહીએ છીએ, એને માટે દુઃખી થઈએ છીએ, એની સાથે જાતજાતનો  વ્યવહાર કરીએ છીએ, જે રીતે આપણે દોરડીમાંના સાપ સાથે વ્યવહાર કર્યો, પરંતુ જ્યારે આપણે અન્ય વાસ્તવિકતાને અનુભવી, જ્યારે આપણને જ્ઞાન થયું ને સમજાયું કે આતો દોરડી છે, તો આપણો ડર દૂર થયો અને આપણે મુક્તિ મેળવી, “અહીં તો સાપ છે જ નહીં”

એવી જ રીતે જ્યારે આ સંસાર પર પ્રકાશ પડશે, કોઈ સૂર્ય વિજળી કે અન્ય પ્રકાશ નહીં પરંતુ ડાહપણનો, જ્ઞાનનો કે સાક્ષાત્કારનો પ્રકાશ છવાશે, ત્યારે આવું જ એક નિવેદન આપણ કરીશું. જ્યારે આ પ્રકાશ આપણે લાધશે ત્યારે સંસારરૂપી આ સાપ આપણી સામેથી અદૃશ્ય થશે અને આપણે બ્રહ્મરૂપી દોરડીને સ્પષ્ટપણે જોઈ શકીશું. ત્યારે આપણાં ઉદ્‌ગાર હશે, અરે આ તો આવું છે! હું શા માટે આમથી તેમ નકામા ફાંફાં મારી રહ્યો હતો? જે રીતે જાગૃત થયા બાદ અત્યારે આપણે સ્વપ્ન જગત વિશે કહી રહ્યા છીએ, તેવી જ રીતે, આપણે જ્યારે પરમની ચેતનામાં જાગીશું ત્યારે આ સંસાર વિશે કહીશું.

આ રીતે આ એ સંસાર છે જેમાં આપણે વસી રહ્યા છીએ. આપણે એને વાસ્તવિક કે અવાસ્તવિક જે કહેવું હોય તે કહીએ. બન્ને મંતવ્યો સાચા જ હોય એવું જણાય છે: એટલું તો સત્ય છે કે આ સંસાર અહીં છે, કારણ કે આપણે એની દેખી રહ્યા છીએ; અને વાસ્તવમાં એ અહીં નથી કારણ ઉચ્ચ અનુભવ થતાં એ અદૃશ્ય થઈ જાય છે.

જાગૃત અને સ્વપ્ન અવસ્થાના સંબંધ અંગેની આવી વિશ્લેષણાત્મક સમજ, માનવી અને ઈશ્વર વચ્ચેના સંબંધ વિશે પણ ઘણું કહી જાય છે જાગૃત અવસ્થાના પદાર્થોનો જે સબંધ સ્વપ્નાવસ્થાના પદાર્થો સાથે છે તેવો જ સંબંધ માનવીનો ઈશ્વર સાથેનો છે; અને જાગૃત પદાર્થનો જે સબંધ સ્વપ્ન જગત સાથે છે તેવો જ ઈશ્વરનો સંબંધ આ જાગૃત જગત સાથે છે. જે રીતે જાગૃત માનવી સ્વપ્ન જગતનો સર્જનાર છે, તેવી જે રીતે ઈશ્વર આ જાગૃત સંસારનો સર્જક છે અને તમે જ્યારે સ્વપ્નમાંથી જાગૃત થાઓ ત્યારે જે કાંઈ થાય છે તેવું જ તમે જ્યારે આ જગતને પાર કરી ઈશ્વરને પ્રાપ્ત કરી લો ત્યારે થાય છે શું જાગૃત થવાથી તમારે કાંઈ ખોવાનું છે ખરૂં? તો તમે જ્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર કરો ત્યારે પણ તમારે તે જ ખોવાનું રહે છે.

પરંતુ જો તમને એવું લાગતું હોય કે સ્વપ્નમાંથી જાગૃત થતાં તમારે કશું જ ગુમાવવાનું નથી હોતું, એટલુંજ નહીં પણ તમને રાહતની એક વિશેષ લાગણી થતી હોય છે. તો એ જ નિયમ જ્યારે તમે ઈશ્વરનો સાક્ષાત્કાર કરો

ત્યારે પણ લાગુ પડે છે. ઈશ્વરનો સાક્ષાત્કાર થાય ત્યારે પણ તમારે કશું જ ગુમાવવાનું હોતું નથી, અને તેથી પણ વિશેષ તમારામાં સુધારો જ થાય છે અને, માનવી તરીકે તમે ઉચ્ચસ્તર પ્રાપ્ત કરો છો. સ્વપ્નમાં તમે માત્ર ભૂતાવળ જ નિહાળતા હતા અને જાગૃત થતા તમે વાસ્તવિકતા જોતા હો એવી લાગણી તમને થાય છે. અને જ્યારે ઈશ્વર સુધી પહોંચો એટલે તમને આ કહેવાતા જાગૃત જગતમાં દેખાતા કહેવાતા (માયાની) પદાર્થોને બદલે સાચી વાસ્તવિકતાના દર્શન થવાના. આ થયું જાગૃત જગતના અનુસંધાનમાં સ્વપ્ન અનુભવનું આધ્યાત્મિક વિશ્લેષણ. સ્વપ્નનો સંસાર મનથી બહાર નથી, અને જાગૃત અવસ્થાનો સંસાર આ પરમની બહાર નથી.

સ્વપ્ન એ કેવળ આધ્યાત્મિક કોયડો જ નથી; એ એક માનસિક ઘટના પણ છે. મનના ઈન્દ્રિયગત કાર્યોથી નિવૃત્ત થઈ એ મનના પોતાના જ ક્ષેત્રમાં મનનું પાછા ફરવું છે. અને એજ કારણ છે કે એ અંતઃપ્રજ્ઞા તેમજ પ્રવિવિક્તભુક તરીકે પણ ઓળખાય છે. એ અંતઃપ્રજ્ઞા કે આંતરિક ચેતના એટલા માટે છે કે સ્વપ્નામાં આ મન, જાગૃત અવસ્થાની સ્થિતિથી મુક્ત રહીને, સંપૂર્ણ સંસારને પણ દર્શાવી શકે છે. આંખો ભલે બંધ હોય છતાં તમે સ્વપ્નામાં બધું જ જોઈ શકો છે. તમે તમારા કાનમાં રૂ ભરીને ઉંઘી જશો તો પણ સ્વપ્નમાં સાંભળી શકશો. ઉંઘમાં તમારી જીભ કામ નહીં કરે તો પણ સ્વપ્નમાં તમે ખોરાકના સ્વાદને માણી શકશો. તમારી જાગૃત અવસ્થાની ઈન્દ્રિયો કામ નહીં કરતી હોય છતાં સ્વપ્નમાં તમે બધા જ ઈન્દ્રિયગત કાર્યો કરી શકશો. મન પોતે સ્વપ્નની ઈન્દ્રિયોનું કાર્ય કરે છે, અને એજ મન દ્વારા જ ઉભા કરાયેલા સ્વપ્ન પદાર્થોનો એવી મનની જ ઈન્દ્રિયો દ્વારા સંપર્ક કરવાને સમર્થ હોય છે. મન સ્વયંને વિષય અને વિષયવસ્તુ બન્નેમાં વિભાજીત કરી લે છએ, જોનાર અને દૃશ્ય બન્ને બની જાય છે. તેમજ સ્વપ્નને જોનાર છો અને તે સાથે જ તમે સ્વપ્ન જગત પણ છો. જ્યારે તમે જાગૃત થાઓ છો તો પેલું સ્વપ્ન જગત અને એને જોનાર બન્ને અદૃશ્ય થઈ જાય છે અને તમારી જાગૃત ચેતના તરીકે સ્વપ્નનો જોનાર અને સ્વપ્ન જગત બન્ને એકબીજામાં ભળી એક સંયુક્ત જાગૃત ચેતના બની જાય છે.

પ્રભુ-પ્રાપ્તિ અથવા ઈશ્વર-સાક્ષાત્કારમાં પણ એવું જ જોડાણ થતું હોય છે. જે જગતને તમે બાહ્ય રીતે જુઓ છો અને તમે સ્વયં એને જોનારા આ બ્રહ્મ-ચેતનામાં એક સાથે ભળી જાઓ છો. એજ સર્વત્રતા કે સર્વજ્ઞતા તરીકે ઓળખાય છે જેની સરખામણી એવા જાગૃત મન સાથે પણ કરી શકાય જેને સ્વપ્ન જગતની સંપૂર્ણ માહિતી હોય. સ્વપ્નનું જગત વાસ્તવમાં તો તમારી બહાર હતું જ નહીં, અને તેવી જ રીતે તમારું જાગૃત જગત પણ ઈશ્વરની બહાર નથી, અને જે રીતે તમારું સ્વપ્ન જગત તમારા જાગૃત જગતમાં પાછું ફરે છે, તે રીતે જ તમારું જાગૃત જગત પણ ઈશ્વર અથવા, બ્રહ્મ-મનમાં ભળી જાય છે. અને વ્યક્તિગત રીતે શરીર સ્તરે – જીવત્વની દૃષ્ટિએ સ્વપ્નના અનુભવને જાગૃત અવસ્થાની છાપોને આધારે જ ઉદ્ભવેલો ગણી શકાય એટલે કે સ્વપ્નને જાગૃત ચેતનાની અસરરૂપે જ ગણી શકાય.

પરંતુ જ્યારે આપણે એવી પરિસ્થિતિનું વૈશ્વિક કે બ્રહ્મસ્તરે આકલન કરીએ તો વસ્તુસ્થિતિ સમગ્રપણ બદલાઈ જાય છે. જે રીતે વ્યક્તિગત સ્તરે જાગૃત અને સ્વપ્ન અવસ્થાઓની ચેતનાને અનુક્રમે વિશ્વ અને તેજસ એવા નામ અપાયા છે, તેવી જ રીતે સમગ્ર બ્રહ્મની દૃષ્ટિએ, તેની જાગૃત અને સ્વપ્ન ચેતનાને વિરાટ અને હિરણ્યગર્ભ એવું નામાભિધાન કરવામાં આવ્યું છે. જ્યાં પ્રયોગાત્મક ધોરણે આપણે જ્યારે તૈજસના સ્વપ્ન જગતને વિશ્વની જાગૃત અવસ્થાની અસરરૂપે ગણાવ્યું છે, ત્યાં આપણે હિરણ્યગર્ભની સ્વપ્નસૃષ્ટિ વિરાટની જાગૃત અવસ્થાને કારણે સર્જાઈ હોય એવું કહી નથી શકતા – એ જ વ્યક્તિગત સ્તરની માન્યતા અને બ્રહ્મ સ્તરના જ્ઞાનમાં રહેલો ફરક

છે. જ્યારે વિશ્વને તૈજસનો પૂર્વગામી ગણાવી શકાય છે, ત્યારે વિરાટ એ હિરણ્યગર્ભનો પૂર્વગામી નથી. એનાથી વિરૂધ્ધ બ્રહ્મ અવસ્થામાં એ સાવ ઉંધું જ છે.

તૈજસ એટલે કે સ્વપ્નચેતના કેટલાક ગુણો વિશ્વમાં પણ છે. સૂક્ષ્મ શરીરની રૂપરેખા સ્થૂળ શરીર જેવી જ હોવાની. સ્થૂળ કે ભૌતિક શરીરનો એક આકાર છે તો સૂક્ષ્મ શરીર એનું જ બીબું છે, જેમાં પેલું ભૌતિક શરીર ઢળાયં છે. આ રીતે સૂક્ષ્મ શરીરમાં ભૌતિક શરીરના બધાજ આકાર પ્રકાર અને મરોડની ઉપસ્થિતિ સૂક્ષ્મ શરીરમાં પણ હોવાની, એ જ કારણ છે સપ્તાંગ અને એકોણવિશતિમુખ જેવા બન્ને જાગૃત અને સ્વપ્ન અવસ્થાઓના વર્ણનમાં દોહરાવાય છે.

વિશ્વ કે જાગૃત અવસ્થા-સપ્તાંગ એ ઓગણીસમુખી છે; અને તેવી જ રીતે તૈજસ કે સ્વપ્ન અવસ્થાનું પણ એવું જ છે.

હિરણ્યગર્ભ અને વિરાટનું બંધારણ પણ સરખું જ હોય એવું જણાય છે, તેમ છતાં હિરણ્યગર્ભ વિરાટથી વધુ સૂક્ષ્મ છે. હિરણ્યગર્ભ અને વિરાટ બન્ને બ્રહ્મ સ્તરનાજ છે અને તેમની વચ્ચે જો કોઈ ફરક હોય તો તે તેમની સૂક્ષ્મતાના પ્રમાણનો છે, પરંતુ બંધારણની દૃષ્ટિએ કોઈ ફરક નથી. સાક્ષાત્કારની અવસ્થામાં હિરણ્યગર્ભ પણ આપણા દ્વારા વિરાટ સ્વરૂપેજ ધારણા પામવાનો ફરક માત્ર એટલો જ રહેશે કે હિરણ્યગર્ભ વિરાટથી વધુ સુક્ષ્મ હોવાનો. વિશ્વ અથવા વૈશ્વાનર માટે વર્ણવેલ સાત અંગોજ, હિરણ્યગર્ભ અથવા તૈજસનું વર્ણન કરનારા પણ હોવાના.

વ્યક્તિગત સ્તરે તૈજસ અને બ્રહ્મસ્તરે હિરણ્યગર્ભ એ બન્ને અન્તઃપ્રજ્ઞા જ છે, એક આંતરિક ચેતના, તેના પદાર્થો ભૌતિક ન હોવાથી, અને કેવળ સૂક્ષ્મ હોવાથી તનમાત્રાઓ ના શબ્દ સ્પર્શરૂપ રસ અને ગંધના જ બન્યા હોય છે. સપ્તાંગ અને ઓગણીસ મુખોના સંદર્ભે જાગૃત અને સ્વપ્ન અવસ્થાઓનાં ગુણોમાં સરખાપણું જરૂર છે, પરંતુ વ્યક્તિગત અને બ્રહ્મ એમ બન્ને સ્તરે સ્વપ્નચેતના પ્રવિવિનભુક () હોય છે અને બન્ને સ્વયંમાં સૂક્ષ્મ પદાર્થોને સમાવી લેતી હોય છે. અને વિશ્વ તથા વૈશ્વારનાં સબંધનો જે ભેદ આપણે નોંધ્યો છે તે જ ભેદ આપણને હિરણ્યગર્ભ અને તૈજસના સ્વપ્ન જગત ખૂબજ સંકુલ અને ગુંચવણભર્યું છે; પરંતુ બ્રહ્મસ્તરે એ ખુબજ સાદું અને સરળ રહે છે.

મનોવૈજ્ઞાનિકો અને મનોચિકિત્સકોએ આજના યુગમાં સ્વપ્ન જગત અંગે ખૂબખૂબ વિશ્લેષણ કર્યાં છે. પશ્ચિમના ફ્રોઈડ એડલર અને યંગ જેવા મનોવૈજ્ઞાનિકો તે એવા નિર્ણય પર આવ્યા છે કે સ્વપ્નનું કારણ કેટલાક પ્રકારના સંકુલ વ્યક્તિત્વો હોય છે, ફ્રોઈડ અને વ્યક્તિની જાતિય વૃત્તિ ગણાવે છે, તો એડલર અને માનવીમાં રહેલ હિનતાના ભાવને કારણે માને છે અને યંગ એને માનવીની આંતરમુખ કે બહિર્મુખ પ્રકૃત્તિ વચ્ચે થતા વિકાસ માટેના સંઘર્ષને કારણે છે એમ જણાવે છે. આ મનોવૈજ્ઞાનિકોના તારણો કાંઈક અંશે સાચા પણ છે અને આપણે તેમની શોધમાંથી કેટલુંક શીખવાનું પણ છે. પરંતુ તેઓ પૂર્ણપણે સાચા નથી. આ મનોવિશ્લેષકો ચેતના અવસ્થામાંથી અર્ધચેતન અવસ્થા અને કેટલેક અંશે અચેતના અવસ્થાના સ્તરો સુધી જરૂર પહોંચ્યા છે, પરંતુ તેઓ એના આધ્યાત્મિકસ્તર સુધી પહોંચી શક્યા નથી.

આ મનોવિશ્લેષકો માટે વૈશ્વિક આત્મા જેવું કાંઈ નથી. બધું જ મન – છે જે અચેતન, અર્ધચેતન કે ચેતન અવસ્થામાં હોય છે. આ બાબતે તમે મનોવિશ્લેષકોને જરૂર બરદાવી શકો કારણ તેઓ, સામાન્ય મનોચિકિત્સકોએ તો પોતાના કાર્ય ક્ષેત્રને માત્ર જાગૃત અવસ્થા સુધી જ મર્યાદિત રાખ્યું છે. જ્યારે મનોવિશ્લેષકોએ માનવ ચેતનાના

એનાથી ગહન એવા સ્તરો, જેવાકે અચેતન અને અર્ધચેતન, અંગેની જાણકારી પણ મેળવી છે – આ સ્તરો વિવિધ પ્રકારની સંકુલતાઓથી છવાએલા હોય છે.

સામાન્ય ચેતનાને સ્તરે જે જણાય છે તેનાથી માનવીનું વ્યક્તિત્વ કાંઈ વિશેષ જ હોય છે. મનોવિશ્લેષકો એવી સમજ સુધી જરૂર પહોંચ્યા છે કે માનવી માટે સ્વેચ્છા જેવું કશું હોતું નથી, કારણ સ્વેચ્છાની વાસ્તવિકતા એટલીજ છે જેટલી એક વશીકરણ કરાએલા વ્યક્તિની ઈચ્છામાં રહેલી વાસ્તવિકતા હોય.

જો કોઈ વૈદ દર્દીને વશીકરણમાં મૂકે તો તે દર્દી પોતે વશીકરણમાં છે તેની જાણ વિના – વૈદની ઈચ્છા મુજબ વર્તતો હોવા છતાં – સ્વેચ્છાએ વર્તી રહ્યો છે એવું જ માનવાનો. મનોવિશ્લેષકો માને છે કે માનવીની વર્તવાની સ્વતંત્રતા પણ કાંઈક આવી જ છે, અને તે જાણતો નથી કે પોતે પોતાના બંધારણની જટીલતાને લીધે સર્જાએલ વશીભૂત અવસ્થામાંજ વર્તી રહ્યો છે એવું કહેવું વ્યર્થ જ છે કે આપણે સ્વેચ્છા મુજબ વર્તવા સ્વતંત્ર કે મુક્ત છીએ. વશીકરણ હેઠળવો દર્દી પણ એવું જ માનતો હોય છે કે એ પોતાની ઈચ્છાથી જ વર્તી રહ્યો છે. જ્યારે એ સ્વસ્થ થઈ જાય, અને પોતાની સામાન્ય ચેતનામાં પાછો ફરે, ત્યારે કદાચ એનું વર્તન જુદું પણ હોય. જ્યારે એ વૈદના વશીકરણથી મુક્ત થાય ત્યારે કદાચ એનું વર્ણન સદંતર બદલાઈ ગયું હોય. એવી જ રીતે આપણે પણ જીવનભર આ સંસારની માયામાં અટવાએલા રહ્યા બાદ જો એ માયાને ઓળખી લઈએ તો શક્ય છે કે આપણું જે વર્તન આજે છે તે ત્યારબાદ ન પણ રહે.

દરેક માનવીને કોઈને કોઈ બંધન કે ગ્રંથી હોય છે; માત્ર એક ગ્રંથી નહીં પરંતુ અસંખ્ય ગ્રંથીઓ, નિરાશાનજક પરિસ્થિતિઓ પણ આગળ જતા ગ્રંથીઓમાં બદલાઈ જાય છે. શરૂઆત તમારી એકાદી ઈચ્છાથી થાય છે, હવે બધીજ ઈચ્છાઓ, વાસ્તવિકતાઓને કારણે પરીપૂર્ણ થઈ શકતી નથી. આવી વાસ્તવિકતાઓને કારણે પરિપૂર્ણ થઈ શકતી નથી. આવી વાસ્તવિકતાઓ સમાજની હોઈ શકે, દેશની હોઈ શકે કે બાહ્ય જગતની પણ હોઈ શકે, જે તમારી ઈચ્છાઓથી વિરુધ્ધની હોય, સમાજના પોતાના નિતિનિયમો હોય છએ જે તમારી વ્યક્તિગત ઈચ્છાને પરિપૂર્ણ ન પણ થવા દે. એટલે વ્યક્તિ પોતાની ઈચ્છાને સ્વયંમાંજ દબાવી દે છે. આવા દબાણ કે વિદ્રોહનું વલણ મન જ, સમાજ સાથે સુમેળથી રહેવાના આશયે અખ્તીયાર કરતું હોય છે જેથી એવો દેખાવ કરી શકે જે વ્યક્તિ માટે વાસ્તવિક નથી હોતો.

જ્યારે તમે ઈચ્છાઓને દબાવો છે, તો તમે એક બનાવટી વ્યક્તિ બની જાઓ છો. તમે તે વથી જે ખરેખર તમે છે, અને જ્યારે તમે આવું લાંબા સમય સુધી કરતા રહો છો ત્યારે તમારી દબાએલી વૃત્તિઓ ગ્રંથી બની જાય છે. આવી માનસિક ગ્રંથીઓ કેટલીકવાર તમારામાં શારિરીક રોગોનું રૂપ ધારણ કરીલે છે. કોઈકને એવા કારણે તોતડાપણું પણ આવે, બહેરાશ આવે, આંખે ઓછું દેખાય, રતાંધળાપણું આવે, ભુખ જતી રહે અને એવી સાધારણ શારીરિક ખોડ દાખલ પડી જાય, જેનું મૂળ કારણ આવી ગ્રંથીઓ હોઈ શકે.

એવું કહેવાય છે કે આવું જન્મોજન્મથી ચાલી આવે છે. આપણે આવા દબાણ, ગ્રંથીઓ અને બનાવટી પરિસ્થિતિઓનો ભંડાર હોઈએ છીએ, આજ જીવભાવ છએ. જેમાં જાતજાતની બનાવટો, દુઃખો, મુશ્કેલીઓ, તાણ ઈ. ભર્યા પડ્યા છે. આવી પરિસ્થિતિમાંથી મુક્તિ માટે, સંતોષ મેળવવા માટે પણ સ્વપ્નનો સહારો મળે છે. અંદર દબાએલી સૂક્ષ્મ ઈચ્છાઓ જ્યારે પૂર્ણ નથી થતી ત્યારે પોતાને સ્વપ્નરૂપે પ્રગટ કરે છે. બધીજ ઈચ્છાઓ જાગૃત જગતમાં પરિપૂર્ણ થઈ શકતી નથી, કારણ બહારની વાસ્તવિકતાઓનો વિરોધ કરનારી હોય છે. તમે તમારી

ઈચ્છાઓનો ઢંઢેરો તો લોકોને ન જ સંભળાવી શકો તેઓ તમારો વિરોધ કરશે, તેઓ તમને રોકશે અને તમારૂં જીવવું મુશ્કેલ કરી દશે. અ– આ ઈચ્છાઓ પણ ઘણી બુધ્ધિશાળી હોય છે. તેઓ જાણે છે કે તેમણે ક્યાં જાહેર થવું અને ક્યાં છૂપાઈ જવું. પરંતુ તેમને માટે સ્વપ્ન જગતમાં તો કોઈ રોકટોક નથી. ત્યાં જે કાંઈ સ્ફૂરે તે બધુંજ શક્ય છે, ત્યાં તમે તમારું સ્ફૂરણાનું જગત ખડું કરી શકો છો. કાંઈક અંશે ભલે, તો પણ ત્યાં તમે તમારૂં વાસ્તવિક વ્યક્તિત્વ દર્શાવી શકો છે.

આ રીતે સ્વપ્નો તમારી દબાએલી ઈચ્છાઓના પરિણામ સ્વરૂપ હોય છે. સ્વપ્નોના અસંખ્ય કારણોમાંનું આ એક કારણ છે. આ જ એક તથ્ય છે જેને પશ્ચિમના મનોવિશ્લેષકોએ ભારપૂર્વક દર્શાવ્યું છે.

પરંતુ ભારતના રાજયોગી અને વેદાંત દાર્શનિકો જે મનોવૈજ્ઞાનિક અને મનોવિશ્લેષકો સમાનજ હતા, તેમણે સ્વપ્નનું એક અન્ય પાસુ ઉજાગર કર્યું છે. કેટલેક અંશ સ્વપ્ન એ અધુરી ઈચ્છાઓ દ્વારા ઉત્પન્ન થએલ ગ્રંથીઓને કારણે પણ હોઈ શકે. પરંતુ એ સમગ્રપણે સાચું નથી. સ્વપ્ન માટેના અન્ય કારણો પણ હોઈ શકે; જેમકે તમારા સંચિતકર્મો પણ સ્વપ્નનું કારણ બની શકે. સંચિત કર્મની અસરને, શુભ હોય કે અશુભ જ્યારે જાગૃત અવસ્થામાં અભિવ્યક્તિ નથી મળતી ત્યારે તે સ્વપ્નરૂપે પ્રદર્શિત થતા હોય છે. એવું પણ બને કે કોઈ અન્ય વ્યક્તિના વિચારો પણ તમારા પર અસર કરે. તમારો કોઈ મિત્ર તમારા વિચારો ગહનતાથી કરી રહ્યો હોય, ત્યારે જ તમને તેનું સ્વપ્ન આવે અથવા તમને તેના વિચારોના અનુભવોને આધારે કોઈ સ્વપ્ન આવે તમારી મા ક્યાંક દૂર હોય અને તમારે વિશે દુઃખી હોય, તમારે માટે રડતી હોય, તેના વિચારોની પણ તમારા પર અસર થઈ શકે; અને તે અંગેનું સ્વપ્ન તમને દેખાય. આ બધુ એવું કહેવા બરાબર છે કે તમારા સ્વપ્ન દૂરાનુભુતિને કારણે પણ હોઈ શકે.

આધ્યાત્મિક સાધકો બાબતે, તેમના ગુરુની કૃપાથી પણ તેમને સ્વપ્નો દેખાઈ શકે; અને એમના જીવનમાં કોઈ આકસ્મિક ઘટના ઘટવાની હોય તો તે તેમને માત્ર સ્વપ્નરૂપે દેખાય અને તેમને ગુરૂની કૃપાથી થતા અકસ્માતમાંથી બચાવી લે. ગુરૂની કૃપાથી જે દુઃખ જાગૃત અવસ્થામાં ભોગવવાનું હોય તે માત્ર સ્વપ્નમાંજ ભોગવીને છૂટકારો અપાવી શકે. જો શિષ્યના પ્રારબ્ધમાં પડીને પગ ભાંગવાનું હોય તે, ગુરૂ તેને એવો અનુભવ માત્ર સ્વપ્નમાંજ કરાવીને મુશ્કેલીમાંથી બચાવી શકે. જાગૃત અવસ્થામાં આવનાર તાવને સ્થાને વ્યક્તિ એજ તાવને સ્વપ્નમાં ભોગવીને જ છૂટકારો મેળવી શકે. આવું બધું જ ગુરૂકૃપાથી થઈ શકે. આવી જ રીતે શક્તિપાત પણ સ્વપ્નનું એક કારણ હોઈ શકે. પશ્ચિમના મનોવિશ્લેષકો આવું બધું જાણતા નથી. અને ઈશ્વરની કૃપા પણ સ્વપ્નો લાવી શકે. ઈશ્વર તમને આશિર્વાદ આપીને સ્વપ્નમાં કોઈક ચમત્કારિક અનુભવ કરાવી શકે. તમે એવું પૂછી શકો કે, "એવા અનુભવો જાગૃત અવસ્થામાં કેમ ન થાય? ગુરુએ સ્વપ્ન દ્વારા જ કેમ દર્શાવવું જોઈએ. અને ઈશ્વરના આશિર્વાદ પણ કેમ સ્વપ્નથી જ મળવા જોઈએ?" એનું કારણ છે જાગૃત અવસ્થામાં તમે તમારા અહંકારને કારણે એમના વચનોને નકારો છો. તમે ઈશ્વરના કાર્યો અને ગુરુના આશિર્વાદનો તમારા અહંકારને કારણ તમે વિરોધ કરો છો. પરંતુ સ્વપ્નમાં તમારો એ અહંકાર કેટલેક અંશે દબાએલો રહે છે. એવું કહી શકાય કે સ્વપ્નમાં તમે વધુ સહજ બનો છો, અને ત્યાં તમે બનાવટ છોડીને વાસ્તવિકતાની વધુ નજીક આવો છો. આ રીતે આ સત્તાઓ માટે તમારી સાથે કામ લેવાનું જાગૃત અવસ્થા કરતાં સ્વપ્ન અવસ્થામાં વધુ સરળ બને છે તમારા અહંકારનો વિરોધ કરતો સૂર જે જાગૃત અવસ્થામાં વધુ કાર્યશીલ હોય છે, તે સ્વપ્ન અવસ્થામાં મોટાભાગે નરમ પડે છે અને એ રીતે આ દિવ્યબળો માટે આ સ્વપ્ન અવસ્થા દ્વારા તમારા સુધી પહોંચવાની શક્યતાઓ વિશેષ હોય છે.

જ્યારએ ઓપરેશન કરવાનું હોય ત્યારે ડોક્ટર દર્દીને કામ સરળતાથી થાય તે માટે પ્રથમ ઉંઘાડી દે છે કારણ એવું જ ન કરતાં દર્દીની જાગૃત અવસ્થામાં એનો અહમ ડાક્ટરની કાર્યાવાહીમાં બાધક બની શકે. પરંતુ દર્દી જ્યારે ઉંઘમાં હોય ત્યારે એવો કોઈ અવરોધ રહેતો નથી. દર્દીને સંમોહન દ્વારા પણ મૂર્છામાં મુકાય છે. જેથી એની નાડીઓ શાંત રહે મન બધુ વૃત્તિઓ છોડી દે, અહંકાર ડાક્ટરના કાર્યમાં બાધારૂપ ન બને. એવી જ રીતે ઈશ્વર અને ગુરૂ તરફથી થતા ઉચ્ચ સત્તાના કાર્યો માટે સ્વપ્નપણ ખૂબજ સહાયક બને છે.

આ રીતે સ્વપ્નના અસંખ્ય કારણો હોઈ શકે, સ્વપ્નના જે કાંઈ પણ કારણે હોય માનવીના સ્વપ્નોમાં, જાગૃત અવસ્થા દ્વારા જ પ્રવેશ મળે છે. અને મોટા ભાગે જાગૃત અવસ્થાની જાણકારીઓ અને ઓળખને કારણે જ સ્વપ્નો સર્જાતા હોય છે. સ્વપ્ન જગત સૂક્ષ્મતા ધરાવનારૂં છે અને તે મન વડે જે પ્રદર્શિત થાય છે, તેથી તેને પ્રવિવિક્ત, સુક્ષ્મ અને અભૌતિક જ ગણવામાં આવે છે. અને એવું તૈજસ તેમજ હિરણ્યગર્ભ એમ બન્ને સ્થિતિમાં થતું હોય છે. એક તરફ જ્યારે હિરણ્યગર્ભ સમગ્ર બ્રહ્મનું જ્ઞાન ધરાવનાર હોય છે તો બીજી તરફ જીવને આવું કોઈ જ જ્ઞાન હોતું નથી. જેના કારણની આપણે અગાઉ ચર્ચા કરી ચૂક્યા છીએ, હિરણ્યગર્ભ એ ઈશ્વરનું જ સ્વરૂપ છએ અને તૈજસ એ જીવનું સ્વરૂપ આ રીતે સ્વપ્ન આપણઈ સમક્ષ બેવડું રહસ્ય રજુ કરે છે.

## ૫. ચેતના અને સુષુપ્તિ

જીવના સંદર્ભે જાગૃત અને સ્વપ્ન જગત એ મનની પ્રવૃત્તિના જ બે પ્રકાર છે. મન સ્વયંને આ બન્ને અવસ્થામાં એક જાણકારીના સ્વરૂપે દર્શાવે છે. મન સક્રિય હોય છે. અને એની આ ક્રિયાઓને કારણે થાકી પણ જાય છે જ્યારે એ ખૂબ જ થાકે છે ત્યારે કાર્ય કરવાનું બંધ કરી દે છે. આવા અસહ્ય થાક બાદ જ્યારે એ પોતાની પ્રવૃત્તિ બંધ કરે છે ત્યારે એ નિદ્રાને આધિન થાય છે. જેને સુષુપ્તિ કહેવામાં આવે છે.

એ જ ગહન નિદ્રા કે સુષુપ્તિ છે,

यत्र सुप्तो न कञ्चन कामं कामय ते જ્યાં-

વ્યક્તિ કશાની પણ ઈચ્છા કરતો નથી – કારણ એ સમયે મન સ્વયંને બધા જ ભૌતિક અને સૂક્ષ્મ પદાર્થોથી અલગ કરી લે છે.

न कञ्चन स्वप्नं पश्यति -

એ સ્વપ્ન પણ નથી જોતો કારણ એ પોતાની આત્મિક પ્રવૃત્તિઓનો પણ સદંતર ત્યાગ કરે છે.

तत् सुषुप्तम् ।

આ મનનું સ્વયંમાં સંપૂર્ણપણે ઓગળી જવું છે પરંતુ આ ઓગળવું એ એક અભાન-અવસ્થાની પ્રકૃત્તિ ધરાવનારૂં છે.

સ્વપ્નમાં મન અર્ધભાન અવસ્થામાં હોય છે, તો જાગૃત અવસ્થામાં એ વિશેષ સભાન હોય છે, અને ગહન નિદ્રા સમયે એ જરાયે સભાન હોતું નથી, અથવાતો કહી શકાય કે બેભાન અવસ્થામાં હોય છે. આ કારણે એક ભુલભરેલી વિચારશરણી ઉપજવા પામી છે, જે એવું માને છે કે ચેતનાની હાજરી ત્યારે જ હોય જ્યારે મન પદાર્થનો સંપર્ક જાળવી શકે છે. ન્યાય અને વૈષેશિકાનો મત કાંઈક આવો જ છે. એમનું કહ્યું છે કે જ્યાં સુધી આત્મા પદાર્થના સંપર્કમાં નથી હોતો ત્યાં સુધી જ્ઞાનની સંભાવના નથી, એમનું કહેવું છે કે કેવળ પદાર્થથી જ્ઞાન મળતું નથી. ન્યાય અને વૈષેશિકાનું કહેવું છે કે જ્યારે પદાર્થ સાથે સંપર્કમાં ન હોય ત્યારે આત્માની સાચી પ્રકૃતિ, જ્ઞાન હોતી નથી. તેમની આ વાત સાચી નથી કારણ સુષુપ્તિમાં અભાનતાનું આ તત્વ કેવી રીતે દાખલ થયું તે તેઓ સમજાવી નથી શકતા. એનું કારણ એ નથી કે ચેતના (મન)નો સંપર્ક પદાર્થ સાથે નથી રહ્યો પરંતુ સુષુપ્તિમાં જ્ઞાનને પ્રદર્શિત થવા સામે કેટલાક અન્ય વિધ્નો ઉભા થતા હોય છે.

सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एव आनन्दमयो ह्य
आनन्द भुक् चेतो-मुखः प्राज्ञस् तृतीयः पादः ॥५॥

આત્માનો ત્રીજો પાદ અથવા વિશ્લેષણનું ત્રીજું સ્તર એ સુષુપ્તિ છે, જ્યાં ઓળખના બધાજ અંગો મનની એકજ સ્થિતિને આધિન થઈ જાય છે.

એકીભૂતઃ –

ઓળખના આ બધાજ અંગો ઘન ચેતના સ્વરૂપ બની જાય છે, અને તે બહાર પ્રદર્શિત થઈ નથી શકતા-

પ્રજ્ઞાન ઘનઃ –

મનની વૃત્તિઓ શાંત થઈ જાય છે – અને તેથી જ કોઈ બાહ્ય-ચેતના જણાતી નથી. મનની બધીજ વૃત્તિઓથી નિવૃત્તિ થતાં (વૃત્તિઓ બંધ થતા) જાગૃત અવસ્થા હોય કે સ્વપ્નાવસ્થા, મન જ્યારે બહિર્મુખ બને છે કેવળ ત્યારે જ, એને બહારના જગતનું જ્ઞાન થઈ શકે છે. પરંતુ સુષુપ્તિમાં મનની એવા પ્રકારની કોઈ ઉશ્કેરણી હોતી નથી. એ એક એવી સ્થિતિ છે જેમાં મનના બધા જ સંસ્કારો, વાસનામાં અને વૃત્તિઓ એકરૂપ ઓળખમાં ફેરવાઈ ગઈ હોય, ઘનીભૂત થઈ ગઈ હોય.

આનંદમયો આનંદભૂક ચેતોમુખઃ પ્રાજ્ઞાઃ

એ સઘળું પરમસુખ બની જાય છે.

બધાજ પ્રકારના ઈન્દ્રિય સુખોની સરખામણીમાં ગહન નિદ્રાથી પ્રાપ્ત થતું સુખ ઉત્તમ હોય છે. એ આનંદ, પરમસુખ, સંતોષ અને ઉત્સાહથી પરિપૂર્ણ હોય છે. કોઈ રાજા કે ધનવાન પણ જો એક સપ્તાહ સુધી (લાંબા સમય માટે) ઉંઘી ન શક્યો હોય તો સુખી ન થઈ શકે. તમને સંસારભરના સુખો આપવામાં આવે પરંતુ જો તમને ઉંઘવા ન દેવાય, તો તમે કહી ઉઠશો કે, "મારે આ બધુંજ જરાયે નથી જોઈતું" મહેરબાની કરીને મને સુવા દો, તમે મારા ધનદોલત, એશો આરામ બધા લઈ લો પરંતુ મને શાંતીથી સુવા દો" પૃથ્વીનું સમગ્ર ઐશ્વર્ય તમને એવું સુખ નહીં આપી શકે, તમે ગમે તેટલી સત્તા ધરાવો તો પણ એવો સંતોષ નહીં પામી શકો, જે તમને એકાંતની ગહન નિદ્રામાં મળે છે. તમારી પાસે જગતભરના પદાર્થો હોય, રાજસત્તા હોય સામાજીક દરજ્જો હોય, તમને સંતોષ પણ હોય; પરંતુ તેની સરખામણી તમારા નિદ્રા-સુખ સાથે, જ્યાં તમારી પાસે નથી રાજ્ય, નથી સત્તા, કે નથી કોઈ તમારૂં સેવા કરનારૂં, કદી થઈ ન શકે,

નિદ્રાની એ સ્થિતિમાં જ્યારે તમે એકલા હો છો, ત્યારે વધુ સુખી હોવાના, બનિસ્બત કે તમારી જાગૃત અવસ્થામાં જ્યારે તમે તમારા ચાહકોથી ઘેરાએલા હો. ધારણા કરો તમારી સ્થિતિની. જ્યારે તમે એકલા હો – ઉંઘમાં હો અને સુખી હો, તથા જ્યારે તમે લોકો વચ્ચે ઘેરાયેલા હો, ચિંતામાં હો, ઉત્પાત અનુભવતા હો, અસ્વસ્થ હો અને દરેક વાતની ફરીયાદ કરતા હો, ઉંઘતા હો ત્યારે તમે કોઈ ફરીયાદ નથી કરતા, તમને કશાની પણ ઈચ્છા નથી હોતી. જોયું ને! જ્યારે તમે ભરનિદ્રામાં હો તમારે કાંઈ નથી જોઈતું, તમારે કોઈ નથી જોઈતું જે તમારી સંભાળ રાખે, તમારી સાથે વાતો કરે, અને તેમ છતાં તમે વધારે સુખી છો – કોઈ મહારાજાથી પણ વધારે સુખી.

આ સુખ આવ્યું ક્યાંથી? તમારી પાસે આ આનંદમયત્વ ક્યાંથી આવ્યું? એજ વિષયની ચર્ચા આ મંત્રમાં કરવામાં આવી છે જે આત્માના ત્રીજા સ્તરને વર્ણવે છે.

તમે ખરેખર એકલતાને જ પોષો છો અને નહીં કે સંબંધોને-સામાજીકતાને, તમારી સાચી પ્રકૃતિજ કેવળતા છે અને નહીં કે ઈન્દ્રિય-સંયોગો વડે મળતું વિષયોનું તેમજ પદાર્થોનું સુખ. તમારી વાસ્તવિક પ્રકૃતિજ એકલા હોવાપણું છે અને નહીં કે બાહુલ્ય કે વિવિધતા. તમારી ખરી ઓળખ જ ઈન્દ્રિયગત અને માનસિક ઘટનાઓને ઓળંગીને આગળ જવામાં રહેલી છે, અને નહીં કે માયાના ભૌતિક પદાર્થોના સંપર્કમાં. તેથીજ તમે આનંદમય, આનંદભૂકઃ પરમ સુખથી પરિપૂર્ણ અને પરમસુખને માણનારા છો.

ગહન નિદ્રામાં તમે એવું તે શું ખાઓ છો જે તમને આટલો બધો સંતોષ આપે છે? આનંદ એક તમારો માત્ર ખોરાક છે, અને નહીં કે દાળ, ભાત, રોટલી, શાક, ખીર, લાડવા, રસગુલ્લા. ઉંઘમાં તમને આમાનું કશું જ નથી મળતું અને છતાં તમે કોઈ ભવ્ય ભોજનથી પણ વધારે સંતોષ અનુભવો છો. જગતભરના સૌથી સ્વાદિષ્ટ એવા ભોજનો પણ

તમને સંતોષી ન શકે, જે તમને નિદ્રામાં રહેલા આનંદરૂપી આહારથી મળી જાય છે. ત્યાં તમે આનંદ જ જમો છો, આનંદ જ ગળો છો, આનંદ જ આરોગો છો અને આનંદરૂપે જ રહો છો. અને શુધ્ધ આત્માનું પરમસુખ આનંદ તરીકે જ ઓળખાય છે. આ જ છે જેને તમે ગહન નિદ્રામાં માણો છો અને જ્યારે તમે આવી નિદ્રામાંથી જાગો છો, તો તમે કેટલા તરોતાજા બનીને આવો છો! તમારામાં એ ઉર્જા, એ ઉત્સાહ, આવ્યા ક્યાંથી? ત્યાં તમારી સાથે વાતો કરવા કોઈ ન હતું, કોઈએ તમારી સાથે વાતો ન કરી, કોઈએ કશું પણ આપ્યું નથી, તમારી પાસે પોતાનું એવું કશું જ ન હતું, કોઈ સંપત્તિ નહીં, ન તમે કોઈ શક્તિવર્ધક પીણું પીધું ન કોઈ પૌષ્ટિક આહાર કર્યો, અને છતાં તમે નિદ્રામાંથી બહાર આવ્યા ત્યારે ઉર્જા અને ઉત્સાહથી ભરપુર હતા, વધુ કાર્ય કરવા તૈયાર હતા. તમને આ શક્તિ, ઉર્જા, ઉત્સાહ, આનંદ ઈ. મળ્યા ક્યાંથી? આશ્ચર્યકારક! તમે આનો ઉત્તર ન જ આપી શકો. જ્યારે તમારી પાસે કશું જ ન હતું, તો આ આનંદ કેવી રીતે મેળવી શક્યા અને આવી ઉર્જા તમારી પાસે ક્યાંથી આવી? એમા કોઈ શંકા નથી કે એ મળી જરૂર, કદાચ કોઈ સાવ, અજાણ્યા સ્રોતથી; જે આ જગતમાં નથી.

આ દુન્યવી પદાર્થોના પડછાયા પાછળ દોડવું સાવ નિરર્થક જ છે. મૂર્ખતાપૂર્ણ રીતે તમે આ સંસારની વસ્તુઓ પાછળ દોડો છે, જે તમને અને તમારી ઈન્દ્રિયોને થકવી નાખે છે અને તે તમને કશું જ આપતું નથી, ખોટા વાયદાઓ માત્ર કરે છે, તમને ઉત્તેજીત કરે છે, અને તમને મુર્ખ બનાવે છે. આ જ આ સંસાર છે; અને છતાં નિદ્રાવસ્થામાં તમે જે મેળવ્યું તેને જાણ્યા પછી પણ, તેને ભૂલી જઈને, તમે આ સંસાર તરફ વારંવાર જાઓ છો. આપણે ઉંઘના અનુભવને સહેલાઈથી ભુલી જઈએ છીએ એજ આપણાં જાગૃત જીવનમાં કરાતી ગધ્ધામજુરીની વિટંબણા છે. જો તમે તમને ઉંઘમાં જે કાંઈ મળ્યું તે યાદ રાખી શકો, તો તમે આ જાગૃત જગતની વિવિધતાભરી માયાજાળમાં ફરી કદી પાછી ન ફરો.

જો સુષુપ્તિમાં ચેતના હોત તો તો તમે આ જાગૃત જગતમાં પાછા ફરવાનું કદી પસંદ ન કર્યું હોત. પરંતુ ત્યાં તમે અભાન અવસ્થામાં જ રહો છો. તેથી કામ કરવાની લગનમાં-પ્રવૃત્તિશીલ થવાની આવશ્યકતાને કારણે-ફરી એકવાર આ જાગૃત જગતમાં પ્રવેશો છો. સુષુપ્તિની ચેતનાને - સમાધિની ચેતના સાથે જોડવામાં આવે, તો એ આત્મ સાક્ષાત્કાર, અર્થાત ઈશ્વર પ્રાપ્તિ જ બની જાય. એને જ પરમચેતના તરીકે ઓળખવામાં આવે છે એ જ નિર્વાણ, મોક્ષ, કેવળતા-મૂક્તિ છે. એજ તમારી મૂળ પ્રકૃત્તિ છે. એ જ કારણ છે કે નિદ્રા સમયે તમે આનંદથી પરિપૂર્ણ છો. તમે ઉંઘમાં અનંતની, શાશ્વતતાની કૃપાને પાત્ર બનો છો, પરંતુ તમને તેની જાણ નથી.

આનંદમયો આનંદભૂક ચેતોમૂખઃ

એ કયું સાધન છે જેના વડે તમે આ આનંદને માણો છો? જે નથી તો મન કે નથી ઈન્દ્રિયો. જાગૃત અને સ્વપ્ન અવસ્થામાં તમે ઓગણીસ મૂખ ધરાવતા હતા પરંતુ અહીં સુષુપ્તિમાં એવા કોઈ મુખ નથી. અહી મન કે ઈન્દ્રિયોરૂપી કોઈ મુખ નથી, પરંતુ એકમાત્ર ચેતના જ મુખ બને છે.

ચેત્વમુખઃ

ચેતના જ પરમસુખને માણે છે. સુખને માણનાર કોણ છે? ઉત્તર છે કેવળ ચેતના.

અહીં ચિત્ત છે જે આનંદનો અનુભવ લે છે, એ નથી ઈન્દ્રિયો કે નથી મન. ગહન નિદ્રામાં ચિત્ દ્વારા જ આનંદનો અનુભવ થાય છે, અહીં તમને ચેતન-આત્મા સ્વરૂપે સચ્ચિદાનંદનો અનુભવ કરાવે છે પરંતુ તે સિવાય અહીં

કશું જ થતું નથી. એક ખૂબજ ગૂંચવણભરી પ્રવૃત્તિ અહીં શરૂ થાય છે, જે ચેતનાને ઢાંકનારી હોય છે અને તમે જે મૂર્ખતાપૂર્ણ રૂપ સાથે સ્વપ્નમાં દાખલ થયા હતા તે જ મૂર્ખતા સાથે ફરી જાગૃત અવસ્થામાં ઢકેલાઈ જાઓ છે.

આ જ પ્રજ્ઞા છે, એક એવી ચેતના જે પોતાની પવિત્ર પ્રકૃતિ સાથે છે, અને કોઈ પણ બાહ્ય (પદાર્થ) સાથે સંપર્ક રાખ્યા વિના, સમગ્ર જાણકારી ધરાવનાર છે. આ જ જાગૃત અને સ્વપ્ન અવસ્થાના સંદર્ભમાં તેમને અતિક્રમી જનાર-ઓળંગી જનાર અવસ્થા છે, જે જાગૃત અને સ્વપ્ન અવસ્થાના બધા જ અનુભવોનું કારણ છે, જે કાર્ય-અવસ્થા તરીકે ઓળખાય છે, કાર્ય અવસ્થાને સંદર્ભે જાગૃત અને સ્વપ્ન અવસ્થા તેના પરિણામો છે,

જીવની પ્રજ્ઞા અથવા આનંદમયત્વના કારણની સ્થિતિના સંદર્ભમાં જે વૈશ્વિક કારણની સ્થિતિ છે તેને જ ઈશ્વર કહેવામાં આવે છે. એક તરફ જ્યારે વ્યક્તિગત સ્તરે જાગૃત અવસ્થાને વિશ્વ, સ્વપ્ન અવસ્થાને તૈજસ, તેમજ સુષુપ્તિ અવસ્થાને પ્રાજ્ઞ કહ્યું છે. તો તે સંદર્ભમાં જ વૈશ્વિકસ્તરે આપણી પાસે જાગૃત અવસ્થામાં વિરાટ, સ્વપ્ન અવસ્થામાં હિરણ્યગર્ભ અને સુષુપ્તિમાં ઈશ્વર છે. સામાન્ય રીતે જ્યારે આપણે વ્યક્તિગત સ્તરે એવું સમજ્યા છીએ કે જાગૃત અવસ્થા સ્વપ્નો સર્જે છે અને એ બધીજ પ્રવૃત્તિનું  સમાધાન સુષુપ્તિમાં થાય છે, અને એ રીતે નિર્ણય પર આવ્યા છીએ કે સ્વપ્ન, જાગૃત અવસ્થાને કારણે છે, અને સુષુપ્તિ એ બન્નેને કારણે, પરંતુ આપણે એવું જ તારણ વૈશ્વિક સ્તર માટે નથી કરી શકતા, કારણ એમાં એક ઉંધી પ્રક્રિયા થાય છે, જે વ્યક્તિગત સ્તરે ઘટતા પહેલાંની પૂર્વશરત છે. ઈશ્વર એ હિરણ્યાગર્ભનું કારણ છે, અને હિરણ્યગર્ભએ વિરાટનું.

## ૬. ઈશ્વર

આત્માના ત્રીજા પાદ જેને પ્રાજ્ઞ તરીકે ઓળખાવાયો છે, તેની ઓળખ બ્રહ્મ ચેતનાના ત્રીજા પાદ સાથે થાય છે, જે ઈશ્વર તરીકે ઓળખાય છે. ઈશ્વર સર્વશક્તિમાન છે અને તેથી જ એને આ સૃષ્ટિનો આદી અને અંત બન્ને ગણવામાં આવે છે, આ પ્રાજ્ઞ એ બ્રહ્મની આંતરિક અને બાહ્ય બન્ને રીતે કારણ અવસ્થા છે. બ્રહ્માંડ સ્તરે આ ચેતનાને આપણે સમગ્ર વિશ્વના સર્જક તરીકે જાણીએ છીએ જ્યારે પિણ્ડાડ સ્તરે એ જ ચેતના જીવના આંતરિક જગતને સર્જનાર પણ છે.

સર્વ પદાર્થોના કારણ તરીકે આ ચેતના એ જ બધાનો ઈશ્વર છે - એષ સર્વેશ્વરઃ હવે આ ઈશ્વરને અપાએલ સર્વેશ્વરની આ ઉપાધી સાથે અન્ય ગુણો સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈ. જીવને માટે વાપરી ન શકાય, કારણ જીવ એ સર્વેશ્વર નથી તેમજ સર્વજ્ઞ કે સર્વશક્તિમાન પણ નથી.

માણ્ડૂક્ય ઉપનિષદ, વ્યક્તિગત અને બ્રહ્મસ્તર વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદ પાડતું નથી, અને એ જીવ અને ઈશ્વરના સંબંધને સુમેળભર્યો જ દર્શાવે છે, જીવની કારણ સ્થિતિ એટલે પ્રાજ્ઞને પણ ઈશ્વરની બ્રહ્મ કારણ અવસ્થાનો એક અંશ જ ગણવામાં આવે છે. આ ઉપનિષદ માટે, કેવળ એક જ વાસ્તવિકતા છે, અને જે ભેદો આપણે બ્રહ્મ અને વ્યક્તિ ઈશ્વર અને જીવ વચ્ચે દર્શાવીએ છીએ તેમને ઉપનિષદના ઉચ્ચતર વિશ્લેષણોમાં દૂર કરવામાં આવ્યા છે. આ બધું જ કેવળ ઈશ્વર છે અને ઈશ્વર માત્ર જ છે, સર્વત્ર ઈશ્વર છે, અને જીવને ટકી રહેવા માટે ઈશ્વર સિવાયનું અન્ય કોઈ સ્થાન છે જ નહીં. એનો અર્થ એવો થાય કે, તમે જ્યારે ઈશ્વરના ગુણોનું વર્ણન કરો, ત્યારે તમે સમગ્ર સૃષ્ટિના, જેમાં એના સઘળા પદાર્થો અને જીવ પણ આવી જાય, ગુણોનું પણ વર્ણન કર્યું છે. જ્યારે આપણે સાગરનું વર્ણન કરીએ છીએ ત્યારે એના એક એક ટીપાંનું વર્ણન અલગ રીતે કરવાની આવશ્યકતા રહેતી નથી; અને તે મુજબ જ અહીં સાગરનું વર્ણન કરવામાં આવ્યું છે, કારણોનો સાગર, જેને આપણે ઈશ્વર કહ્યો એને તેમાંથી જ ઉદ્ભવે છે હિરણ્યગર્ભ અને વિરાટ.

એષ સર્વેશ્વરઃ- એ સૌના રાજાધિરાજ છે; બધીજ વસ્તુઓનો માલિક છેઃ પરમશક્તિમાન છે. એષ સર્વજ્ઞઃ- એ સઘળાનો જાણકાર છે સર્વજ્ઞ છે. એનાથી તમે કશું જ છુપાવી ન શકો. ઈશ્વર સર્વત્ર વિદ્યમાન છે અને તેથી જ એ સર્વજ્ઞ છે; એ જ કારણ છે કે એ સર્વશક્તિમાન છે. સર્વત્ર છવાએલી ઈશ્વરની હાજરી એની સર્વજ્ઞાતાના મૂળમાં રહેલી છે.

જીવને આવું જ્ઞાન નથી મળ્યું કારણ એ સ્થાનિક હોય છે, અવકાશના કોઈ એક બિન્દુ પર જ એનું અસ્તિત્વ હોય છે, કારણ કે જીવનું મન એના પોતાના શરીરથી દૂર થવા માટે (બહાર જવા માટે) સક્ષમ નથી, કારણ આપણાં વિચારો આપણાં વ્યક્તિત્વ પુરતા જ મર્યાદિત હોય છે. જીવ તરીકે આપણે ઐકદેશીક, એક જ સ્થાન પર વસનારા છીએ, જ્યારે ઈશ્વર સર્વગત, એટલે કે સર્વત્ર વિદ્યમાન, સર્વત્ર હાજર રહેનાર છે. ઈશ્વરનું જ્ઞાન એ કોઈ પદાર્થ વિશેનું જ્ઞાન નથી, અને કોઈપણ પ્રકારની જાણકારી કે ઓળખશક્તિ એ સર્વજ્ઞતાનો અંશ બની શકે નહીં, કારણ કે આવા જાણી કે ઓળખી શકાતા પદાર્થો-વિષયવસ્તુઓ-જરૂરી નથી કે જોનારના નિયંત્રણમાં હોય.

જે પદાર્થોને આપણે જોઈએ છીએ, જાણીએ છીએ એ બધાજ આમતો બાહ્ય પદાર્થોજ હોય છે તો પણ આપણે એવું તો ન જ કહી શકીએ કે તેમના પર આપણું પૂર્ણ નિયંત્રણ છે, આપણે આપણી આંખો વડે સંપૂર્ણ જગતને જોઈએ છીએ પરંતુ આ જગત પર આપણું કયું નિયંત્રણ છે? આપણું, જ્ઞાન આપણને કોઈ શક્તિ નથી આપતું, જો કે કહેવાય તો એવું છે કે જ્ઞાન એ જ શક્તિ છે. જ્ઞાન એ શક્તિ જરૂર છે પરંતુ તે જ્ઞાન કોઈ ઈન્દ્રિયગત જ્ઞાન નથી હોતું. જે જ્ઞાનને

શક્તિરૂપ કહેવાયું છે તે પૂર્ણપણે કોઈક જુદું જ જ્ઞાન છે. સર્વજ્ઞત્વ કેવળ અમુક નિશ્ચિત સંજોગોમાં જ સર્વશક્તિમત્વ બનતું હોય છે, અને નહીં કે હમેશાં. શક્ય છે કે આપણી પાસે શિક્ષણને આધારે બહોળું જ્ઞાન અને જાણકારી હોય, તેથી કાંઈ એવું નથી કે એ જ્ઞાન કે જાણકારી જે પદાર્થો અંગેની છે તેના પર આપણું નિયંત્રણ હોય. સામાન્ય રીતે એક તરફ જીવનું જ્ઞાન ઈન્દ્રિયગત રીતે ગ્રહણ કરેલું કે, કાલ્પનિક હોય છે, તો બીજી તરફ ઈશ્વરનું જ્ઞાન એની સ્વયંની સ્ફૂરણા હોય છે. જીવના જ્ઞાનની ઓળખ એની જાણના પદાર્થોના અસ્તિત્વ આધારીત હોય છે, પરંતુ ઈશ્વરનું જ્ઞાન સમગ્ર અસ્તિત્વ વિશેનું હોય છે. ઈશ્વરના અસ્તિત્વ વિશેનું હોય છે. ઈશ્વરના અસ્તિત્વમાં સત્ અને ચિત્‌નો સંગમ થાય છે, પરંતુ જીવ માટે તો એ બન્ને વિભાજીત જ રહેતા હોય છે.

એજ કારણ છે કે જીવ ન તો સર્વેશ્વર છે કે ન એ સર્વજ્ઞ, અને આ સંસાર પણ એ જીવના જ્ઞાનની બહારનો છે, અને તેમ છતાં સ્થળ અને કાળના સંબંધે, જીવ એક કુત્રિમ પ્રક્રિયા વડે, આ બધા પદાર્થોને જાણે ઓળખતો-જાણતો હોય એવું જણાય છે. ઈશ્વરનું જ્ઞાન આ સ્થળ અને કાળથી પણ અતિક્રમીને છે, અને તે સંબંધો આધારિત નથી – જીવનું જ્ઞાન સાપેક્ષે અર્થાત સંબંધો આધારિત છે – પરંતુ ઈશ્વરનું જ્ઞાન એ પરમ જ્ઞાન કે નિર્પેક્ષ જ્ઞાન છે. ઈશ્વર સ્વયં અને એનું અસ્તિત્વ સુધ્ધા સંપૂર્ણપણે જ્ઞાન અને શક્તિસ્વરૂપ જ છે, જ્યારે જીવના અસ્તિત્વ જ્ઞાનને શક્તિ સાથે સરખાવી જ ન શકાય. જીવનું અસ્તિત્વ એના જ્ઞાનથી અને એનું જ્ઞાન શક્તિથી વિભાજીત થયેલા છે – જુદા પડી ગયા છે. જ્યારે આ બધું જ ઈશ્વર માટે એકરૂપ જ છે. તેથી એક ઈશ્વરજ છે જેને સર્વેશ્વર અને સર્વજ્ઞ કહી શકાય; અને માણ્ડૂક્ય ઉપનિષદ એના ત્રીજા પાદના વર્ણન કે આત્માના ત્રીજા સ્તરના વર્ણનમાં ઈશ્વરને જ બધાનું કારણ ગણાવે છે, અને સ્વાભાવિક જ છે કે એને સર્વજ્ઞ અને સર્વેશ્વર જેવી ઉપાધીઓથી નવાજે છે.

એષ યોનીઃ સર્વસ્ય પ્રભાતપ્યાયો-

એજ સઘળાનું ગર્ભસ્થાન છે.

જે રીતે એક બીજમાંથી સંપૂર્ણ વૃક્ષ જન્મે છે તેવી જ રીતે 'એ'માંથી આ સમગ્ર સૃષ્ટિ સર્જાય છે. વૃક્ષ વિશાળ અને ભરાવદાર ભલે ને હોય; તેમ છતાં એ એની બધીજ સંભાવનાઓ સાથે નાના અમસ્તા બીજમાં સંતાએલું હોય છે. વૃક્ષનું સંભવીત બંધારણ, એનો આકાર અને પ્રકાર એ બધુંજ બીજ પદાર્થમાં નિશ્ચિત હોય છે. એવું નથી કે બીજ અંકુરીત થાય ત્યારે એમાં કાંઈ નવું ઉમેરાતું હોય. બીજની અંદર જે કાંઈ પણ હતું તેજ એ વૃક્ષના કારણ સ્વરૂપે બહાર આવે છે. આ સૃષ્ટિ પણ સ્વનિશ્ચિત છે, એ ઈશ્વરની કારણ અવસ્થામાં સંપૂર્ણપણે સમાએલી જ હોય છે.

આ રીતે આપણે કહી શકીએ કે બ્રહ્મસ્તરે બધુંજ સદાકાળ માટે નિશ્ચિત હોય છે. કોઈપણ પ્રકારના પ્રયત્નથી આ સૃષ્ટિમાં કોઈપણ ફેરફાર લાવી ન શકાય, કારણ આવા બધા જ પ્રયત્નો એ જીવની જ પ્રવૃત્તિ હોવાના, જેના અસ્તિત્વ અને કાર્ય પર નિયંત્રણ તો બીજ અર્થાત ઈશ્વરનું છે, જેમાંથી એ સૌ ઉત્પન્ન થાય છે. સર્વજ્ઞતામાં ભવિષ્ય અંગેનું જ્ઞાન પણ હોય જ છે, અને એ ભવિષ્ય જો અજાણ્યું હોય તો (ઈશ્વરની) સર્વજ્ઞતા સંભવી જ ન શકે. આપણે એવું ન કહી શકીએ કે વ્યક્તિગત પ્રયત્નોથી ભવિષ્યને બદલી શકાય છે, અને આપણે જે બદલાવ ભવિષ્યમાં લાવવા માંગીએ છીએ તેની જાણ ઈશ્વરને અગાઉથી જ છે, અને ભવિષ્ય માટેના આપણાં એવા બધાજ પ્રયત્નો ઈશ્વર-ઈચ્છાથી જ નક્કી થાય છે.

તેથી જ વ્યક્તિગત દૃષ્ટિએ (જીવ માટે) પસંદગી માટેની સ્વતંત્રતા ભલે હોય, પરંતુ એ ઈશ્વરની દૃષ્ટિએ એ નિશ્ચિત જ હોય છે. જ્યારે આપણને લાગે છે કે આપણે સમાજને બદલી રહ્યા છીએ, ત્યારે ઈશ્વરને આવનાર ફેરફારોના

કારણો અને તે કઈ રીતે થશે તેની જાણ અગાઉથી જ હોય છે. આ રીતે, ઈશ્વરની દૃષ્ટિએ તો આ વૈશ્વિક નિર્ધાર માત્ર છે, પરંતુ જીવની પ્રવૃત્તિઓની દૃષ્ટિએ તો એ અનિશ્ચિત ભવિષ્ય માટેના બદલાવની પ્રક્રિયા સમાન છે. તેથી જ ઈશ્વર આ રીતે સર્વશક્તિમાન છે, સર્વજ્ઞ છે, બધાજ પદાર્થોનું બીજ છે, અને સઘળાનો આદી અને અંત છે.

પ્રભવ્યાપ્યયૌ હ ભૂતનામઃ

બધી જ વસ્તુ કે વ્યક્તિઓ 'એ' માંથી જ ઉત્પન્ન થાય છે (આદી) અને 'એ' માં જ સમાઈ જાય છે (અંત)

આપણી ગમે તેવી પ્રવૃત્તિઓ પણ આપણને ઈશ્વર (ના શરીર)ની બહાર લઈ જઈ શકતી નથી. પછી ભલેને આપણે અવકાશમાં, તારાઓ તરફ અબજો કીલોમીટરની સફર કેમ ન કરીએ, આપણે ઈશ્વરના શરીરમાંજ રહીએ છીએ. આપણે એની બહાર જઈ શકતા નથી. આ ભલેને આપણાં વિચારે કે આપણો આત્મા સ્વર્ગની ઉંચાઈ અને અડકે કે પાતાળના ઉંડાણો સુધી પહોંચે, એ રહે છે ઈશ્વરના જ્ઞાનમાં, એ રહે છે ઈશ્વરના અસ્તિત્વમાં જ.

પતંગને આકાશમાં ઉડવાની ગમે તેટલી છૂટ હોય, જ્યાં સુધી તે એક દોરીથી બંધાએલો છે, ત્યાં સુધી એણે એક મર્યાદામાં જ રહેવું પડે. જણાય એવું છે કે આપણી સ્વતંત્રતા પણ આપણાં પ્રારબ્ધકર્મના દાયરામાં જ મર્યાદિત છે, અને તેની બહાર આપણે જઈ નથી શકતા. આપણે સ્વતંત્ર છીએ. પરંતુ એ એક મર્યાદિત સ્વતંત્રતા જ છે, એક સંપૂર્ણ સ્વતંત્રતા નહીં.

એક માંએ બાળકને આપેલી સ્વતંત્રતા જેવી છે, બાળક મુક્તતો છે પરંતુ મર્યાદાઓ સાથે; મર્યાદાઓ બહારની છૂટ નહીં આપે. ઈશ્વર આપણને એ અર્થમાં સ્વતંત્રતા આપે છે, જે આપણાંમાં પરિસ્થિતિને સમજવાની, તે અંગે અનુમાન કરવાની અને યોગ્ય નિર્ણયો લેવાની છૂટના અનુસંધાનમાં હોય છે, પરંતુ આ બધાજ નિર્ણયો ઈશ્વરના કાયદાને આધિન હોય છે, અને આપણે એ કાયદાને પાડવો જ પડે છે.

અને જો આપણો અહંકાર, ઈશ્વરના કાયદાનું કોકવાર ઉલ્લંઘન કરે તો તેની સજા મળે છે. અને એ સજા તેજ કર્મનો કાયદો છે. જે આપણને બાંધનારૂં કર્મ ગણાય છે, તે અન્ય કાંઈજ નહીં પરંતુ ઈશ્વરના નિયમના થએલા ભંગની સજા માત્ર છે. અને જે કર્મ આપણે આ નિયમો અને ઈશ્વર ઈચ્છાઓને આધીન રહી પાળીને કરીએ છીએ તે નિષ્કામ કર્મ બને છે – તે કર્મ બાંધનારૂં નથી હોતુ. આ જ કર્મ યોગ છે. જ્યારે આપણે ઈશ્વરની ઈચ્છાને આધિન રહી, એના નિયમોનું પાલન કરીને કાર્ય કરીએ છીએ ત્યારે આપણે કર્મયોગી બનીએ છીએ.

પરંતુ જ્યારે આપણે એની ઈચ્છા વિરૂધ્ધ જઈએ છીએ, અને આપણાં અહંકારને પોષીને કાર્ય કરીએ છીએ, ત્યારે આપણું એ કર્મ આપણને બાંધનાર બને છે. આ રીતે ઈશ્વર જ સર્વસ્વ છે, એજ બધા પદાર્થો અને જીવોમાં પ્રવેશ છે અને તેમનાથી દૂર પણ થાય છે. ઈશ્વરની આજ મહાનતા, ભવ્યતા અને જાહોજલાલી છે, જેના આપણે સૌ જીવો, તેમજ અન્ય સજીવ કે નિર્જીવ પદાર્થો બધાજ, અભિન્ન અંગ છીએ, જૈવિક અંગો છીએ.

ઈશ્વરના અસ્તિત્વમાં સજીવ કે નિર્જીવ એવા કોઈ પદાર્થ ભેદ હોતા નથી. એને માટે તો બધુંજ ચેતના સ્વરૂપ છે. ઈશ્વર માટે નથી કોઈ જડત્વ કે નથી કોઈ મૃત પદાર્થ, કારણ એ બધું એનું જ અસ્તિત્વ દર્શાવે છે. બધાજ પદાર્થોમાં એ વસેલો છે. એજ અન્તર્યામી છે. આ બ્રહ્મની કારણ અવસ્થા જ ઈશ્વર છે, જેના અનુસંધાનમાં જ જીવના કારણ અનુભવ ને પ્રાજ્ઞ કહેવામાં આવે છે.

વ્યક્તિગત કારણ અવસ્થા એ પ્રાજ્ઞ છે; બ્રહ્મ કારણ અવસ્થા એ ઈશ્વર છે, વ્યક્તિગત સૂક્ષ્મ અવસ્થા એ તૈજસ છે; બ્રહ્મ સૂક્ષ્મ અવસ્થા તે હિરણ્યગર્ભ છે. વ્યક્તિગત સ્થૂળ અવસ્થા તે વિરાટ છે; બ્રહ્મસ્થૂળ અવસ્થા તે વૈશ્વાનર છે. સામાન્ય રીતે ઈશ્વરને સંપૂર્ણ પરમ અવસ્થા તરીકે ગણવામાં આવે છે જેમાં બધીજ બ્રહ્મ અવસ્થાઓ સમાએલી હોય છે.

## ૭. અસ્તિત્વને પેલે પાર (અતિક્રમી ગએલું અસ્તિત્વ)

આપણે આત્માના ત્રણ સાપેક્ષ સ્તરોનું વ્યક્તિગત અને બ્રહ્મ એવી બન્ને અવસ્થાઓમાં વિશ્લેષણ કર્યું. પરંતુ વાસ્તવિકતા એના જે સ્વરૂપે છે તે નથી તો વ્યક્તિગત કે નથી એ બ્રહ્મ અવસ્થા વાળી. એને બ્રહ્મ સ્વરૂપવાળી કહેવી એ પણ એને કેટલેક અંશે મર્યાદામાં મુકવા સમાન જ છે, આ રીતે તો એને, આપણે જેને સૃષ્ટિ કહીએ છીએ તેના સ્તરે જ લાવી રહ્યા છીએ. પરમઆત્મા કે પરમબ્રહ્મ, એ નથી તો કોઈ કારણ કે નથી એ કોઈ પરિણામ. એની કોઈ અસર હોતી નથી અને તેથી જ એ કોઈ કારણ પણ નથી. આપણે પરમાત્માને પદાર્થોનું કારણ પણ ન કહી શકીએ, જ્યારે બધીજ વસ્તુ એનું સ્વરૂપ જ હોય (એમાંજ સમાએલું હોય)

માણ્ડૂક્ય ઉપનિષદ પ્રગટ ચેતનાની માત્ર સ્થૂળ, સુક્ષ્મ અને કારણ સ્થિતિઓનું જ વર્ણન નથી કરતું પરંતુ ચેતના સ્વયં શું છે તે પણ જણાવે છે. કોઈપણ પ્રકારના સંબંધોથી મુક્ત એવી કોઈક વિદ્યા છે જેને આપણે સ્વયં વાસ્તવિકતા તરીકે ઓળખીએ છીએ. ઈશ્વર સુધ્ધાં એક એવું વર્ણન છે જેમાં એનો બ્રહ્મ સાથેનો સબંધ દર્શાવાયો છે, ઈશ્વરને આપણે સર્વેશ્વર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન તરીકે ઓળખીએ છીએ, કારણ આપણે એને આ સૃષ્ટિ સાથે જોડીએ છીએ. ઈશ્વર તો સર્વત્ર વિદ્યમાન છે, સર્વત્ર છવાએલો છે, એનો અર્થ એવો થાય કે આપણે એને આ આકાશના સંદર્ભે જ ઓળખીએ છીએ. એ બધું જ જાણે છે એનો અર્થ એવો થાય કે એવી વસ્તુઓ અને પદાર્થો છે જેમને એ જાણે છે; અને એની સત્તા બધા પર છે, એનો અર્થ એવો થાય કે એની સત્તા કેટલીક એવી વસ્તુઓ કે પદાર્થો પર પણ છે જે એની બહાર રહેલી છે.

બધીજ વ્યાખ્યાઓ, જેમાં ઉત્તમ વ્યાખ્યાઓ જેવી કે "સૃષ્ટિનો સર્જક, પોષક અને સંહારક"; સર્વત્ર વિદ્યમાન, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈ. પણ સાપેક્ષતા ધરાવનારી જ છે. એ બધા પણ ઈશ્વરના તતક્ષણ લક્ષણો જ છે, આકસ્મિક વ્યાખ્યાઓ જ છે અને એના સ્વરૂપ લક્ષણો નથી. જે વાસ્તવિકતા આવશ્યક એવી પ્રકૃતિને વર્ણવનારા હોય તો, સૃષ્ટિ પહેલાં ઈશ્વર એના સ્વયંના સત્ત્વ તરીકે એક સર્જક, પોષક કે સંહારકથી કાંઈક વિશેષ હોવાનો, પદાર્થોના કેવળ કારણથી કાંઈક વધુ હોવાનો, સર્વેશ્વર, સર્વજ્ઞ કે સર્વશક્તિમાનથી પણ કાંઈક ઉપર હોવાનો.

એવું આવશ્યક તત્ત્વ કયું છે જે સ્વયંના અધિકારથી જ, સ્વયંની મહાનતા, અને પોતાની જ ભવ્યતામાં રાંચતું હોય? એવો કયો પ્રકાશ છે જ અન્ય કોઈથી પણ ધારણ ન થઈ શકે, એવો પ્રકાશ જે ઝળહળે પરંતુ એનાથી અન્ય એવું, ત્યાં કાંઈ ન હોય? એ જ શુધ્ધ ચેતનાની અવસ્થા હોવાની, જે નથી તો કારણ ધરાવતી, નથી એ સૂક્ષ્મ કે નથી એ સ્થૂળ, એ નથી તો તો અંદર કે નથી એ બહાર, એને નથી કાંઈ આંતરિક કે નથી કાંઈ બાહ્ય. એ જ પરમ વાસ્તવિકતાનું વર્ણન માણ્ડૂક્ય ઉપનિષદના સાતમાં મંત્રમાં કરવામાં આવ્યું છે.

नान्तःप्रज्ञं, न बहिष् प्रज्ञं नोभयतः प्रज्ञं
न प्रज्ञान-घनं, न प्रज्ञं, न अप्रज्ञम् ।
अदृष्टम, व्यवहार्यम्, अग्राह्यम्, अलक्षणं, अचिन्त्यम,
व्यपदेश्यम् एकात्म-प्रत्यय-सारं प्रपञ्च उपशमं
शान्तं, शिवम्, अद्वैतं, चतुर्थं
मन्यन्ते, स आत्मा, स विज्ञेयः ॥७॥

એ સંપૂર્ણતા, તુરિય અથવા ચેતનાની, ચોથી અવસ્થા તરીકે ઓળખાય છે, જે કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ જેવા સાપેક્ષ સ્વરૂપોને અતિક્રમી જનારી હોય છે. એક તરફ જ્યાં જાગૃત અવસ્થાએ આંતરિક અવસ્થા ગણાય છે, ત્યાં આ

તુરિય અવસ્થાની ચેતના નથી તો બાહ્ય કે નથી એ આંતરિક, કારણ એ જાગૃત કે સ્વપ્ન અવસ્થા નથી હોતી. નથી તો આંતરિક રીતે સચેત કે નથી એ બાહ્યરીતે સચેત- નાન્તઃ પ્રજ્ઞામ્, ન બહીઃ પ્રજ્ઞામ્- નથી સ્વપ્ન જેવી આંતરિક ચેતના કે નથી એ જાગૃત જેવી બાહ્ય ચેતના. આપણે કદાચ એવું કહી શકીએ કે એ બન્ને અવસ્થાઓની ચેતના એક સાથે જ છે. ના, પરંતુ એ એવું નથી – નથી તો એ બાહ્ય (ચેતના) કે નથી એ આંતર (ચેતના) તેમજ એ બન્નેનું એક સાથે હોવું પણ નથી – ન અભાયાતઃ પ્રજ્ઞામ.

સમુદ્રમાં ના એક સરખા જળના જથ્થા જેવો એ કોઈ ચેતનાનો એકરસ જથ્થો કે ચેતનાનો સમુદ્ર પણ નથી – ન પ્રજ્ઞાન ઘનમ્, એ એના સત્વ સ્વરૂપે જથ્થારૂપ પણ નથી જથ્થોએ જગા રોકનારો – અવકાશ સાથે સંબંધીત – ગણત્રીમાં લઈ શકાય એવી વસ્તુ છે અને ચેતનાએ એવું કાંઈ જ નથી. અને તેથી એને ચેતનાના જથ્થા તરીકે પણ ઓળખાવી ન શકાય, અને જ્યારે આપણે જથ્થાની વાત કરીએ છીએ ત્યારે આપણે સમક્ષ એક ઢગલો, એક શરીર, જો કે કોઈ જુદો પાડીને જોઈ ન શકાય તેવા પદાર્થોનું ચિત્ર ખડું થાય છે. ચેતનાનું એવું જરાએ નથી – ન પ્રજ્ઞાન ઘનમ્ – એ કોઈ લક્ષણ વિનાની, જાગૃતિના અભાવવાળી ચેતના નથી – ન પ્રજ્ઞામ.

તમે એનો કોઈપણ વિષયવસ્તુ વિનાની એક જાણકારી સમજી શકો. પરંતુ એ એવી પણ નથી, કારણ એ ચેતનાની અંદર જ બધી વસ્તુઓ વણાએલી હોય છે. એ એવી ચેતના નથી જેમાં વિષય વસ્તુઓનો સદંતર અભાવ હોય. એ એવી ચેતના છે જેમાં વિષયવસ્તુઓ સમાએલી જ હોય છે. એટલે એને આપણે શાશ્વત ચેતનાની ગુણો વિનાની પ્રતિકૃતિ પણ ન સમજી શકીએ – એ ચેતનાની ગેરહાજરી પણ નથી – ન અપ્રજ્ઞામ્ – ન્યાય અને વૈશિષકા ધારાઓના વર્ણન મુજબની એ કોઈ નિષ્ક્રિય પૂર્ણ અવસ્થા પણ નથી. એ કોઈ અચેતન કે બેભાન અવસ્થા પણ નથી; નથી એ બાહ્ય ચેતના; કે નથી એ આંતર ચેતના; એ બન્ને એક સાથે પણ નથી. તો પછી એ છે શું? ઈશ્વર એના સત્ય સાથે આવો જ છે, એના સાચા અસ્તિત્વમાં પૂર્ણતાવાળો.

અદ્રષ્ટમઃ એ અદૃશ્ય છે, એને કોઈ જોઈ નથી શકતું, આંખો ગમે તેવા પ્રયત્નો કરે, આંખો એને જોઈ નથી શકતી.

અવ્યવાહર્યમઃ કોઈપણ એવી સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરી ન શકે ન તમે એને અડકી શકો (એનો સ્પર્શ કરી શકો) કે ન એને પકડી શકો; તમે એની સાથે વાત ન કરી શકો; એને જોઈ ન શકો; એને સાંભળી ન શકો. એની સાથે કોઈપણ પ્રકારનો કારભાર ન કરી શકો. તમે એની સાથે કોઈપણ સબંધ બાંધી ન શકો. એ અસંબંધ છે, એ સબંધ વિનાનો છે. એ કોઈપણ સંબંધને નકારે છે. નથી એ મિત્ર બનતો કે નથી શત્રુ. સર્વ જીવોનો જીવ હોવાનું આ જ છે ગૂઢ રહસ્ય.

અગ્રાહ્યમઃ એને ઈન્દ્રિયોની શક્તિથી ગ્રહી ન શકાય, તમે એને હાથથી પકડી ન શકો, નાકથી સૂંઘી ન શકો, જીભથી ચાખી ન શકો, કાનથી સાંભળી ન શકો, આંખથી જોઈ ન શકો આવું કાંઈ જ શક્ય નથી.

અલક્ષણમઃ અને તેથી જ એવી વ્યાખ્યા ન થઈ શકે, તમે એનું વર્ણન ન કરી શકો. એની કોઈ વ્યાખ્યા શક્ય એટલે માટે ન થાય કારણ વ્યાખ્યાનો અર્થ એના ગુણોની સરખામણી કરવી – જેને તમે જોઈ શકો સાંભળી શકો ઈ. પરંતુ અહીં તો એવું કાંઈક છે જેને તમે જોયું નથી સાંભળ્યું નથી; તો પછી તમે એને ગુણો વડે કેવી રીતે બાંધી શકો? એ જ કારણ છે કે જીવોના મહાજીવની વ્યાખ્યા કરી જ ન શકાય. કોઈપણ એને વિશે કાંઈપણ કહી જ ન શકે.

અચિંત્યમઃ મન માટે એનો વિચાર કરવો શક્ય નથી. એ મહાજીવ અંગેનો કોઈ વિચારને તમે ધારણ જ ન કરી શકો. તેથી જ તમે સામાન્ય રીતે એનું ધ્યાન ન કરી શકો. તમે એનો વિચાર ન કરી શકો કારણ વિચારવા માટે તમારે એને એક વિષયવસ્તુરૂપે સ્થળ અને કાળના દાયરામાં લાવવો પડે, એને બાહ્ય સ્વરૂપ આપવું પડે. એ કોઈ વિષયવસ્તુ અને એને સ્થળ-કાળના દાયરામાં સમાવી પણ ન શકાય, અને તેથી જ એ વિચારને પાત્ર નથી.

આવ્યોપદેશ્યમઃ અવર્ણનિય, અવાચ્ય અનિર્વચનિય. તમે એની ભવ્યતાનું વર્ણન તમારી જીભ પડે કરી ન શકો. કોઈપણ શાસ્ત્ર એને પૂર્ણ પણે વર્ણવી જ ન શકે; કોઈ સંત એને વિશે પુરેપુરું સમજાવી ન શકે. સઘળા ઋષિમુનિ અને સાધુસંતોનું એકઠું કરેલું જ્ઞાન પણ તેની મહાનતાને વર્ણવવા માટે ઓછું પડે. એ બધાજ ઋષિમુનિઓ બધાજ જ્ઞાનથી પર છે અને અજોડ અને અદ્વિતિય છે. વાસ્તવિકતાના આ પરમાત્માનો આવા ગુણ પાછળનું રહસ્ય એ છે કે અન્ય કોઈ વડે એનો ઉલ્લેખ થઈ શકે તેમજ નથી. આ જગત એક બીજાના સંદર્ભોની જ માયા જાળ છે. વ્યાખ્યા, સમજ કે વ્યવહાર માટે એક કે બીજી વસ્તુ કે વ્યક્તિનો સંદર્ભ આપવો જ પડે છે, આ સમગ્ર વ્યાપાર જગત આવા સંદર્ભનું જ સામ્રાજ્ય છે જેમાં એકબીજાના સંદર્ભો આપવા જ પડે છે. આ પરમજીવ માટે આવા કોઈ સંદર્ભો શક્ય જ નથી. એ બધી જ પ્રવૃત્તિઓનો (મન અને શરીર બન્નેની) વિશ્રામ છે – મૌન છે.

એકાત્મપ્રત્યયસામઃ અહી આત્મા માટે આપણી પાસે અદભુત સરખામણી છે. આત્માની વ્યાખ્યા કેવળ આત્મા તરીકે જ થઈ શકે. તમે અતી અન્ય કોઈપણ વર્ણન કે કલ્પના સાથે વ્યાખ્યા ન કરી શકો. એવું કહેવાય છે કે રામ-રાવણનું યુધ્ધ અદ્વિતિય હતું. રામ-રાવણના યુધ્ધને તમે શેની સાથે સરખાવી શકો? તમે કોઈ વસ્તુની વિશાળતા સાગર કે અનંત આકાશ સાથે કરી શકો કોઈ બેજોડ ક્રાંતિને સૂર્યના પ્રકાશ સાથે સરખાવી શકો, મીઠાશને સાકરની મીઠાસ સાથે સરખાવી શકો. પરંતુ રામ-રાવણનું યુધ્ધ કેવું હતું? તો એ રામ-રાવણના યુધ્ધ જેવું જ હતું! કવિ એને વિશે એટલું જ કહી શકયો. "આકાશ-આકાશ જેવું જ છે, સાગર તો સાગર જેવો જ છે અને રામ-રાવણનું યુધ્ધ પણ રામ-રાવણના યુધ્ધ જેવું જ હતું"

એવું જ આત્માનું પણ છે. આત્મા પણ આત્મા જેવો જ છે. તમે આત્માને આવો છે કે તેવો છે એવું કહી જ ન શકો કારણ એ અજોડ છે અદ્વિતિય છે. અને સરખામણી માટેનો કોઈપણ પ્રયત્ન એવી વસ્તુ સાથે જ થવાનો જે પાછળની કોઈ પરિણામ સ્વરૂપજ ઉદ્ભવી હોય, અને તે ચોક્કસ હાસ્યાસ્પદ નકલ જ હોવાની માટે એને કેવળ એકાત્મ પ્રત્યય સારમ્ અર્થાત ચેતનાના અસ્તિત્વની એકતાનું તત્વ ગણવું રહ્યું.

એની જો કોઈ વ્યાખ્યા થઈ શકતી હોય તો તે માટે ત્રણ મનોરંજક ઉક્તિઓ છે – એકત્વ (એકતા), આત્મત્વ (સ્વત્વ) અને સારત્વ (આવશ્યકતા), એ બધી જ વાતોનો સાર છે, એ એકમેવ છે અને એ જ સ્વયં છે, એ સ્વયં છે અને તેથી એ એક જ હોઈ શકે. એ સ્વયં છે અને તેથી જ એ સારરૂપ છે.

આત્મા એ છે જે સ્વયંને ઓળખે છે, અને તે પણ અન્ય કોઈ સાધનો વડે નહીં, પરંતુ પોતાના જ અસ્તિત્વ વડે. એ કોઈપણ બાહ્ય સાબિતી વિના સ્વયંને જાણનારૂં અસ્તિત્વ જ છે. આત્માના જ્ઞાન માટે ગ્રહણશક્તિ, અનુમાન શક્તિ મૌખિક પુરાવાઓ કે સરખામણી જેવું કાંઈ પણ લાગુ પડતું નથી. એનું અનુમાન, તર્કથી, પ્રેરણા અથવા તારણથી થઈ શકતું નથી, અને એને ઈન્દ્રિયો વડે પણ જાણી શકાતો નથી, એની કશા સાથે સરખામણી કરી શકાતી નથી, અને શબ્દોથી વર્ણવી શકાતો નથી. એ સ્વયં જ છે જેનો અર્થ થાય કે અન્ય કોઈ વડે અને ધારી શકાતો નથી – પકડી શકાતો નથી – ગ્રહણ કરી શકાતો નથી. આત્મા કેવળ સ્વયં વડે જ ઓળખી શકાય છે. અહીં આત્મા અને

અસ્તિત્વ બન્ને એક જ વસ્તુ છે. અસ્તિત્વ એ જ સ્વયં છે; અસ્તિત્વ એજ આત્મા છે. આત્માને પદાર્થરૂપે જોઈ શકાતો નથી; એને પોતાના જ સત્વથી અલગ કરી શકાતો નથી.

આત્માનું જ્ઞાન માત્ર સ્ફૂરણા જ છે, જે વાસ્તવિકતાની કોઈપણ સંદર્ભો વિના થતી સમજ છે, અને તે મન અને ઈન્દ્રિયોના કાર્યોથી સ્વતંત્ર છે, અને ત્યાં અસ્તિત્વ જ જ્ઞાન બને છે, અને એ જ્ઞાન તેમજ જાણકારી એકરૂપ જ હોય છે. અહીં જ્ઞાનનું ધ્યેય પણ જ્ઞાન અને સ્ફૂરણા જ છે. જ્યારે પદાર્થો જ્ઞાનની બહાર હોય છે ત્યારે એ જાણકારી તરીકે ઓળખાય છે. સ્ફૂરણા અને ઈન્દ્રિયગત ઓળખ કે માહિતી-જાણકારી વચ્ચે આ જ ફરક છે, જ્યારે પદાર્થ જ્ઞાન સાથે ખૂબ જ નજીકનો સંબંધ ધરાવતો હોય-જ્ઞાન વડે જ ઘેરાએલો હોય ત્યારે એ સ્ફૂરણા છે. અહીં કોઈ એવો ભેદ નથી કરી શકતું કે એ સ્વયંને જાણનાર પદાર્થ છે કે સ્વયંને જાણનાર જ્ઞાન છે. જ્યારે બે સાગર એક બીજાને મળે છે ત્યારે તે બન્નેના ગુણોનો ફરક મટી જાય છે. જ્યારે સ્વયંની જાણકારી ધરાવનાર વિષય અને તેના જ્ઞાનની વિષયવસ્તુ એકજ આત્મા તરીકે એકઠા થાય છે. એ જ આત્મત્વ છે – પરમાત્મા છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં ઋષિ યાજ્ઞવલ્ક કહે છે – સલિલ એકો દૃષ્ટા. આત્મા સાગર પ્રવાહ સમાન છે જેની કોઈ સતહ કે મર્યાદાઓ નથી હોતા. આત્મા જ એક માત્ર જોનારો, જાણનારો, નિરિક્ષણ કરનારો અને અનુભવનારો છે અને એને કોઈ પ્રતિપક્ષ પદાર્થ કે વિષય-વસ્તુ હોતા નથી. એ સ્વયંને જ જાણે છે, અને અન્યોને નહીં કારણ એ અન્યો પણ એના જ અંશ છે.

આ રીતે, આત્માનું જ્ઞાન એ સંપૂર્ણ અસ્તિત્વનું જ્ઞાન છે, એ કાંઈ આ આત્મા, પેલો આત્મા, આ પરમાત્મા, પેલો પરમાત્મા, આ વ્યક્તિ, પેલી વ્યક્તિ ઈ. નું જ્ઞાન નથી. એ આત્માનું જ્ઞાન જ છે જે એકમાત્ર જ્ઞાન હોઈ શકે. આત્મા એકમેવ છે-એકાત્મ પ્રત્યયસારમ – જે એક આત્મા છે તે જ પરમાત્મા તરીકે ઓળખાય છે અને તે કહેવાતા અનેક આત્માઓ જે જીવાત્માઓ તરીકે ઓળખાય છે, તેમનાથી અલગ પડે છે. એ પરમાત્મા છે કારણ એ જ પરમ અસ્તિત્વ છે. પરમ સ્વયં છે.

બ્રમ્હેતિ પરમાત્મેતિ ભગવાનિત શબ્દ્યત્ –

શ્રીમદ્ ભાગવતમાં જણાવાયું છે પરમ, વૈશ્વિક અને વ્યક્તિગત દૃષ્ટિકોણથી એ બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન તરીકે ઓળખાય છે. એ સ્વયંમાં જ પરમબ્રહ્મ છે; અને પરમ સર્જક, પોષક અને વિનાશકરૂપે એ જ પરમાત્મા છે; એ ભક્તોના પ્રિયપાત્ર તરીકે ભગવાન છે. દ્વૈત, વિશિષ્ઠ અદ્વૈત અને અદ્વૈતના દૃષ્ટિબિન્દુઓથી આ બધું જ છે અને અહીં આત્મામાં આવીને મળી જાય છે અને એ બધાના દૃષ્ટિકોણોના સારરૂપ, વિવિધ વિચારોના નિર્ણાયક પરિણામરૂપે એકમાત્ર સત્યમાં મળી જાય છે. બધા ઝઘડાઓનો અંત આવે છે, બધા વિવાદો અટકી જાય છે – બધા દર્શનો શાંત પડે છે – અને સર્વત્ર શાંતી પ્રસરે છે.

સદ્ગુરૂ શિવાનંદજીએ કહ્યું છે કે આ આત્મા જ શાંતી છે. જ્યારે એક ભક્તે આવીને ગુરૂજીને કહ્યું. "ગુરુજી, આત્મા વિશે મને જણાવો". ત્યારે ગુરુજી મૌન જ રહ્યા. જ્યારે ભક્તએ ફરીવાર પૂછ્યું, ગુરુજી, આત્મા વિશે મને જણાવો, ત્યારે પણ ગુરુજી મૌન જ રહ્યા. ત્રીજીવાર એ જ પ્રશ્ન પૂછાયો, અને ગુરુ ફરી એકવાર મૌન જ રહ્યા. જ્યારે ચોથી વાર ભક્તે એજ પ્રશ્ન પૂછ્યો. "મને આત્મા વિશે કહે છે'. તો ગુરુજીએ કહ્યું, હું તને એજ કહી રહ્યો છું, પરંતુ તું સાંભળતો નથી; કારણ મૌન એટલે જ આત્મા.'

એ મહાશાંતીમાં જ સૃષ્ટિની સઘળી ઉથલપાથલ શાંત થઈ જાય છે. ઈન્દ્રિયોની બધી જ તકરાર, સંસારની બધી જ અશાંતીઓ, આ મહાશાંતીમાંજ સમાઈ જાય છે અને શમી જાય છે. અહીંની આ શાંતી-ઉભા થતા બધાજ ઘોંઘાટોથી સારી છે, અને કોઈપણ સંભાષણો કરતાં એ બધી વસ્તુને વધુ સારી રીતે સમજાવી શકે છે. દર્શન શાસ્ત્રના બધા જ તાર્કિક વિવાદો કરતાં પણ, આ મહાશાંતી, વધુ સારી રીતે વાતોનો ઉકેલ લાવી શકે છે. આ મહાશાંતી, વાસ્તવિકતાને વધુ સર્વગ્રાહી રીતે સમજાવી શકે છે. કારણ જ્યારે આપણે તે માટે શબ્દોનો પ્રયોગ કરીએ છીએ ત્યારે, આપણે એક સ્તર નીચે ઉતરીને એને (વાસ્તવિકતાને) બાહ્ય પદાર્થ તરીકે જોવા-વિચારવા લાગીએ છીએ.

કેનોપનિષદ આપણને ચેતવે છે, જ્યારે એ જણાવે છે કે “જે એને જાણનારા છે તે વાસ્તવમાં એને જાણતા નથી; અને જે એને નથી જાણતા તેઓ જ ખરેખર એના જાણનારા છે” તમે જો એવું માનતા હો કે તમે એને જાણો છો, તો તમે એને જાણતા નથી, અને જ્યારે તમે એને જાણી લો છો, ત્યારે તમે વિચારવાનું જ બંધ કરો છે, પરંતુ કેવળ તમારું અસ્તિત્વજ જળવાઈ રહે છે. તમે સ્વયં ‘એ’ જ બની જાઓ છે, અને તમે ‘એ’ જ છો; અને એ જ સાચું જ્ઞાન છે. જ્ઞાન એ અભિવ્યક્તિ નથી. પરંતુ અસ્તિત્વ છે. એ કોઈ થવાની પ્રક્રિયા નથી.

યોગ વસિષ્ઠના શબ્દોમાં એ ‘સત્તા-સામાન્ય’ તરીકે ઓળખાય છે, બધી જ વસ્તુઓનું સામાન્ય અસ્તિત્વ, જે શરીર, મન અને વ્યક્તિના ખાસ-અલગ અસ્તિત્વો કરતાં જુદું પડનારૂં છે. એ અતિક્રમી ગએલ આત્મા છે જેને આ કે પેલો (આત્મા) કહી ન શકાય. – એ નથી તો સત્ કે નથી એ અસત્ કેટલાક પદાર્થોના અસ્તિત્વના સંદર્ભે એ સત્ નથી અને એ અસત્ કે અસ્તિત્વ વિહિનતા પણ નથી.

આપણે કાંઈક છે એવું કહીએ છીએ, કારણ આપણે એને જોઈએ છીએ; આપણે એ વિશે વિચારી શકીએ છીએ; આપણે એને સાંભળી શકીએ છીએ; આપણે એને હાથો વડે પકડી શકીએ છીએ અને વાસ્તવિકતાનું અસ્તિત્વ એવા પ્રકારનું નથી હોતું. પરંતુ તે કારણે તમે એવું તો ન જ કહી શકો કે એનું અસ્તિત્વ નથી. એ સત (અસ્તિત્વ) અને અસત્ (અસ્તિત્વ વિહિનતા)થી પર છે – ઉપર છે.

અનાદિતમ પરમ્ બ્રહ્મ

ન સત્ તમ્ ન અસદ્ ઉચ્યતે  - ભગવદ્ ગીતા

આ બ્રહ્મ જે સઘળાનું ઉદ્ગમ છે તે (એક) શાશ્વત (અસ્તિત્વ) છે.

ન અસદ્ અસ્તિ, નસદ્ અસ્તિ – ઋગ્વેદ

શરૂઆતમાં અહીં શું હતું? અસ્તિત્વ નહીં અને અનસ્તિત્વ પણ નહી.

વ્યાખ્યાઓ બધી વ્યક્તિ દ્વારા જ અપાય છે અને એ બધી વ્યક્તિઓ જેમણે વાસ્તવિકતાની વ્યાખ્યા કરી, તે ઉત્પત્તિરૂપી પરિણામ બાદ જ આવ્યા હતા. જે કાંઈપણ બધી જ વસ્તુના કારણથી પણ અગાઉનું હતું તેની વ્યાખ્યા કોણ કરે, જે કદાચ ઈશ્વરની સ્થિતિ પહેલાનું પણ હોય? એને કોણ વર્ણવી શકે, અને એને વિશે કોઈ શું કહી શકે, સીવાય કે એના ગુણોને અનિશ્ચિતપણે વર્ણવે જેમકે

એકાત્મ પ્રત્યય સારમ્?

આ આત્માનો સાક્ષાત્કાર તમે કેવી રીતે કરશો? કેવળ એટલું જ જાણીને કે ‘એ છે’

અસ્તિ ઈતિ એવ ઉપલબ્ધવ્યઃ – કઠોપનિષદ

‘જે છે’ (કેવળ) તેને જ જાણો. સંત ઓગાષ્ટિને કહ્યું છે.

બધી જ વાસ્તવિકતાઓની પણ વાસ્તવિકતા શું છે? તે-જે છે, - તે જે સત્તા-સામાન્ય છે – એકાત્મ પ્રત્યય સારમ્. એ જ બ્રહ્મ છે.

પ્રપંચ-ઉપશમઃ અહીં આ સમગ્ર સંસાર, આ બધો જ ખળભળાટ, શમી જાય છે, જે રીતે મોજાંઓ સાગરમાં સમાઈ જાય છે, જે રીતે સ્વપ્ન-જાગૃત ચેતનામાં ઓગળી જાય છે. આ સૃષ્ટિ એની બધી જ સ્થિતિઓ-સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ – સાથે અહીં સમાઈ જાય છે. આ સ્થિતિમાં અહીં નથી તો વિરાટ કે નથી હિરણ્યગર્ભ તેમજ ઈશ્વર પણ નથી; કારણ ત્યાં સૃષ્ટિ સ્વયં જ નથી. આ એકમેવ આત્મા છે, જ્યાં નથી તો જાગૃત અવસ્થા કે નથી સ્વપ્નાવસ્થા તેમજ સુષુપ્તિ પણ નથી. તેથી જ એને પ્રપંચોપશમ્ તરીકે ઓળખવામાં આવે છે. વાસ્તવમાં એ કોઈ એક સ્થિતિ નથી પરંતુ એ બધી જ સ્થિતિઓથી પર છે – ઉપર છે. એ કોઈ પરિસ્થિતિ કે ઘટના નથી. આપણે નથી જાણતા કે એ શું છે. એ એક રહસ્ય જ છે.

એ બધા રહસ્યોનું પણ રહસ્ય છેઃ એ શિષ્ય ખરે જ અદ્ભુત હોવાનો જે એને કોઈ અદ્ભુત ગુરૂ પાસેથી સમજે ગ્રહણ કરે અને જે આ અદ્ભુત આત્માને શીખવી શકે.

આચાર્યવત્ પચ્યતિ, વદતિ, શ્રૃનોતિ, - કઠોપનિષદ

એ કેટલો ભવ્ય આત્મા છે! પ્રપંચ, અર્થાત આ વિશાળ સૃષ્ટિ ત્યાં જ વિસર્જીત થઈ જાય છે, અને કેવળ એ જ, સૂર્યોના પણ સૂર્યની જેમ ચમકી ઉઠે છે.

એ જ શાંતમ્ છેઃ એ સ્થિતિ શાંતિમય છે, કોઈ ચિંતા નહીં, કોઈ તાણ નહીં કોઈ દુઃખદર્દ નહીં, કાંઈપણ સહેવાનું નહીં, ન જન્મ કે ન મૃત્યુ, કોઈપણ પ્રકારના સંતાપો નહીં. એ કોઈ એવી શાંતી નથી જે ધ્વનીની ગેરહાજરી કે પદાર્થોના સ્પર્શ વિના ઉત્પન્ન થતી હોય. એ એક હકારાત્મક પ્રકૃતિવાળી શાંતી છે. જ્યારે આપણી સાથે કોઈપણ વાતો નથી કરતું, કોઈ આપણને કોઈ પણ પ્રકારની ખલેલ નથી પહોંચાડતું અને આપણી પાસે આવશ્યક એવું બધું જ હોય ત્યારે આપણને જે શાંતી સાંપડે છે – તેવી આ શાંતી નથી. એ કોઈ આત્માની શાંતી નથી હોતી, કારણ આ સંસારમાં આપણી શાંતીની કલ્પના સાવ નકારાત્મક પ્રકારની અને તે ઉપરાંત કાંઈક સાથે સંબંધિત હોય છે. આત્માની શાંતી અસબંધ હોય છે જેનો સમય જતા અંત નથી થતો. આ પૃથ્વિ પરની આપણી શાંતીને તો એક શરૂઆત હોય છે અને એક અંત પણ ખરો, આજે આપણે શાંત છીએ, તો આવતી કાલ નથી. આપણને સદાસુખી રહેવાનું પરવડે તેમજ નથી પરંતુ આત્માની શાંતી તો શાશ્વત હોય છે, અને એ અવસ્થા સૌથી ઉત્તમ આશિર્વાદ સમાન છે.

એ જ શિવમ્ છેઃ એ એકમાત્ર એવી વસ્તુ છે જે ને ખરેખર પવિત્ર કહી શકાય, અને તેને સૌથી વધુ ધન્ય એવી ઉક્તિ અને ૐ અને અથ ના નામ મળ્યા છે. એની પ્રણવ એ સ્વયંમાં જ સચોટ ઉપાધી બને છે. અદ્વૈતમઃ અન્ય કાંઈ નહીં એવી અવસ્થા આપણે એને ‘એક’ પણ ન કહી શકીએ. એ ‘બે નથી’ એટલું કહેવું જ યોગ્ય છે; જો એને એક કહેવામાં આવે તો આપણે એને અંક દ્વારા દર્શાવીએ છીએ અને તે સાથે જ અનેકતાનો ભાવ આવી જાય છે એ એક નથી કારણ એના સિવાય અન્ય કશું જ નથી. આપણે કેવળ એટલું જ કહી શકીએ કે ‘એ બે નથી’ – અદ્વૈત. ઉપનિષદોમાં એને એકમેવ જણાવ્યા બાદ, હવે એને અદ્વૈત કહેવામાં આવ્યું છે. આપણે એને ‘એક’ તરીકે ઓળખવું ન

જોઈએ, કારણ 'એક' નો સંબંધ 'બે', 'ત્રણ', 'ચાર' ઈ. સાથે હોય છે. જ્યારે 'એ' તો અસંબંધ છે; માટે આપણે એને 'એક' તરીકે પણ વર્ણવવું ન જોઈએ. 'એ' – આ નથી, આ પણ નથી – નેતિ, નેતિ. 'એ' આ નથી, પેલું નથી; એ એવું કશું જ નથી જે વિશે આપણે વિચારી શકીએ, કે સમજી શકીએ.

ચતુર્થમ્ મન્યન્તે, સ આત્માઃ એ ચેતનાની ચોથી અવસ્થા છે, જેને આપણે આત્મા તરીકે ઓળખીએ છીએ. અને ચતુર્થ કે તુરિય કહેવામાં આવે છે; જે એક અંક નથી, પરંતુ ત્રણ સંબંધિત અવસ્થાઓ – જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિની સરખામણીમાં ચોથી અવસ્થા માત્ર છે. તમે જ્યારે આ ચોથી અવસ્થામાં પહોંચો ત્યારે તમે ચોથી અવસ્થામાં હો એવી કોઈ લાગણી થતી નથી. ત્યારે તમે શક્ય બનનારી કેવળ એક અવસ્થામાં હો છો. એ પેલી ત્રણ અવસ્થાઓને અતિક્રમી જનાર અવસ્થા છે અને નહીં કે કોઈ ચોથી અવસ્થા – એક એવી અવસ્થા છે જે અંક વિનાની, સ્વરૂપ વિનાની, સંખ્યા વિનાની, અમાપ અસ્તિત્વતી અવસ્થા છે. એ જ આત્મા છે. અને બધાજ પદાર્થોની આવશ્યક પ્રકૃતિ છે. આપણે સ્વયં એ આત્મા છીએ જે જાગતો, સ્વપ્ન જોતો કે સુષુપ્તિમાં નથી હોતો, જે સ્વયંને બાહ્ય કે આંતરિક હોવાની મર્યાદાઓમાં નથી બાંધતો. આત્મા એ બધાજ જીવોનું એકમાત્ર અસ્તિત્વ, બધા જ 'સત્'નું પણ 'સત્' બધાજ 'ચિત્' પણ 'ચિત્', બધા જ આનંદોનો પણ આનંદઃ પરમ્ અસ્તિત્વ, ચેતનામય પરમસુખ.

સ વિજ્ઞેયઃ – એ જ જાણવાને પાત્ર છે. (માનવ) જીવનનો એજ આશય છે. આપણે અહીં એ જ ધ્યેય સાથે જીવીએ છીએ અને એ સિવાય આપણાં જીવનનું અન્ય કોઈ કારણ નથી, અન્ય કોઈ લક્ષ્ય નથી. આપણી બધી જ પ્રવૃત્તિઓ, બધાજ કારભારો, બધા જ કર્તવ્યો, જે કાંઈપણ હોય, તે બધા જ આ આત્માને મળવવાના જ સભાન કે અભાન પ્રયત્નો છે, અને જ્યાં સુધી આપણે એ આત્મા સુધી ન પહોંચીએ, આપણે કદી સુખી નથી થવાના, આપણને કદી સંતોષ નથી થવાનો, અને આપણાં આ જન્મ અને મૃત્યુરૂપી સંસારચક્રનો અંત નથી આવવાનો. આપણે સદા માટે એ બન્ને જ છીએ અને આપણે હંમેશા આત્મામાં ભળી જવાનું શિક્ષણ પુરુ કરવા માટે મરતા રહીએ છીએ. જન્મ અને મૃત્યુ એ તો અનુભવના ક્ષેત્ર માટે કેળવાવાની પ્રક્રિયાઓ માત્ર છે. આપણે આ જગતના પદાર્થો સાથે પ્રયોગો કરતા રહીએ છીએ, જેનો આશય હોય છે એ પદાર્થોમાં આત્માના દર્શન કરવા, એમાં રહેલા આત્માના સંપર્કમાં આવવું. આપણને પદાર્થોની ચાહના એટલા માટે છે કે આપણને ત્યાં આત્માના હોવાની અપેક્ષા છે, પરંતુ આપણને એ ત્યાં મળતો નથી, કારણ એ કદી માત્ર એક જ સ્થળે હોતો નથી. આપણે વસ્તુ વ્યક્તિ કે પદાર્થોને શા માટે ઝંખીએ છીએ. પ્રેમ કરીએ છીએ? કારણ આપણને અપેક્ષા છે કે તેમાં આત્મા રહેલો છે, અને આપણે એની પાછળ દોડીએ છીએ. તે આપણને ત્યાં મળતો નથી અને આપણે બીજી તરફ વળીએ છીએ. કદાચ તે ત્યાં હશે જે રીતે ગોપીઓ કૃષ્ણને જુદા જુદા સ્થળોએ શોધતી હોય છે. કૃષ્ણ શું તમે ત્યાં છો? તમે જાણો છો ક્યાં, એ તો સર્વત્ર છે. ગોપીઓ વૃક્ષો, છોડો, મધમાખીઓ અને નિર્જીવ વસ્તુઓને પણ પૂછતી ફરે છે. શું તમે કૃષ્ણને જોયા? શું કૃષ્ણ અહીંથી પસાર થયા હતા? કૃષ્ણ ક્યાં છે? શું તમે મને કૃષ્ણની ભાળ આપી શકો? ગોપીઓ ગાંડી થઈને સૃષ્ટિની બધી જ વસ્તુઓ અજીવ કે નિર્જીવ – બધાને પૂછે છે' શું તમે કૃષ્ણને જાણો છો? શુ તમે એને જોયો છે?

એવી જ રીતે આપણે પણ ગાંડાની જેમ આ સંસારની વસ્તુઓ પાછળ દોડ્યા કરીએ છીએ. શું અહીં આત્મા છે? શું તમે આત્માને જોયો છે? શું તમે આત્માને અહીં કે ત્યાં, આમાં કે પેલામાં જોઈ શકો છો? એ તો ક્યાં એ નથી! એ કોઈ એક ચોક્કસ વસ્તુમાં નથી હોતો, અને તેથીજ આપણે આત્માને ગમે તેટલું શોધીએ તો પણ આ બાહ્ય જગતના પદાર્થોમાં પામી શકીએ નહીં. આ રીતે જગત માટેનો બધો પ્રેમ અંતે અર્થ વિનાનો જ છે અને છેવટે તે નાસીપાસ કરનારો – દુઃખ આણનારો પુરવાર થાય છે, જેનું કારણ છે કે જે વાસ્તવિકતા સ્વાભાવિક બંધારણીય ખામીને કારણે તે

પદાર્થોની મર્યાદામાં નથી રહી શકતી. તેને એજ પદાર્થોમાં શોધવાની ભુલ આપણે કરી રહ્યા છીએ. અને આવા પ્રયોગો કરતા કરતા આપણે મૃત્યુને શરણે ચાલ્યા જઈએ છીએ. જીવન ખૂબજ ટૂંકુ છે. આપણા પ્રયોગોનો તો અંત જ નથી આવતો. તે પછીના જન્મમાં પણ આપણે અસંખ્ય પ્રયોગો કરતા રહીએ છીએ, અને આ સૃષ્ટિમાં એવા અસંખ્ય પદાર્થો ભર્યા પડ્યા છે. આપણે અસંખ્ય પ્રયોગો કરીએ છીએ અને એ રીતે આપણે સંઘર્ષ ચાલ્યા જ કરે છે, આ પ્રક્રિયાને જ સંસાર કહેવામાં આવે છે; અને આપણે લીધેલા બધાજ જન્મો અને બધાજ મૃત્યુ ઉપરાંત પણ આપણે આત્માને ઓળખી શકતા નથી, જે રીતે ગોપીઓ ત્યાં સુધી કૃષ્ણને જોઈ નથી શકતી જ્યાં સુધી એ પોતે જ તેમની સામે હાજર થવાની ઈચ્છા નથી કરતો. કૃષ્ણ ક્યાં છે તે અંગેની માહિતી ગોપીઓને અન્ય કોઈ આપી ન શકે. મને ખબર નથી. હું જાણતો નથી એવું બધાજ પદાર્થો તમને કહેવાના. તો પછી આપણે કેમ પૂછતા ફરીએ છીએ? આપણે તો કદી એને જોયો નથી. અને આવી આત્માના શોધની રહસ્યમય પ્રવૃત્તિ અંગે છેવટે ઉપનિષદ જણાવે છે કે કદાચ આત્મા જેને પસંદ કરે તે જ વ્યક્તિ આત્માનો સાક્ષાત્કાર કરી શકે. એ વાતને તમારે આત્મા પર જ છોડી દેવી જોઈએ. તમે એને કેવી રીતે જોવો તે અંગે કશું જ જાણતા નથી. એને જાણવાનો કોઈપણ રસ્તાઓ હોય તેવું જણાતું નથી. આ સંસારની કોઈપણ વસ્તુ એના દર્શન કરાવવા આપણી મદદ કરી શકે તેમ નથી.

યમ્ એવ એષ વૃણુતે તેન લભ્યઃ

એ જેને પસંદ કરે કેવળ તેજ એને પામી શકે. કઠોપનિષદના ઋષિ પણ આ જ નિર્ણય પર પહોંચ્યા હોય એવું જણાય છે. આપણે શોધતા શોધતા થાકી ગયા છીએ. અને જ્યારે ગોપીઓ પોતાની મુશ્કેલીઓ ભરી શોધ કરતાં કરતાં થાકી ગઈ ત્યારે કૃષ્ણને શરણે ગઈ અને બેભાન થઈ ગઈ. ત્યારે જ કૃષ્ણ તેમની સમક્ષ હાજર થયા. હવે જ સમય પાક્યો છે અહંકાર ઓગળી ગયો છે; પ્રયોગો થંભી ગયા છે; હવે કોઈ વધુ કશું કરવા સક્ષમ રહ્યો જ નથી; ત્યારે જ એ આવે છે. તમે એને શોધ્યા જ કરો, શોધ્યા જ કરો અને તમને તેની નિરર્થકતા સમજાય છે. અહંકાર પોતાની મર્યાદાને ઓળખી કાઢે છે, અને અંતે ઓગળી જાય છે. જ્યારે તમે પોતાની મર્યાદાઓને ઓળખી કાઢો છો, ત્યારે તમારા બધાજ અહંકારભર્યા પ્રયત્નોનો અંત આવે છે, અને અહંકારથી નિવૃત્તિ એજ આત્માનો સાક્ષાત્કાર બને છે.

ઈશ્વર ત્યારે જ આવે જ્યારે અહંકાર વિદા લે. જ્યારે તમે (અહંકાર રૂપે) ક્યાંએ નથી ત્યારે એ જ એકમાત્ર સર્વત્ર હોય છે. એ તમારા વ્યક્તિત્વનું જ સ્થાન ગ્રહણ કરે છે. તમે અદૃશ્ય થાવ છો, અને એ મંચ પર દાખલ થાય છે, તે પહેલાં નહી. જ્યારે ગોપીઓનું વ્યક્તિત્વ દૂર થયું, ત્યારે જ કૃષ્ણએ તેમના હૃદયનો કબ્જો લીધો, અને હવે ત્યાં ગોપીઓની હાજરી ને બદલે; કૃષ્ણ જ હાજર હતા. જીવ ઈશ્વરમાં જ ઓગળી જાય છે. એજ આત્મા છે જેને માટે આપણે આ સંસારમાં જીવીએ છીએ. એજ ચેતનાની ચોથી અવસ્થા છે – આત્મા-પરમઆત્મા-બ્રહ્મ.

## ૮. પ્રણવ સ્વરૂપે આત્મા

જેનાથી આ ઉપનિષદની શરૂઆત થઈ તે ૐકારના અર્થનું કોઈ તત્ત્વ હોય તો તે જ આત્મા છે. આ ૐ જે સ્વરસ્વ છે, તે સર્વવ્યાપી પણ છે. આ નામ એ બધું જ દર્શાવે છે, જે આત્મા છે. ૐ - પ્રણવ એ દર્શાવનારા છે અને આત્મા તેમના દ્વારા દર્શાવાય છે.

જે રીતે આત્મા સંબંધિત એવા ત્રણ સ્તરો છે તેવા જ ૐના પણ ત્રણ સંબંધિત સ્તરો છે. અ, ઉ અને મ. એ ૐને ઘડનારા ત્રણ બંધારણ તત્ત્વો છે. જે રીતે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિને આત્માના પ્રગટ સ્વરૂપના બંધારણીય તત્વો ગણવામાં આવે છે. તે રીતે જ ૐ એના બંધારણના ત્રણ ઉચ્ચારણો વડે જ પ્રગટ થાય છે.

પાદ માત્રા, માત્રાશ્ચ પાદઃ

આત્માના પદો તે જ ૐ મંત્રના ઉચ્ચારણો છે અને તે ઉચ્ચારણો જ આત્માના પદો છે. આ મંત્ર કે તેના ઉચ્ચારણો છે અ, ઉ, મ્ અર્થાત આકાર, ઉકાર અને મકાર,

આ રીતે યમાત્મા-આદ્યાક્ષરમઃ

આત્મા, અક્ષર (કદી નાશ ન પામનાર) ૐનો અધિષ્ઠાતા દેવતા છે.

અધિમાત્રમઃ એ ત્રણે ઉચ્ચારણો અ, ઉ, અને મના અધિષ્ઠાતા દેવ છે, જેમને જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ સાથ ક્રમશઃ સરખાવી શકાય. જેને પરમ-આત્માની ઉપાધી આપવામાં આવી છે તેની સરખામણી ૐ અને એની ત્રણ માત્રાઓ અ, ઉ અને મ સાથે કરવામાં આવી છે, અને હવે આપણે જાણવાનું એ છે કે આ ઉચ્ચારણોને, એ આત્માની ત્રણ અવસ્થાઓ સાથે કેવી રીતે સરખાવી શકાય અને તે સાથે જ આ ત્રણ અવસ્થાથી આગળની અ, ઉ અને મ ને અતિક્રમી જતી ૐની ચોથી અવસ્થા પણ છે, જે રીતે ચેતનાની ચાર અવસ્થાઓ છે તેવી જ રીતે ૐ કારની પણ ચાર અવસ્થાઓ છે જે દરેક ક્રમશઃ તેના પ્રતિપક્ષ સાથે સરખાવાય છે.

આત્માની પ્રથમ અવસ્થા કઈ છે? એ છે વૈશ્વાનર, વૈશ્વાનર અથવા વિશ્વએ આત્માનું પ્રથમ પ્રગટ સ્વરૂપ છે જેની સરખામણી પ્રણવ કે ૐકારના ત્રણ ઉચ્ચારણો માના પ્રથમ સાથે કરવામાં આવે છે. જાગૃત અવસ્થા એ વૈશ્વાનરની પ્રથમ અવસ્થા છે જે પ્રણવ કે ૐનું પ્રથમ પાદ પણ છે અને જાગૃતસ્થાન તરીકે ઓળખાય છે,

જાગૃતસ્થાનો વૈશ્વાનર-ઓમકારઃ પ્રથમમાત્રઃ જાગૃસ્થાન અથવા આત્માની જાગૃત અવસ્થા, જે વિશ્વ કે વૈશ્વાનર તરીકે ઓળખાય છે. એ ૐનો પ્રથમ ઉચ્ચાર અકાર છે.

આપ્તેરાદિમત્વાદ્વાઃ 'અ'ની સરખામણી આત્માના પ્રથમ સ્તર સાથે ખુબજ ઉપયુક્ત રીતે થઈ છે. ચેતનાના બધા જ સ્તરો, કમ સે કમ તુલનાત્મક રીતે કહીએ તો જાગૃત અવસ્થાથી જ શરૂ થાય છે જેની અંદર અન્ય અવસ્થાઓ જેમ કે સ્વપ્ન અને સુષુપ્તિ બન્ને સમાઈ જતી હોય છે. જીવની દૃષ્ટિએ – અને નહીં કે ઈશ્વરની દૃષ્ટિએ – જાગૃત અવસ્થા એ કારણ છે અને સ્વપ્ન તેમજ સુષુપ્તિ એ તેના પરિણામો છે. હવે સ્વપ્ન જો જાગૃત અવસ્થાની છાપો લાગણીઓ અને અનુભવોનું પરિણામ હોય, તો સુષુપ્તિ એ એવી અવસ્થા છે જેમાં બધીજ અધુરી છાપો અને ઈચ્છાઓ છૂપાઈને બેસે છે અને સમય જતાં પ્રગટ થવા માટે તૈયાર રહે છે. આ અર્થમાં આપણે કહી શકીએ કે જાગૃત અવસ્થા અન્ય બન્ને અવસ્થાનું શરૂઆત જેવી છે. એવી જ રીતે 'અ' પણ બધાજ અક્ષરો માટે પ્રથમ અક્ષર છે એટલું જ નહીં અક્ષરમાળાનો પણ એ પ્રથમ અક્ષર છે; અને આ અ-કાર માંજ અન્ય બધા શબ્દોનું બંધારણ રહેલું છે. કારણે જે ક્ષણે તમે ઉચ્ચારણ માટે તમારૂં મો ખોલો ત્યારે સર્વપ્રથમ ઉચ્ચાર અનો જ થતો હોય છે અને તેથીજ ઉપનિષદ એને શબ્દ-રચના માટેનો પ્રથમ અક્ષર ગણે છે. શબ્દરચનાની આ શરૂઆતની સરખામણી ચેતનાના અનુભવની શરૂઆત જે જાગૃત અવસ્થા છે તેની સાથે કરવામાં આવી છે. માટે આત્માની જાગૃત અવસ્થાની સ્થિતિને – પ્રથમ ઉચ્ચારણ અકાર સાથે યોગ્ય રીતે જ સરખાવવમાં આવી છે. અને ઉપનિષદ એવું પણ સમજાવે છે કે ધ્યાન સમયે ૐના આકાર અને

આત્માની જાગૃત અવસ્થા બન્નેનું એક સાથે લયબધ્ધ રીતે ધ્યાન ધરવામાં આવે તો સાધક પોતાની બધી જ ઈચ્છાઓની પૂર્તિ કરી શકે છે.

આપ્નોતિ હ વૈ સર્વાં કામાન.

એ (સાધક) બધામાં આગળ પડતો બને છે, એ બધી જ બાબતોમાં પ્રથમ રહે છે- અર્થાત-બધી વસ્તુઓ એ (સાધક)ને સૌપ્રથમ માંગ્યા વિના જ મળવા લાગે છે.

આદિશ્ચ ભવતી

યોગીની આવી સિધ્ધિનું વર્ણન છાંદોગ્ય ઉપનિષદમાં – વૈશ્વાનર વિદ્યાના મથાડા હેઠળ પણ આપવામાં આવ્યું છે જો કે માણ્ડૂક્ય ઉપનિષદમાં વૈશ્વાનરનું વર્ણન અત્યંત ટૂંકું છે પરંતુ છાંદોગ્ય ઉપનિષદમાં એને વિસ્તારથી કરવામાં આવ્યું છે અને વૈશ્વાનર પરની ધ્યાનક્રિયા કે વિદ્યાને ખૂબજ સારી રીતે સમજાવવામાં આવી છે વૈશ્વાનર તરીકે ઓળખાતી આત્માની આ બ્રહ્મ અવસ્થા પરના ધ્યાન વડે યોગી એવી શક્તિ પ્રાપ્ત કરે છે જેનો સામનો જગતના કોઈ અન્ય વ્યક્તિ કરી જ ન શકે, અને એની ઈચ્છા પહેલાંજ બધી વસ્તુઓ મળી જાય છે. ખરી શક્તિતો એ છે જે દ્વારા વસ્તુઓ વિશે શબ્દોમાં માંગણી કર્યા પહેલા જ તે યોગી પાસે પહોંચી જાય છે. એ કોઈ વ્યક્તિને કાંઈ કરવાનું કહે તે પહેલા જ તે વ્યક્તિ પેલું કામ કરી નાખે છે, અને તે જ સત્તાની પરાકાષ્ઠા છે. વૈશ્વાનરનું ધ્યાન ધરવાથી આવી સત્તા પ્રાપ્ત થાય છે.

યા એવમ વેદઃ-

જે અ-કાર અને આત્માની જાગૃત અવસ્થાની લયબધ્ધતા અંગેના ધ્યાનું રહસ્ય જાણે છે, જે વૈશ્વાનર આત્માનું પ્રથમ પાદ કે ૐકારનાં પ્રથમ, ઉચ્ચારણ સાથેનું ધ્યાન ધરે છે, તે સર્વ વાતોનો સ્વામી બને છે – એક સંપૂર્ણ સિધ્ધ બને છે અને યોગનો જાણનારો બને છે. આ થયું જાગૃત અવસ્થા, અંગેનું વર્ણન – જાગૃતસ્થાન જે વૈશ્વાનર પ્રથમ પાદ, અને ૐકાર છે, જે આ પ્રકારના પરિણામો લાવે છે, જ્યારે સાધક આ રીતે ધ્યાન કરે છે.

હવે ઉપનિષદ આગળ વધે છે અને ૐકારની બીજી માત્રા અર્થાત ઉ ની સરખામણી આત્માના પ્રગટીકરણના બીજા પાદ – એટલે કે તૈજસ સાથે કરે છે.

ઉ કાર એ ૐનો બીજો ઉચ્ચાર છે, જેની સરખામણી આત્માના બીજા પાદ સાથે કરવામાં આવે છે. ઉ-કારને ઉત્કર્ષ અર્થાત ઉંચાઈ પર ગણેલ – કે ‘અ’થી ઉપર ઉઠેલાના અર્થમાં લેવામાં આવે છે, અને એ અ-કાર પછી આગળ વધે છે. અક્ષરોની હારમાળામાં ઉ આગળ જતાં અ-કાર ઉચ્ચારણના પરિણામ સ્વરૂપે આવે છે; અને અ-કારને જ્યાં ભાષાની શરૂઆત સમજવામાં આવે છે ત્યારે ઉ એ સ્વરોના મધ્યભાગમાં હોય છે. જ્યારે તમે ઉ નો ઉચ્ચાર કરો ત્યારે જોશો કે કંઠનો મધ્યભાગ કાર્ય કરવાનું શરૂ કરે છે.

ઉપનિષદ જણાવે છે કે ચિહ્નની દૃષ્ટિએ એ ઉપરના સ્થાને છે, અર્થાત શબ્દરચનામાં એનું સ્થાન અકારથી ઉપરનું છે. તૈજસ અથવા સ્વપ્ન અવસ્થાનું પણ કાંઈક એવું જ છે જે પાછળથી જાગૃત અવસ્થાના પરિણામ સ્વરૂપે આવે છે; એ જાગૃત અવસ્થાના અનુભવ પરથી આવે છે અને જાગૃત તેમજ સુષુપ્તી અવસ્થાના મધ્યભાગમાં સ્થિર હોય છે.

ઉભયત્વાદ્વા;

એ ઉભય અથવા બન્ને છે – કારણ એના બન્ને પક્ષ હોય છે એક તરફ જાગૃત અવસ્થા તો બીજી તરફ સુષુપ્તિ અને આત્માના પદોનો સંદર્ભ પણ એ અ-કાર અને મ-કારની વચ્ચે હોય છે. જે ઓમકારના ઉચ્ચારણ મુજબ પણ વચલું સ્થાન જ ધરાવે છે. આ રીતે ધ્યાન સમયે આપણે ઉકારની સરખામણી તૈજસ અર્થાત સ્વપ્ન અવસ્થા સાથે કરી શકીએ.

ઉપનિષદમાં આવી સરખામણી એટલા માટે કરવામાં આવી છે કે જેથી સાધક ૐ કારને ધ્યાન સમયે આત્માની સ્થિતિ અનુસાર યોગ્ય સ્થાને ગોઠવી શકે – યોગ્ય સમયે યોગ્ય ઉચ્ચારણ કરી શકે. આ બધી જ સરખામણી

કેવળ પ્રતિકાત્મક છે તેમને કેવળ અક્ષરશઃ લેવી ન જોઈએ. ધ્યાનની બધી જ પ્રક્રિયા પ્રતિકાત્મક હોય છે; ઉપનિષદની બધીજ વિદ્યા પ્રતિકાત્મક જ હોય છે જેમ કે બ્રહ્મની સરખામણી દોરડી સાથે અને સર્પની સરખામણી સાપ સાથે કરવામાં આવે છે તે પણ પ્રતિકાત્મક જ હોય છે. આ ઉદાહરણ એણે દર્શાવેલ પ્રતિકો સુધી જ મર્યાદિત હોવાનું; તેવી જ રીતે આ સરખામણી પણ બધા નામરૂપને ઓમકાર તેમજ આત્માના વિવિધસ્તરોએ થતી ધ્યાન સમયની એકરૂપતા પુરતું જ પ્રતિક તરીકે સ્વીકારવાનું છે.

આ રીતે અ-કારથી ઉપર ઉઠતું ઉ-કાર, જે અ-કાર અને મ-કારના મધ્ય ભાગમાં સ્થિર છે તેની સરખામણી સ્વપ્ન અવસ્થા, જે જાગૃત અવસ્થા પછીની પરિણામ સ્વરૂપ અવસ્થા છે, તેની સાથે કરવામાં આવે છે. આ અવસ્થા જાગૃત અને સુપુપ્તિના મધ્ય ભાગમાં સ્થિત છે.

ઉત્કર્ષતિ હ વૈ જ્ઞાન સંતતિઃ

અને જે આ મુજબનું ધ્યાન કરે છે તે તેના જ્ઞાનના સ્તરોમાં ઉપર ઉઠે છે. જે રીતે 'ઉ' અથી ઉપર ઉઠેલો હોય છે અને સ્વપ્ન-જાગૃતિથી ઉપર હોય છે. તેવી જ રીતે સાધકનું જ્ઞાન પણ વિચારો અંગેની સામાન્ય માહિતિ અને સમજથી ઉપર ઉઠે છે. એ એક સાચો જાણનાર એક જ્ઞાની બને છે – જે ઉ-કાર અને તૈજસની એકતા પર ધરેલા ધ્યાનનો કારણે થતું હોય છે.

સમાનશ્ચ ભવતિઃ જે રીતે તૈજસની અસર જાગૃત અને સુષુપ્તિ વચ્ચે સમન્વય આણનારી હોય છે – કારણ એ જાગૃત અવસ્થા જેવી જ સચેત હોય છે અને છતાં એ સુષુપ્તિની જેમજ બાહ્ય રીતે સચેત નથી હોતી – જે રીતે ઉકારની સ્થિતિ અકાર અને મકાર વચ્ચેના સંતુલનવાળી હોય છે, તેવી જ રીતે એનું ધ્યાન ધરનાર સાધક સમાજ અને સમગ્ર સૃષ્ટિમાં સંતુલન જાળવનારો બને છે. એ સ્વયં આંતરિક રીતે શાંત હોય છે અને સ્વયંની અંદરથી પ્રસરતી શાંતિને કારણે બહાર પણ શાંતી ફેલાવે છે આવું ધ્યાન ધરનાર તત્કાળ શાંતીનો સ્થાપક બને છે. એનું અસ્તિત્વ જ શાંતિને સ્થાપનારૂં બને છે, એને માટે જગતમાં કાંઈ કહેવાપણું રહેતું જ નથી. એની હાજરીમાં વિવાદ ખડો જ નથી થતો, બધા પ્રકારની અશાંતિ થંભી જાય છે – જેનું કારણ એણે કરેલ ઉકાર ઉચ્ચારણથી જાગૃત અને સુષુપ્તિની વચ્ચેના સમન્વયવાળું, કરેલું ધ્યાન છે.

નાસ્યાબ્રહ્મવિત કલે ભવતિઃ

એટલું જ નહીં પરંતુ આ ધ્યાન એટલું બધુ શુધ્ધિકર છે, અને તે ધ્યાન કરનાર તેમજ તેની સાથે જોડાએલા બધા લોકોને એવી અસર કરનારૂં છે – કે એના કુટુંબમાં કોઈપણ બ્રહ્મને ન જાણનારાનો જન્મ જ નથી થતો. એના કુટુંબમાં બધાજ બ્રહ્મવિદ-બ્રહ્મને જાણનારા જ હોવાના – જે આવા ધ્યાનના પરિણામ સ્વરૂપ હોય છે. એના રક્તની એટલી બધી શુધ્ધિ થઈ જાય છે કે એના શરીરનો એક એક કણ પરમ ભૌતિક જ્ઞાન વડે પ્રચુર બને છે – જેને પરિણામે એને ત્યાં જન્મનાર કોઈપણ બાળ મૂર્ખ નથી નિવડતો – સાચા અર્થમાં એક બાળક કેવું હોય છે? એ તમે જ છો – સ્વતઃ તમે પુનર્જન્મ પામો છો. આત્મા વૈ પુત્રનામા અસીઃ તમે જ તમારા પુત્રરૂપે પુનર્જન્મ પામો છો અને તમારૂં બધું જ્ઞાન એ બાળક સુધી પહોંચે છે, અને તમે કરેલા આવા ધ્યાન પરિણામે જ્યારે એની અસર થાય છે ત્યારે તમારામાં ભરપુર જ્ઞાન આવે છે; તમે સ્વયં જ્ઞાનમય બની જાઓ છો. વાસ્તવમાં તો એ તમારૂં શરીર નથી હોતું જે પુનર્જન્મ પામે છે – પરંતુ એ તમારૂં જ્ઞાન જ હોય છે જે પુનર્જીવીત થાય છે. બાળકના જન્મમાં તમે તમારા કેવળ ગુણો જ એને નથી આપતા પરંતુ તમે એને તમારું જ્ઞાન પણ આપો છો તમે આધ્યાત્મિક જ્ઞાનથી એટલા તો તરબતર – છલોછલ હો છો કે તમે કેવળ ભૌતિક શરીર હોતા જ નથી. તમારું ભૌતિક શરીર જ્ઞાનના બનેલ શરીરરૂપે જ કંપતુ હોય છે. આ જ્ઞાનની આવી શક્તિ હોય છે. કુટુંબ એ અન્ય કશું જ નહીં પરંતુ તમારા બાળકોની પેઢીઓ જ હોય છે, જે ઉપનિષદના જણાવ્યા પ્રમાણે કેવળ જ્ઞાનની જ પેઢીઓ હોવી જોઈએ. તેથી જે તમારી પેઢે તમારો વંશજો કેવળ શારિરીક બાળકોને હરોળ નહીં હોય પરંતુ કેવળ જ્ઞાનની જ એક પરંપરા બની જશ-

અમૃતસ્ય પુત્રઃ - આ ધ્યાનની આવી જાહોજલાલી છે.

ત્યારબાદ હવે સરખામણી થાય છે 'મ' કાર અને ચેતનાની સુષુપ્તિ અવસ્થાની

સુષુપ્તિસ્થાનઃ પ્રાજ્ઞો મકારસતૃતિય માત્રાઃ

મ-કાર એ ૐની ત્રીજી માત્રા છે, અને એની સરખામણી પ્રાજ્ઞ, જે આત્માનો ત્રીજો પાદ – કારણરૂપ પ્રગટીકરણ છે, તેની સાથે કરવામાં આવે છે.

મીતેય્અપીતેર્વાઃ – એ બધી જ વસ્તુઓનું માપ છે, અને એ બધી જ વસ્તુઓને પોતાનામાં સમાવી લે છે, જ્યારે આપણે ૐ ના મંત્રનો જાપ કરીએ છીએ ત્યારે અ-કાર અને ઉ-કાર આ મ-કારમાં સમાઈ જાય છે, જે રીતે જાગૃત અને સ્વપ્ન અવસ્થાની બધીજ વૃત્તિઓ – સુષુપ્તિ એટલે કે એક કારણ અવસ્થા પણ છે.

જે રીતે તમે તમારા જાપને મકારમાં પૂર્ણ કરો છો તે રીતે તમે તમારા બધાજ અનુભવોને સુષુપ્તિમાં સમાવી દો છો; અને ત્યારબાદ મકારની સમાપન કર્યા બાદ જ્યારે ૐનો જાપ દોહરાવો છો ત્યારે જાગૃત જીવન ફરી એકવાર સુષુપ્તિના અંશ રૂપે ફરી એકવાર શરૂ થાય છે અન તે જ જાગૃત થવાનું કારણ હોય છે.

આ રીતે એક અર્થમાં સુષુપ્તિ પણ જાગૃત અવસ્થાનું કારણ બને છે અને બીજી રીતે એ જાગૃત અવસ્થાનું પરિણામ પણ છે. જાગૃતિનું કારણ અધુરી ઈચ્છાઓ જે સુષુપ્તિમાં દબાએલી રહી ગઈ હોય છે તેમા થતી ચળવળને કારણે પણ હોઈ શકે. ત્યારે સુષુપ્તિ એ કારણ બને છે અને જાગૃત તેમજ સ્વપ્ન અવસ્થાના બધાજ અનુભવો તેનું પરિણામ હોય છે. જે રીતે બધી જ વસ્તુઓનું કારણ ઈશ્વર છે તે રીતે જ સુષુપ્તિ અવસ્થા પણ બાકીની બન્ને અવસ્થાનું કારણ બને છે.

આપણી જાગૃત અને સ્વપ્ન અવસ્થાનું એક રીતે એ કારણ બનતું હોય એવું જણાય છે, જેમ કે આપણે સુષુપ્તિમાંથી આપણી અધુરી ઈચ્છાઓને કારણે જાગૃત થતા હોઈએ છીએ આપણી બધી જ ઈચ્છાઓ જો સંતોષાય જાય, તો કદાચ એ સુષુપ્તિમાંથી ફરી કદી જાગીએ જ નહીં – આપણે જાગવું જ શા માટે જોઈએ? એને માટેનો આશય શું છે? ત્યાં કાંઈ વણ સંતોષાએલું કે અધુરું રહી ગયેલું કાર્ય હોય અને તેથી જ આપણ જાગૃત થઈએ છીએ.

પ્રારબ્ધ કર્મ આપણને અશાંત કરે છે આપણને પ્રવૃત્ત કરે છે, અને આ પદાર્થોના સંસારમાં ફરી જાગૃત કરે છે. આ રીતે એક અર્થમાં પ્રાજ્ઞા (સુષુપ્તિ) એ વિશ્વ (જાગૃત) અને તૈજસ (સ્વપ્ન)ના અનુભવોનું કારણ બને છે. પરંતુ જો બીજી રીતે જોઈએ પ્રાજ્ઞા (સુષુપ્તિ)ને પરિણામ સ્વરૂપ પણ જોઈ શકાય, કારણ પ્રાજ્ઞા એ અન્ય કશું નહીં પરંતુ ચેતનાની એવી અવસ્થા છે જ્યાં બધીજ વૃત્તિઓ, જે અધુરી અને અપ્રગટ રહી જાય છે, તે છૂપાઈને સુતી હોય છે, અને આ વૃત્તિઓ કાંઈજ નથી પરંતુ કેવળ જાગૃત અવસ્થાના અનુભવોની છાપ માત્ર છે – એ અર્થમાં સુષુપ્તિ અવસ્થા એ જાગૃત અવસ્થાનું પરિણામ માત્ર છે. ઓમનો મ-કાર પણ એ જ પ્રકૃત્તિવાળો છે. આપણે બન્ને રીતે કહી શકીએ કે જાપ મ-કારથી શરૂ થાય છે અથવા એ મ-કાર પર પૂર્ણ થાય છે, જ્યારે આપણે ૐ સતત જાપ કરતા હોઈએ છીએ, જે રીતે આપણે પ્રણવનો સતત અને સળંગ જાપ કરીએ છીએ એ જ રીતે આપણે સતત અને સળંગ જાગૃત અને સુષુપ્તિની અવસ્થાઓમાંથી પણ જરૂર પસાર થઈ શકીએ. સુષુપ્તિ અવસ્થા બધી જ વસ્તુઓનું માપ રાખે છે – કારણ એક રીતે જાગૃત અને સ્વપ્ન અવસ્થાનાં અનુભવો – જે આનંદમય કોષ (કારણ અવસ્થા)માં સંચિત કર્મના સ્વરૂપે થએલ છાપોનો સંગ્રહ છે – તે જ સ્વયંને સ્વપ્ન અવસ્થામાં પ્રગટ કરતા હોય છે. સંચિત કર્મો એ એવા અધુરા સંસ્કારો અને વાસનાઓનું જુથ છે જે સુષુપ્તિ અવસ્થા – પ્રાજ્ઞમાં હોય છે અને જે જાગૃત અને સ્વપ્ન અવસ્થાના અનુભવોરૂપે અંકૂરીત થાય છે.

આ અર્થમાં આપણે આપણાં અનુભવોને આપણી સુષુપ્તિ અવસ્થામાં સચવાએલી વૃત્તિઓને આધારે માપીએ છીએ. સ્વપ્ન અને જાગૃત અવસ્થાના અનુભવોનું માપ સુષુપ્તિમાં જોવા મળતી અધુરી વાસનાઓ-ઈચ્છાઓ અને સંસ્કારોની ગુણવત્તાને આધારે નક્કી થાય છે. આ રીતે અનુભવોનું એક માપ એમનો જથ્થો નક્કી થાય છે, એવી જ રીતે મ-કારને પણ જાપ પ્રક્રિયાનું એક પાત્ર જ ગણવામાં આવે છે. જે રીતે પાત્રમાંની વસ્તુનો આધાર પાત્ર હોય છે, તેવી જ રીતે એવું જણાય છે કે અ-કાર અને ઉ-કાર મ-કારમાં સચવાએલા રહે છે – એ જ મ-કાર જે જાપના અંતે

આવતો હોય છે. જે રીતે બધાજ અનુભવો સુષુપ્તિ અવસ્થામાં સમાઈ જતા હોય છે, તે મુજબ જ આપણે જ્યારે નિદ્રાધિન થઈએ છે ત્યારે આપણાં બધાજ પ્રયત્નો પણ થંભી જાય છે – શાંત પડે છે, અને પ્રણવનો જાપ પણ મ-કારની શરૂઆત થતાં વિરમી જાય છે. 'અ' અને 'ઉ' પોતાને 'મ'માં ડૂબાડી દે છે.

મિમોતિ હ વા ઈદમ્ સર્વમઃ

જે આ રીતે ધ્યાન ધરે છે તેનામાં બધી વસ્તુઓનું માપ લેવાની, બધી વાતોનો તાગ મેળવવાને – બધું જ જ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતા આવે છે – એ સર્વજ્ઞ બને છે. એ સ્વયં ઈશ્વર બની જાય છે. એ બધી જ વસ્તુઓનો માપદંડ બને છે; એ આ સૃષ્ટિના બધાજ પદાર્થોને ઓળખવાની આધારશીલા બને છે. બધી જ વાતો અંગે એને જ પૂછાય છે; એણે કોઈને કાંઈપણ પૂછવું પડતું નથી. એ સમગ્ર સૃષ્ટિનું કેન્દ્ર બને છે. બ્રહ્માંડના બધા જ અનુભવોનું મધ્યબિંદુ.

અપીતિશ્ચ ભવતિઃ બધું જ એનામાં સમાઈ જાય છે; ભાગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં જે રીતે કહેવાયું છે તેમ, જે રીતે નદી સાગરને મળે છે તે રીતે સમગ્ર સૃષ્ટિ એનામાં મળી જાય છે. ઈશ્વર એ સમગ્ર સૃષ્ટિને પોતાનામાં સમાવનારો છે. અને જ્યારે તમે પોતે ઈશ્વર બનો છો ત્યારે, સમગ્ર સૃષ્ટિ તમારામાં સમાઈ જાય છે. પ્રજ્ઞા અને મ-કારની એકરૂપતાનું ધ્યાન ધરતાં તમે આવી અવસ્થામાં પહોંચો છો, જે પ્રણવની કારણ અવસ્થા છે અને ચેતનાની પણ કારણ અવસ્થા છે, એ વ્યક્તિગત અને વૈશ્વિક એમ બન્ને સ્તરે જોવા મળે છે.

હવે આપણે જોયું કે આત્માની ત્રણ તુલનાત્મક સ્થિતિઓ છેઃ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ-ૐ અથવા પ્રણવના ઉચ્ચારણો – અ-કાર, ઉ-કાર અને મ-કારને પણ એવીજ ત્રણ તુલનાત્મક સ્થિતિઓ ગણાવી શકાય.

પરંતુ જે રીતે આત્માની એક અતિક્રમી જતી અવસ્થા પણ છે જેનું વર્ણન આ મુજબ કરવામાં આવ્યું છેઃ નાંતઃ પ્રાજ્ઞમ, ન બહિન પ્રાજ્ઞમ, ન ઉભયતઃ પ્રાજ્ઞમ – ઈ તેવી જ રીતે પ્રણવ અથવા ૐકારની પણ એક અતિક્રમી જતી સ્થિતિ છે જે મંત્ર કે ઉચ્ચારણમાં હોતી નથી, પરંતુ અમાત્ર અર્થાત કોઈપણ માપ કે ઉચ્ચારણ વિનાની હોય છે. જે રીતે આપણે આત્માને આ કે પેલા તરીકેનો નિર્દેશ નથી કરી શકતા, તેવી જ રીતે આપણે ૐની આ અમાત્ર સ્થિતિ વિશે પણ કોઈ નિર્દેશ આપી નથી શકતા, અને તેથી જ આ અમાત્ર સ્થિતિને / અવસ્થાને પણ આ કે પેલા તરીકે દર્શાવી નથી શકતા – એ અસ્તિત્વનું કંપન જરૂર છે – પરંતુ એમાં કોઈ અવાજ (ની સ્થિતિ) નથી અને એ કંપનનો કોઈ પદાર્થભાવ હોતો નથી.

એ ભૌતિક સૂક્ષ્મ અને કારણ એમ ત્રણે અવસ્થાઓને ઓળંગી જતી અવસ્થા છે – અતિક્રમી જતી અવસ્થા છે – અને એ માત્ર એવી કંપન નથી જે સૃષ્ટિને ગતિ આપે, એ કારણ અવસ્થા – જ્યાંથી સૃષ્ટિની ઉત્પત્તી થઈ – તેનાથી પણ વધુ સુક્ષ્મ છે. ઉપનિષદ આ અવસ્થાનું નામ પાડવા માટે કેવળ 'અમાત્ર' શબ્દનો ઉપયોગ કરે છે – જેનો અર્થ થાય માપી ન શકાય તેવું – જે રીતે આત્મા સમજી ન શકાય તેવો, સંબંધો વિનાનો, કલ્પી ન શકાય તેવો છે, તેવી જ સ્થિતિ ૐકારના અમાત્રની પણ છે, એ દરેક રીતે માપી ન શકાય તેવો છે.

આ ૐ એની ચોથી અથવા અતિક્રમી જતી અવસ્થામાં સ્વયં આત્મા જ છે. પ્રણવની એ અવાજ વિનાની – મૌન કે શાંત અવસ્થા છે જે સ્વયં અસ્તિત્વ છે, બધા જ ધ્વનિ અને કંપનો આ અસ્તિત્વમાં સમાઈ જાય છે, એ - અસ્તિત્વ એકમેવ- એકમાત્ર છે. આપણે એને અમાત્ર અવસ્થાવાળો પ્રણવ પણ કહી શકીએ અથવા અસ્તિત્વની અવર્ણનીય સ્થિતિવાળો આત્મા પણ કહી શકીએ – શુધ્ધ અસ્તિત્વ એ આ પ્રણવ અને આત્માનું એકબીજામાં સમાઈ જવું તે જ છે.

અમાત્રશ્ચતુર્થઃ અવ્યવહાર્યઃ-

પ્રણવની ચોથી અવસ્થાએ છે જેની સાથે આપણે કોઈપણ વ્યવહાર કરી ન શકીએ, જેવી રીતે આપણે પદાર્થો, શબ્દો કે ધ્વનિ સાથે ભાષાના ઉપયોગ તરીકેનો વ્યવહાર કરીએ છીએ.

પ્રપંચોપશમઃ – પ્રણવની આ ધ્વનિવિહિન અવસ્થામાં ધ્વનિ જગત આખું વિલીન થઈ જાય છે.

શિવોદ્વૈતઃ – એ સૌથી પવિત્ર – સૌથી ધન્ય અને આત્મા જેવું જ અદ્વૈત છે, અને એ કારણે એ સ્વયં જ આત્મા છે. એ આત્માનું જ અન્ય એક નામ છે. સૃષ્ટિ અને સર્જક અહીં એક થઈ જાય છે. ૐ અને આત્માનું આ મિલન (એકબીજામાં સમાઈ જવું) એ સૃષ્ટિ અને પરમતત્વના મિલન સમાન જ છે. અહીં કોઈ સર્જનશિલતા પણ નથી, કારણ અહીં કાંઈપણ સર્જાયું નથી. અહીં કોઈ ધ્વનિ પણ નથી. જે સૃષ્ટિનો પ્રથમ કંપ હોય. ધ્વનિ એક અવાજરહિત સ્થિતિએ પહોંચે છે, અને ત્યારબાદ એ અસંબંધ થઈ જાય છે.

સંવિશત્યાત્મનાત્માનઃ જે ગહન ધ્યાન દ્વારા આ રહસ્યને જાણી લે છે તે (પરમ) આત્મામાં (પોતાના) આત્મા વડે દાખલ થાય છે. આપણે આત્મામાં દાખલ થવા કોઈ બારણાંની આવશ્યકતા નથી – આત્મામાં દાખલ થવું હોય તો આપણાં આત્મા થકી જ એવું થઈ શકે. ત્યારે આપણું અસ્તિત્વ જ મટી જાય છે – અને આપણે આત્મામાં કપુરની જેમ ઓગળી જઈએ છીએ, અને આપણો આત્મા જ પેલો આત્મા બની જાય છે. ધ્વનિ પ્રણવમાં સમાઈ જાય છે; એ આત્મા બની જાય છે. અને કેવળ આત્માનું જ અસ્તિત્વ રહે છે. જ્યારે આત્મા- આત્મા દ્વારા જ - આત્મા બની જાય છે ત્યારે એને 'આત્મસાક્ષાત્કાર' કહેવામાં આવે છે. જેનો અર્થ થાય આત્માની પ્રાપ્તિ – આત્માની ઓળખ. બ્રહ્મસાક્ષાત્કાર પણ એ જ છે – બ્રહ્મની પ્રાપ્તિ.

જે આત્મા વ્યક્તિગત સ્તરે છે તેની દૃષ્ટિથી આ પ્રાપ્તિને આત્મસાક્ષાત્કાર તરીકે ઓળખવામાં આવે છે. જે આત્મા વૈશ્વિકસ્તરે છે તેની દૃષ્ટિથી આજ પ્રાપ્તિને આપણે બ્રહ્મસાક્ષાત્કાર તરીકે ઓળખીએ છીએ – એ જ આત્મપ્રાપ્તિ અને ઈશ્વર-પ્રાપ્તિ એક સાથે છે – એ જ અસ્તિત્વ છે, એ જ ચેતના છે, એ જ સત્તા છે, એ જ પરમસુખ છે, એ જ પૂર્ણતા છે, એ જ અમૃત અવસ્થા છે, એ જ મોક્ષ છે, એ જ કૈવલ્ય છે. જીવનનો એ જ ધ્યેય છે, એ માર્ગનેજ માણ્ડૂક્ય ઉપનિષદમાં સુંદર રીતે વર્ણવવામાં આવ્યો છે.

આ માણ્ડૂક્ય ઉપનિષદ બાકીના બધાજ ઉપનિષદોના સાર સમાન છે, એક એવો અભ્યાસ અને જ્ઞાનનું એકત્રીકરણ છે જે સાધકની મુક્તિ માટે પર્યાપ્ત છે.

માણ્ડૂક્યમેકમએવાલમ મુમુક્ષુનામ વિમુક્તયે.

મુમુક્ષુની મુક્તિ માટે કેવળ માણ્ડૂક્ય ઉપનિષદ જ પર્યાપ્ત છે. જો એને યોગ્ય રીતે અનુભવમાં ઉતારવામાં આવે.

તમારે કેવળ એને સાંભળીને ભુલી જવાનું નથી. તમે અહીં માણ્ડૂક્ય ઉપનિષદના સ્પષ્ટિકરણ તેમજ એના ભવ્ય અર્થનો જાણ્યો છો – અને હું ઈચ્છું કે તમે એને તમારા મનમાં બેસાડો અને એને તમારા રોજીંદા જીવનનું એક અંગ બનાવો. આ જ્ઞાન જે ખૂબજ વિરલ અને અસામાન્ય છે તથા એને મેળવવું પણ અઘરૂં છે તે એળે ન જાય. એને ફેંકી ન દેશો. તમે એને માટે પ્રયત્નો કરશો તો પણ આવું જ્ઞાન મેળવવું ખુબજ કપરૂં છે. આ જગતની આ અમૂલ્ય ધરોહર છે; અને જ્યારે તમને એ મળે છે તો એને ખોશો નહીં – અને એ તમારી પાસે છે તે વાતને ભૂલશો નહીં. એને ઉંડા ચિંતન સાથે તમારા હૃદયમાં ઉતારી લો, આ જગતમાના તમારા રોજીંદા જીવનનું એને આગવું અંગ બનાવી દો, જેથી તમારૂં જીવન એક દિવ્યજીવનમાં પલટાઈ જાય, જેથી તમે આ જગતમાં એક જીવતી, જાગતી, હરતી ફરતી દિવ્યતા બની જાઓ, અને તમારા અસ્તિત્વથી સર્વત્ર શાંતીનો પ્રસાર કરો. જેથી તમે આ પૃથ્વી પરના ભૂદેવ બનો.

એ જ ખરો બ્રાહ્મણ છે, જે આ રહસ્યને જાણે છે, જેની પાસે આ જ્ઞાન છે, જે આજ્ઞાનને પોતાના જીવનમાં ઉતારે છે, જેને માટે આ જ્ઞાન મેળવવું અને તે મુજબનું કાર્ય કરવું એ બે વાતો અલગ નથી, આ જ્ઞાન જેમાં કર્મ અને જ્ઞાન ભેગા મળી તમને એક પિતાના શુભચ્છાભર્યા આલિંગનની યાદ અપાવે, જેમાં વિચાર અને વર્તન વચ્ચે કોઈ ઘર્ષણ કે ફરક નથી, જ્યાં જીવન જ ઈશ્વરપ્રાપ્તિનું સાધન બને છે, જ્યાં કાર્ય એ જ ઈશ્વર ચેતના અને ધ્યાન પુજા બને, જ્યાં એનું પોતાનું જ અસ્તિત્વ સમગ્ર સંસાર માટે આશિર્વાદ સમું બને, જ્યાં એનું જીવન જ એક શિક્ષણ બની જાય – જ્યાં એનો દાખલો અનુસરણીય બને, અને જ્યાં એ આ અજગતમાં ઈશ્વરનો પ્રતિનિધિ બને.

આ માણ્ડૂક્ય ઉપનિષદનો મહાન ઉપદેશ છે, અને મારી પ્રભુને પ્રાર્થના છે, કે તમને આવું બધું ન જ્ઞાન યાદ રહે તેવા આશિર્વાદ મળે, કે તમે અને તમારા રોજીંદા જીવનમાં કદીએ ન ભૂલો. છાંદોગ્ય ઉપનિષદે જણાવ્યા અનુસાર પણ આ એક અદ્‌ભુત જ્ઞાન છે, જેની સરખામણી આ આખા સંસારના સમગ્ર ખજાના સાથે કરી શકાય. આ જ્ઞાન આખી દુનિયાની બધીજ સંપત્તિથી પણ વધુ મહાન છે, એ માનવતાને એના મર્યાદિત જીવનમાંથી બચાવનાર સહાય છે, એ મોક્ષ, અમૃત અસ્તિત્વ અને તમારા જીવનના મહાન લક્ષ્યને પ્રાપ્ત કરાવતું પ્રત્યક્ષ સાધન છે.

**અથ ૐ**

For More Free Gujarati E-books,

Go To

Aksharnaad.com

E-book Download Section

http://aksharnaad.com/downloads